सत्यमेव जयते

## ગુજરાત વિધાનસભા

# અસંસદીય શબ્દો અને શબ્દપ્રયોગોની યાદી

## (૧૯૬૦થી ૨૦૧૭)





**ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર**

सत्यमेव जयते

# ગુજરાત વિધાનસભા

# અસંસદીય શબ્દો અને શબ્દપ્રયોગોની યાદી

# (૧૯૬૦થી ૨૦૧૭)


## ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
## ગુજરાત વિધાનસભા સચિવાલય
## ગાંધીનગર

Hb-332-1 (Acer-2)

# આમુખ

વિધાનસભા ગૃહમાં આપણી ભાષા આપણું ગૌરવ બને છે અને આપણો સંસદીય વિવેક એ વિધાનસભાની શોભા વધારે છે અને એટલા માટે જ વિધાનસભા ગૃહમાં સભ્ય તરીકે ચર્ચામાં ભાગ લેતા સભ્ય એક આદર્શ વ્યક્તિત્વ તરીકે તેની ભાષા, ભાવ અને વિવેકના દર્શન એ વિધાનસભામાં ગૌરવ વધારે છે અને ગુજરાત વિધાનસભાએ આ ગૌરવને ખૂબ સારી રીતે પ્રસ્થાપિત કર્યું છે. સન ૧૯૬૦ થી ૨૦૧૭ સુધીના ૫૭ વર્ષનો અસંસદીય શબ્દોનો સંગ્રહ પ્રગટ કરતી વખતે પહેલી વિધાનસભાથી તેરમી વિધાનસભાના અધ્યક્ષશ્રીઓએ આ ૪૩૯ શબ્દો અસંસદીય તરીકે ઠરાવ્યા છે.

આ સંકલિત પુસ્તક પ્રગટ કરવા પાછળનો હેતુ એ છે કે, માનનીય સભ્યશ્રીઓ ભૂલથી પણ આવા શબ્દોનું ઉચ્ચારણ ન કરે અને વિધાનસભા ગૃહનું ગૌરવ વધારે. આજે પણ આપણે ત્યાં આવા શબ્દપ્રયોગોનો ઉપયોગ ખૂબ જ ઓછા પ્રમાણમાં થાય છે, તે વિધાનસભાનું પ્રસ્થાપિત ગૌરવ છે અને તે ગૌરવ જાળવવાની આપણા સૌની જવાબદારી છે.

**રાજેન્દ્ર ત્રિવેદી**
અધ્યક્ષ
ગુજરાત વિધાનસભા

તારીખઃ ૧-૮-૨૦૧૮
ગાંધીનગર.

# અનુક્રમણિકા


| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| | **અ** | ૧ થી ૪ |
| ૧. | અખાડા કરવા | |
| ૨. | અતિ વાચાળ | |
| ૩. | અમુલના ભાવ વધી જશે. | |
| ૪. | અલીબાબા અને ૪૦ ચોર | |
| ૫. | અહીંયા જે અધિકારીઓ હાજર છે એ નોંધ લે | |
| ૬. | અધ્યક્ષશ્રી સચિવશ્રીની સલાહ લેવા સક્ષમ છે. | |
| ૭. | અન્યના તો એક વાંકા આપના તો અઢાર છે. | |
| ૮. | આદતનો એક ભાગ છે. | |
| ૯. | આદત સે મજબૂર | |
| ૧૦. | આ જે કરવામાં આવ્યું છે તે વિરોધપક્ષના સભ્યો તરફથી કરવામાં આવ્યું છે. | |
| ૧૧. | આડેપાટે વાત ચડાવવી | |
| ૧૨. | આદિવાસીઓની લંગોટી | |
| ૧૩. | આપ મૂંગા બેઠા રહો | |
| ૧૪. | આપ લોગ ગદ્દાર હે. આપ લોગ લોગો કે વિશ્વાસ કા વિશ્વાસઘાત કરતે હૈ | |
| ૧૫. | આપે મને અન્યાય કર્યો હતો. | |
| ૧૬. | આ સુફિયાણી વાતો | |
| ૧૭. | આંખમાં કમળો હોય તો પીળું દેખાય. | |
| ૧૮. | આત્માનો અવાજ | |
| ૧૯. | એક નંબરના ગુનેગાર | |
| ૨૦. | એક લાશ બોલી | |
| ૨૧. | એ જ ગેંગો દલાલોની જે ગેંગો ચાલે છે. | |
| ૨૨. | એ મરેલાં માણસોના ભૂત વળગ્યાં છે. | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| ૨૩. | એમના મોઢા મારે જોવા નથી. | |
| ૨૪. | એમની નીચે રેલો આવે છે. | |
| | **ઈ** | ૪ |
| ૨૫. | ઈરાદાપૂર્વક | |
| ૨૬. | ઈટાલીની વ્યકિત | |
| | **ઉ** | ૫ |
| ૨૭. | ઉતારી પાડવા | |
| ૨૮. | ઉલ્લુ | |
| ૨૯. | ઉહાપોહ | |
| ૩૦. | ઉઠાંતરી અને ઠોઠ નિશાળીયો | |
| | **ક** | ૫–૧૩ |
| ૩૧. | કઠપૂતળી | |
| ૩૨. | કમબખ્તો | |
| ૩૩. | કરતુત | |
| ૩૪. | કમળો હોય તો વાંધો નહિં પણ બધાય આંધળા હોય છે. | |
| ૩૫. | કલંકરૂપ | |
| ૩૬. | કહેવાતી બહુમતી | |
| ૩૭. | કાગારોળ | |
| ૩૮. | કાગારોળ કરો છો | |
| ૩૯. | કાચીંડા | |
| ૪૦. | કાચીંડાની જેમ રંગ બદલે છે. | |
| ૪૧. | કાચું બાફ્યુ | |
| ૪૨. | કાટલા | |
| ૪૩. | કાદવ ઉછાળ્યો | |
| ૪૪. | કાયર સરકારે | |
| ૪૫. | કાયરતા | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| ૪૬. | કાવતરું | |
| ૪૭. | કાવાદાવા | |
| ૪૮. | કાઉં કાઉં | |
| ૪૯. | કાળોચોર | |
| ૫૦. | કાળાબજારીયા, કૌભાંડીઓ, કટકીબાજો. | |
| ૫૧. | કાળો કાયદો | |
| ૫૨. | કારસો રચવો, કારસો પૂરવા | |
| ૫૩. | કપોળ કલ્પિત વાર્તા | |
| ૫૪. | કોણીએ ગોળ ચોંટાડવો | |
| ૫૫. | કોંગ્રેસીયા | |
| ૫૬. | કુચેષ્ઠા | |
| ૫૭. | કુટિલ | |
| ૫૮. | કુધારા | |
| ૫૯. | કુપાત્ર ને દાન | |
| ૬૦. | કુરિયને ગુજરાતના પુરવઠા ખાતાના તમામ બંધનો અને કાયદા ઠપકારી મારેલા | |
| ૬૧. | કુલડીમાં ગોળ ભાંગવો | |
| ૬૨. | કુલડીમાં ગોળ ભંગાય છે. | |
| ૬૩. | કૂતરા જેવી લાલચ | |
| ૬૪. | કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી. | |
| ૬૫. | કૂતરા બિલાડા જેવું છે. | |
| ૬૬. | ‘કેટલું ભેગું કરવા ઇચ્છે છે’ એ મારે જાણવું છે. | |
| ૬૭. | કેન્દ્ર સરકાર વિશ્વબેંકની દાસી છે. | |
| ૬૮. | કોઇ પાગલ માણસ રેઇઝ કરે અને કોર્ટ સ્ટે આપી દે. | |
| ૬૯. | કોંગ્રેસ પક્ષના ભ્રષ્ટાચારી સભ્યો | |
| ૭૦. | કોંગ્રેસમાં મોટે ભાગે દારુ પીવાવાળા છે. | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| ૭૧. | કોણીએ ગોળ ચોંટાડીને ધવરાવ્યે રાખવાનો | |
| ૭૨. | કોમવાદી | |
| | **ખ** | ૧૩–૧૪ |
| ૭૩. | ખંડનાત્મક દ્રષ્ટિ | |
| ૭૪. | ખેડૂતો બદમાશ છે | |
| ૭૫. | ખેલ | |
| ૭૬. | ખોટી અને છેતરામણી માગણીઓ | |
| ૭૭. | ખોટી ચર્ચા | |
| ૭૮. | ખોટી રજૂઆતો | |
| ૭૯. | ખોટું | |
| ૮૦. | ખોટું બોલવાની આખા રાજયની જાણે હોલસેલ એજન્સી રાખી હોય | |
| ૮૧. | ખોટો સમય બગાડ્યો | |
| | **ગ** | ૧૪ થી ૧૮ |
| ૮૨. | ગટર ઈન્સ્પેકટર | |
| ૮૩. | ગઠિયો | |
| ૮૪. | ગપ્પાં મારે છે | |
| ૮૫. | ગપ્પાં મારવાં | |
| ૮૬. | ગરબડ અને ગોટાળા | |
| ૮૭. | ગરીબોને છેતરનારી સરકાર | |
| ૮૮. | ગલત | |
| ૮૯. | ગતાગમ | |
| ૯૦. | ગતકડા | |
| ૯૧. | ગાય દોહીને કૂતરાને પીવડાવવું | |
| ૯૨. | ગાંડપણ | |
| ૯૩. | ગાંધીજીના નાલાયક કપૂતો | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| ૯૪. | ગીલ્ટી માઈન્ડ | |
| ૯૫. | ગુમરાહ | |
| ૯૬. | ગુલબાંગો | |
| ૯૭. | ગુનાહિત માનસનું પ્રતિબિંબ છે. | |
| ૯૮. | ગુનેગારના વકીલ | |
| ૯૯. | ગુંડાની સરકાર | |
| ૧૦૦. | ગુંડાગીરી | |
| ૧૦૧. | ગેરસમજ ઉભી કરવા માટે | |
| ૧૦૨. | ગેરકાયદેસર દાદાગીરી | |
| ૧૦૩. | ગેરમાર્ગે દોરનારી છે અથવા અસત્ય છે. | |
| ૧૦૪. | ગેરસમજવાળું પ્રવચન | |
| ૧૦૫. | ગોબેલ્સને પણ શરમાવે એવું બોલે છે | |
| ૧૦૬. | ગૃહનો વખત બગાડે | |
| ૧૦૭. | ગોબેલ્સ અને જૂઠાણા | |
| ૧૦૮. | ગોલમાલ | |
| | **ઘ** | ૧૮ થી ૧૯ |
| ૧૦૯. | ઘટિયા | |
| ૧૧૦. | ઘાસભાજી | |
| ૧૧૧. | ઘુવડ | |
| ૧૧૨. | ઘેટાંના ટોળાં | |
| | **ચ** | ૧૯ થી ૨૨ |
| ૧૧૩. | ચક્કર આવી જશે | |
| ૧૧૪. | ચમચા | |
| ૧૧૫. | ચમચાઓ | |
| ૧૧૬. | ચમચાગીરી | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| ૧૧૭. | ચડી બેઠી છે | |
| ૧૧૮. | ચરી ખાનાર | |
| ૧૧૯. | ચરી ખાવાનું ક્ષેત્ર | |
| ૧૨૦. | ચરી ગયા છે. | |
| ૧૨૧. | ચરી ખાવાની વાતો | |
| ૧૨૨. | ચર્ચાનું નાટક | |
| ૧૨૩. | ચાટણ કરે છે. | |
| ૧૨૪. | ચાવવાના અને દેખાડવાના એ જુદા છે | |
| ૧૨૫. | ચાઉ | |
| ૧૨૬. | ચીટીંગ | |
| ૧૨૭. | ચેનચાળા | |
| ૧૨૮. | ચૌદ વર્ષનો વનવાસ | |
| ૧૨૯. | ચોર | |
| ૧૩૦. | ચોર કોટવાળને દંડે | |
| ૧૩૧. | ચોરો કી બારાત | |
| ૧૩૨. | ચુડેલ | |
| ૧૩૩. | ચીંથડા ઉડાડવા | |
| | **છ** | ૨૩ થી ૨૫ |
| ૧૩૪. | છળકપટ | |
| ૧૩૫. | છીછરાપણું અને આછકલાઇ | |
| ૧૩૬. | છૂટાછેડા | |
| ૧૩૭. | છેતરપિંડી | |
| ૧૩૮. | છેતરીને આવી છે | |
| ૧૩૯. | છેતરી રહ્યા છે | |
| ૧૪૦ | છેતરવું | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| | **જ** | ૨૫ થી ૨૯ |
| ૧૪૧ | જખ | |
| ૧૪૨ | જમાત અને ઉહાપોહ | |
| ૧૪૩ | જાણીબૂજીને ગેરહાજર રહ્યાં છે. | |
| ૧૪૪ | જીલબ્બે કરનારા | |
| ૧૪૫ | જીહજૂરિયા | |
| ૧૪૬ | જૂઠ્ઠા | |
| ૧૪૭ | જૂઠ્ઠો□ | |
| ૧૪૮ | જૂઠાણું | |
| ૧૪૯. | જૂઠાણાં ફેલાવવાં | |
| ૧૫૦. | જૂઠ્ઠી સરકાર | |
| ૧૫૧. | જૂઠ્ઠી જૂઠ્ઠી વાતો કરીને લોકોને ભરમાવવાની વાતો કરે છે. | |
| ૧૫૨. | જૂઠ્ઠી વાતો | |
| ૧૫૩. | જૂઠ્ઠું | |
| ૧૫૪. | જૂઠ્ઠું તૂત | |
| ૧૫૫. | જૂઠ્ઠું બોલવાની જૂની આદત | |
| ૧૫૬. | જૂના જમાનાની એક રેકર્ડ છે. | |
| ૧૫૭. | જોડા મારે છે. | |
| | **ટ** | ૨૯ |
| ૧૫૮. | ટોર્ચર | |
| | **ઠ** | ૨૯ |
| ૧૫૯. | ઠપકો આપવાનો એક જાતનો ખેલ કરવામાં આવે છે. | |
| ૧૬૦. | ઠોકી બેસાડ્યું | |
| | **ડ** | ૩૦ થી ૩૨ |
| ૧૬૧. | ડખલગીરી | |
| ૧૬૨. | ડબડબ | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| ૧૬૩. | ડફણા મારવા | |
| ૧૬૪. | ડંફાસ | |
| ૧૬૫. | ડાકુ | |
| ૧૬૬. | ડાહી સાસરે ન જાય અને ગાંડીને શિખામણ આપે. | |
| ૧૬૭. | ડાહી સાસરે ન જાય | |
| ૧૬૮. | ડાંડાઇ | |
| ૧૬૯. | ડાંડોનું રાજ | |
| ૧૭૦. | ડીંડક | |
| ૧૭૧. | ડીંડવાણું | |
| ૧૭૨. | ડોબું વેચીને ડફોળ | |
| ૧૭૩. | ડોળ | |
| | **ઢ** | ૩૨ |
| ૧૭૪. | ઢોંગ | |
| ૧૭૫. | ઢોંગી સરકાર | |
| ૧૭૬. | ઢંગધડા વિના | |
| | **ત** | ૩૩ થી ૩૫ |
| ૧૭૭. | તડીપાર થયા હોય, ઉતારમાં ઉતાર હોય, ગુંડા હોય, ડાકુ હોય, ડિંબોચર હોય સામાન્ય આમને તો ના ચાલે. | |
| ૧૭૮. | તમાશો | |
| ૧૭૯. | તમારા બાપની પેઢી છે. | |
| ૧૮૦. | તમારા પૂર્વજો | |
| ૧૮૧. | તમારા શાસનમાં કોઇ બાપો પૂછવા નહોતું આવતું | |
| ૧૮૨. | તમારું શકોરું કરવાનું છે. | |
| ૧૮૩. | તમે દારૂડિયા છો | |
| ૧૮૪. | તરાપ મારવી | |
| ૧૮૫. | તોડપાણી, તોડ | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| ૧૮૬. | તાયફા | |
| ૧૮૭. | તંગડી ઉંચી રાખવી | |
| ૧૮૮. | તું તો છાનો માનો બેસ | |
| ૧૮૯. | તુચ્છ | |
| | **દ** | ૩૫ થી ૩૯ |
| ૧૯૦. | દગો | |
| ૧૯૧. | દલાલ | |
| ૧૯૨. | દલાલી | |
| ૧૯૩. | દલા તરવાડીની નીતિ | |
| ૧૯૪. | દલા તરવાડી | |
| ૧૯૫. | દાનત હોવી | |
| ૧૯૬. | દંભ | |
| ૧૯૭. | દંભ અને આડંબર | |
| ૧૯૮. | દંભ અને છેતરપિંડી | |
| ૧૯૯. | દંભી | |
| ૨૦૦. | દાદાગીરી | |
| ૨૦૧. | દેકારો | |
| ૨૦૨. | દેખાડવાના અને ચાવવાના જુદા | |
| ૨૦૩. | દેવાળું | |
| ૨૦૪. | દ્વેષબુદ્ધિથી મનસ્વી નિર્ણય સરકારે લીધો છે. | |
| ૨૦૫. | દેશદ્રોહી કહેવું | |
| | **ધ** | ૪૦ |
| ૨૦૬. | ધતિંગ | |
| ૨૦૭. | ધાડ | |
| ૨૦૮. | ધારાસભ્યો જે સામે બેઠેલા છે. એવા ગુનેગારો અહીંયાં બેઠા છે. | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| | **ન** | ૪૦ થી ૪૫ |
| ૨૦૯. | નગારાં પીટે છે. | |
| ૨૧૦. | નગ્ન નાટકો | |
| ૨૧૧. | નટમંડળ | |
| ૨૧૨. | નપાણીયા સરકાર | |
| ૨૧૩. | નરી કાયરતા અને હલકટપણું | |
| ૨૧૪. | નથુરામ ગોડસે | |
| ૨૧૫. | નબળી  સરકાર | |
| ૨૧૬. | નાગઈ | |
| ૨૧૭. | નાચવું નથી એટલે આંગણું વાંકું છે. | |
| ૨૧૮. | નાટક | |
| ૨૧૯. | નાટકીય ઢબે | |
| ૨૨૦. | નાટક વેડા | |
| ૨૨૧. | નાદાન અને નાપાક | |
| ૨૨૨. | નાદાનિયતનો નમૂનો | |
| ૨૨૩. | નાગપુર ટ્યુન | |
| ૨૨૪. | નીચ કક્ષા | |
| ૨૨૫. | નીચ હરકતો | |
| ૨૨૬. | નીચ વેડા | |
| ૨૨૭. | નિર્લજ્જ | |
| ૨૨૮. | નોનસેન્સ | |
| ૨૨૯. | ન્યાયનું એક નાટક | |
| | **પ** | ૪૫ થી ૫૦ |
| ૨૩૦. | પત્તર ફાડી નાંખી | |
| ૨૩૧. | પરચુરણ ધારાસભ્ય | |
| ૨૩૨. | પ્રજાના માનસને અવળે માર્ગે દોરવી. | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| ૨૩૩. | પાછલે બારણે વેપારનું લાયસન્સ ચલાવતા હશે એટલા માટે વિરોધ કર્યો હશે. | |
| ૨૩૪. | પાણીમાંથી પોરાં કાઢવાં | |
| ૨૩૫. | પુરૂષ પણ ન હોય અને સ્ત્રી પણ ન હોય | |
| ૨૩૬. | પૂંછડું નથી | |
| ૨૩૭. | પેટમાં દુઃખતું હોય | |
| ૨૩૮. | પેટમાં તેલ રેડાવું | |
| ૨૩૯ | પૈસા ઉઘરાવ્યા | |
| ૨૪૦. | પૈસાદારોના એજન્ટ | |
| ૨૪૧. | પોકળ વચનો અને જૂઠ્ઠી વાતો | |
| ૨૪૨. | પોતે જ સમજતા નથી | |
| ૨૪૩. | પોલિટીકલ દબાણ | |
| ૨૪૪. | પોલિટીકલ મૂડી | |
| ૨૪૫. | પોકળ | |
| ૨૪૬. | પોલંપોલ | |
| ૨૪૭. | પ્રજાને ઉલ્લુ બનાવે છે. | |
| ૨૪૮. | પ્રધાનો પોક મૂકીને રોતા હતા. | |
| ૨૪૯. | પ્રમાણિક મહેસૂલ મંત્રી આપે | |
| ૨૫૦. | પ્રવર સમિતિને અંધારામાં રાખીને મંત્રીશ્રીએ પોતાનું કામ કાઢી લીધું. | |
| ૨૫૧. | પ્રપંચ | |
| ૨૫૨. | પ્રપંચ અને કાવતરું | |
| ૨૫૩. | પ્રસિદ્ધિ નજરમાં રાખીને વાત કરે છે. | |
| ૨૫૪. | પ્રેસ ગેલેરી સામે જોઇને બોલવું | |
| ૨૫૫. | પ્રેસ સામે જોઇને વાત કરે છે. | |
| ૨૫૬. | પ્યાદું | |

| **ક્રમાંક** | **અસંસદીય શબ્દો** | **સંદર્ભ પાના નંબર** |
|---|---|---|
| ૨૫૭. | પગચંપી | |
| ૨૫૮. | પૂંછડી પટપટાવતા | |
| | **ફ** | ૫૦ |
| ૨૫૯. | ફાસિસ્ટ | |
| ૨૬૦. | ફાંસીના હુકમ જેવી વાત છે. | |
| ૨૬૧. | ફીફાં ખાંડો | |
| | **બ** | ૫૦ થી ૫૭ |
| ૨૬૨. | બકબક | |
| ૨૬૩. | બકવાસ | |
| ૨૬૪. | બખડજંતર | |
| ૨૬૫. | બગલ ઉંચી કરીને | |
| ૨૬૬. | બણગા ફૂકવા | |
| ૨૬૭. | બરાડા | |
| ૨૬૮. | બલા | |
| ૨૬૯. | બહારવટીયાની જેમ ગુજરાતને લૂંટે છે. | |
| ૨૭૦. | બળતરા | |
| ૨૭૧. | બળાપો | |
| ૨૭૨. | બતાવવાના જુદા અને ચાવવાના જુદા દાંત છે. | |
| ૨૭૩. | બાપની મિલકત | |
| ૨૭૪. | બાપનું કપાળ | |
| ૨૭૫. | બાલીશ પ્રયત્નો | |
| ૨૭૬. | બાબુ ભૈયાની ઓફિસનું ઉદ્‌ઘાટન એક મંત્રીશ્રીએ કરેલું | |
| ૨૭૭. | બ્રાહ્મણ ભીખ માગે અથવા મંગાવે | |
| ૨૭૮. | બિફૂલિંગ ધી હાઉસ | |
| ૨૭૯. | બિલકુલ ખોટું | |
| ૨૮૦. | બુદ્ધિનું વધારે પડતું પ્રદર્શન | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| ૨૮૧. | બુદ્ધિહીન | |
| ૨૮૨. | બૂમબરાડા | |
| ૨૮૩. | બૂમાબૂમ | |
| ૨૮૪. | બૂમો પાડે છે દેકારો કરે છે | |
| ૨૮૫. | બેજવાબદાર નિવેદનો | |
| ૨૮૬. | બેફામ રીતે | |
| ૨૮૭. | બે મોંઢાની | |
| ૨૮૮. | બેવફાઇ | |
| ૨૮૯. | બેશરમ | |
| ૨૯૦. | બોડી બામણીનું ખેતર | |
| ૨૯૧. | બ્રુટ મેજોરિટી | |
| ૨૯૨. | બણગા મારવા | |
| ૨૯૩. | બખેડો કરવો | |
| ૨૯૪. | બોગસ | |
| | **ભ** | ૫૭ થી ૫૮ |
| ૨૯૫. | ભાટાઇ | |
| ૨૯૬. | ભારતના એટર્ની જનરલને પણ કેટલા કાયદા થયા એની ખબર નહિ હોય. | |
| ૨૯૭. | ભાંડણ લીલા | |
| ૨૯૮. | ભાષણ ઠોકવા | |
| ૨૯૯. | ભુવો ધુણતો જોઇને વાત કરવી. | |
| ૩૦૦. | ભેંસ આગળ ભાગવત | |
| ૩૦૧. | ભીખ આપે | |
| ૩૦૨. | ભ્રમ ઉભો કરવો | |
| ૩૦૩. | ભ્રષ્ટાચારની ગંગોત્રી | |
| ૩૦૪. | ભ્રષ્ટાચારી | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| | **મ** | ૫૯ થી ૬૪ |
| ૩૦૫. | મગન માધ્યમ | |
| ૩૦૬. | મગરના આંસુ | |
| ૩૦૭. | મડદા પર રાજકીય લાભ | |
| ૩૦૮. | મફત કે ચંદન ઘસ બે લાલીયા | |
| ૩૦૯. | મતોના તૃષ્ટીકરણ | |
| ૩૧૦. | મરચાં લાગે છે | |
| ૩૧૧. | મહાત્મા ગાંધીજીના ખૂન સાથે સંકળાયેલા પક્ષ પાસેથી આપણે બીજી શું આશા રાખી શકીએ. | |
| ૩૧૨. | મહાત્મા ગાંધીજીનું ખૂન કરનાર આર.એસ.એસ.નું બીજું નામ જનસંઘ | |
| ૩૧૩. | મસાણમાં જઇને પણ ઉજાણી કરનારા અહીંયા છે. | |
| ૩૧૪. | મલીન ઈરાદો | |
| ૩૧૫. | મંત્રીશ્રી નાચી રહ્યા છે. | |
| ૩૧૬. | મંત્રીશ્રીઓના દીકરા | |
| ૩૧૭. | મંત્રીશ્રીને પૈસાની ઓફર કરવી. | |
| ૩૧૮. | માથા ઉપર | |
| ૩૧૯. | માનસિક સમતુલા | |
| ૩૨૦. | માને ભૂલી ગયા, માનું ધાવણ પણ ભૂલી ગયા | |
| ૩૨૧. | માલાફાઇડ | |
| ૩૨૨. | મીલી ભગત | |
| ૩૨૩. | મુખ મેં રામ બગલમાં છૂરી | |
| ૩૨૪. | મુખ્યમંત્રીશ્રીને સારું લગાડવાનો આશય છે. | |
| ૩૨૫. | મૂર્ખ બનાવે છે. | |
| ૩૨૬. | મેલી મથરાવટી | |
| ૩૨૭. | મૂંહ કાલા | |
| ૩૨૮. | મેંઢા | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| ૩૨૯. | મોડેસ ઓપરેન્ડી | |
| ૩૩૦. | માટીપગા | |
| | **ય** | ૬૪ |
| ૩૩૧. | યે લોગ બીકે હુએ હે ઉનકી આત્મા મર ચુકી હે, એક એકને પૈસા લિયા હે. | |
| | **ર** | ૬૫ થી ૬૮ |
| ૩૩૨. | રજવાડી શાહી | |
| ૩૩૩. | રાજકીય ખીચડી | |
| ૩૩૪. | રાજકીય મૂડી | |
| ૩૩૫. | રાજકીય રોટલો શેકવાનું બંધ કરો. | |
| ૩૩૬. | રાજકીય કિન્નાખોરી | |
| ૩૩૭. | રાજકીય લાભ | |
| ૩૩૮. | રાજકીય હેતુસર, રાજકારણ ખેલી | |
| ૩૩૯. | રાજહઠ | |
| ૩૪૦. | રાડો નાખે છે અને દેકારો કરે છે. | |
| ૩૪૧. | રાઇ ભરાઈ ગઇ છે. | |
| ૩૪૨. | રાક્ષસી પંજો | |
| ૩૪૩. | રાંડ્યા પછીનું ડહાપણ | |
| ૩૪૪. | રાંડેલી રુએ માંડેલી રુએ પણ સાત ભરથારવાળી પણ રુએ | |
| ૩૪૫. | રાષ્ટ્રીય અધ્યક્ષાનું ચૂંટણી ભાષણ | |
| ૩૪૬. | રોદણાં રોવા | |
| ૩૪૭. | રોલો | |
| ૩૪૮. | રોકડી કરે | |
| | **લ** | ૬૮ થી ૭૧ |
| ૩૪૯. | લઘુશંકા કરે | |
| ૩૫૦. | લપોડશંખ | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| ૩૫૧. | લાજવાના બદલે ગાજવાની | |
| ૩૫૨. | લાડીવાળા | |
| ૩૫૩. | લાંબી કસે ધવડાવવાનો. | |
| ૩૫૪. | લુચ્ચા અને હરામી | |
| ૩૫૫. | લંગોટી | |
| ૩૫૬. | લૂંટ | |
| ૩૫૭. | લૂંટવું | |
| ૩૫૮. | લૂંટ ચલાવી રહી છે. | |
| ૩૫૯. | લૂંટ અને છેતરપિંડી | |
| ૩૬૦. | લૂંટારા અને પીંઢારા | |
| ૩૬૧. | લુખ્ખા | |
| ૩૬૨. | લેભાગુની ટોળી | |
| ૩૬૩. | લોકશાહીની ઘોર ખોદવાનું કામ કરે છે. | |
| ૩૬૪. | લોકશાહીનું ખૂન કર્યું | |
| ૩૬૫. | લોકો | |
| ૩૬૬. | લોચાવાળું ભાષણ | |
| ૩૬૭. | લોહી ચૂસ્યું છે. | |
| ૩૬૮. | લોહીનો વેપાર | |
| ૩૬૯. | લોલીપોપ અને કોણીએ ગોળ | |
| ૩૭૦. | લાળ | |
| | **વ** | ૭૧ થી ૭૫ |
| ૩૭૧. | વડાપ્રધાનને ગેરમાર્ગે દોરવા પ્રવચનો કરો છો. | |
| ૩૭૨. | વર મરો, કન્યા મરો અને ગોરબાપાનું તરભાણું ભરો | |
| ૩૭૩. | વર્તમાનપત્રો કો નજર રખતે હુએ. | |
| ૩૭૪. | વલખાં | |
| ૩૭૫. | વાણી વિલાસ | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| ૩૭૬. | વાતને ચગાવવી | |
| ૩૭૭. | વામણાપણું | |
| ૩૭૮. | વાહિયાત | |
| ૩૭૯. | વિકૃત | |
| ૩૮૦. | વિકૃત માનસ | |
| ૩૮૧. | વિકૃત માનસનું વરવું પ્રદર્શન | |
| ૩૮૨. | વિદ્રોહ | |
| ૩૮૩. | વિધવા બામણીના ખેતર | |
| ૩૮૪. | વિરોધપક્ષના લોકો | |
| ૩૮૫. | વેશ્યા જ્યારે પતિવ્રતાની વાત કરે | |
| ૩૮૬. | વેશ્યાઓની દલાલી | |
| ૩૮૭. | વો દિલ્હી દરબાર મેં જાકર ભિખારીયાં કી તરહ વહાં પર હાથ ફૈલાતે હૈ. | |
| ૩૮૮. | વેપલો | |
| | **શ** | ૭૫ થી ૭૬ |
| ૩૮૯. | શરમ નથી આવતી. | |
| ૩૯૦. | શરમની વાત | |
| ૩૯૧. | શકોરું | |
| ૩૯૨. | શંભુમેળાની સરકાર ખીચડી સરકાર | |
| ૩૯૩. | શેતાનો બાઈબલને ટાંકવા નીકળ્યા છે. | |
| ૩૯૪. | શેરીઓમાં લડવાવાળા | |
| ૩૯૫. | શોભાના ગાંઠીયા | |
| ૩૯૬. | શોરબકોર | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| | **સ** | ૭૬ થી ૮૧ |
| ૩૯૭. | સકટનો ભાર જેમ શ્વાન તાણે | |
| ૩૯૮. | સરમુખત્યારશાહી વાળી સરકાર | |
| ૩૯૯. | સત્તાની દલાલી | |
| ૪૦૦. | સદંતર જૂઠ્ઠું બોલે છે. | |
| ૪૦૧. | સદંતર જૂઠ્ઠું | |
| ૪૦૨. | સનેપાત | |
| ૪૦૩. | સભ્યનું કેલીબર | |
| ૪૦૪. | સભાસદોના ઓઠા નીચે | |
| ૪૦૫. | સભ્યશ્રીઓના નાક ચડી ગયા. | |
| ૪૦૬. | સમય બગાડયો. | |
| ૪૦૭. | સરકારને કાંઇ બુદ્ધિ છે. | |
| ૪૦૮. | સસ્તી નેતાગીરી | |
| ૪૦૯. | સસ્તી લોકપ્રિયતા | |
| ૪૧૦. | સમય ઘણો ઓછો આપ્યો છે. | |
| ૪૧૧. | સફાળા અને જાગૃત અવસ્થા | |
| ૪૧૨. | સત્યથી તદ્દન વેગળા | |
| ૪૧૩. | સાઠે બુદ્ધિ નાઠી | |
| ૪૧૪. | સામંતશાહી | |
| ૪૧૫. | સામાન્ય વિવેક બુદ્ધિ નથી. | |
| ૪૧૬. | સિંદુર પૂર્યા ન હોય એને કોઇ બેનના દુઃખનો ખ્યાલ ન આવે. | |
| ૪૧૭. | સૂફિયાણીઓ શેખીખોર કઢીદાનજીઓની વરણી | |
| ૪૧૮. | સોદા અને દલાલી | |
| ૪૧૯. | સ્ટંટ | |
| ૪૨૦. | સ્માર્ટનેસ | |
| ૪૨૧. | સ્વમાન નથી | |
| ૪૨૨. | સ્ત્રીહઠ | |

| ક્રમાંક | અસંસદીય શબ્દો | સંદર્ભ પાના નંબર |
|---|---|---|
| | **ષ** | ૮૧ |
| ૪૨૩. | ષડયંત્ર | |
| | **હ** | ૮૧ થી ૮૪ |
| ૪૨૪. | હજામત | |
| ૪૨૫. | હજામત કરાવવી | |
| ૪૨૬. | હડકાયાં | |
| ૪૨૭. | હરખપદુડા | |
| ૪૨૮. | હલકટ મનોવૃત્તિ | |
| ૪૨૯. | હલાલ થઈ ગયા | |
| ૪૩૦. | હવાતિયાં મારે છે. | |
| ૪૩૧. | હળાહળ જૂઠ્ઠો | |
| ૪૩૨. | હાઉસ કી બાત સિર્ફ પેપરોમાં હી આતી હૈ. | |
| ૪૩૩. | હાથી ચાલ્યો જતો હોય અને ચારે બાજુથી કૂતરાં ભસતાં હોય છે. | |
| ૪૩૪. | હી ઈઝ ટોકીંગ નોનસેન્સ (તે નોનસેન્સ વાત કરે છે) | |
| ૪૩૫. | હીરો | |
| ૪૩૬. | હિંસક પ્રવૃત્તિ | |
| ૪૩૭. | હેરકટિંગ સલૂનનું ઉદ્ઘાટન | |
| ૪૩૮. | હિટલર, કીલર અને ગોબેલ્સ | |
| ૪૩૯. | હિટલર | |

# ગુજરાત વિધાનસભામાં અસંસદીય ઠરાવવામાં આવેલા શબ્દો અને શબ્દપ્રયોગોની યાદી

| **ક્રમાંક** | **અસંસદીય શબ્દ અથવા શબ્દ પ્રયોગ** | **શબ્દ અથવા શબ્દ પ્રયોગનો સંદર્ભ અને અધ્યક્ષશ્રીનો નિર્ણય** | **વિધાનસભા ચર્ચાઓની તારીખ, પુસ્તક નંબર અને પાના/કોલમ નંબર** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧. | અખાડા કરવા | ચર્ચા દરમિયાન, વિધાનસભાની બહારની બાબતને લક્ષમાં રાખી, ''વિધાનસભાની બહાર કોઈપણ પક્ષ 'અખાડા કરે' એમાં પણ તમને વાંધો છે? અહીંયા પણ કરવા છે?'' તેમ કહેવું અસંસદીય છે. | ૨૭-૨-૧૨ ત્રીજી શ્રેણી પુ.નં. ૧૬૩ પાના નં.૩૩૪ |
| ૨. | અતિવાચાળ | સભ્યશ્રી ''અતિવાચાળ'' છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૯-૨-૭૬ શ્રેણી-૧, પુ.૫૦ ભા.૨, કો.૭૭૪ |
| ૩. | અમુલના ભાવ વધી જશે. | બીજા સભ્યશ્રીના વકતવ્યને સંબોધીને એ સંબોધનથી ''અમુલના ભાવ વધી જશે''એમ કહેવું ઈચ્છનીય નથી. | તા. ૧૭-૨-૮૨ શ્રેણી૧, પુ.૭૬, ભા.૨, કો.૯૧૦ |
| ૪. | અલીબાબા અને ૪૦ ચોર | મંત્રીશ્રીઓને ''અલીબાબા અને ૪૦ ચોર'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૯-૨-૯૬ શ્રેણી-૩, પુ. ૧૧, પા. ૫૦૫-૫૦૭ |
| ૫. | અહીંયાં જે અધિકારીઓ હાજર છે એ નોંધ લે | પ્રવચન દરમિયાન સભાગૃહની ગેલેરીમાં બેઠેલા અધિકારીઓને નિર્દેશ કરીને ''અહીંયાં જે અધિકારીઓ હાજર છે એ નોંધ લે'' એમ કહેવું ઈચ્છનીય નથી. | તા. ૭-૨-૮૯ શ્રેણી-૨, પુ.નં.૪૧ પાના નં. ૭૦૩ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૬. | અધ્યક્ષશ્રી સચિવશ્રીની સલાહ લેવા સક્ષમ છે. | ''અધ્યક્ષશ્રી સચિવશ્રીની સલાહ લેવા સક્ષમ છે'' આમ કહી સભ્યશ્રી અધ્યક્ષશ્રીનું તથા તેમના પદનું અપમાન કરે તે બરાબર નથી. | તા. ૮-૩-૯૬ શ્રેણી-૩, પુ.નં.૧૫, પાના ૧૩૩-૧૪૦ |
| ૭. | અન્યના તો એક વાંકા આપના તો અઢાર છે. | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધપક્ષને ઉદ્દેશીને, ''અન્યના તો એક વાંકા આપના તો અઢાર છે.'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૮-૫-૦૪ શ્રેણી-૩, પુ.૧૦૫, પા.૧૮૬ |
| ૮. | આદતનો એક ભાગ છે. | સભ્યશ્રી તેમના પ્રવચનમાં બીજા સભ્યશ્રીના નિવેદનને ''એ એમની આદતનો એક ભાગ છે.'' એમ કહે તે બરાબર નથી. | તા. ૨૮-૧-૮૭ શ્રેણી-૨, પુ.૨૧ કો. ૧૦૩૩-૩૪ |
| ૯. | આદત સે મજબૂર | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં બોલતાં કહ્યું કે હેલ્ધી ડીસ્કશન થઇ શકે એ દ્રષ્ટિએ હું એને મુલવવા માગતો હતો પરંતુ કમનસીબે ''આદત સે મજબૂર'' આદતથી અને મજબૂરીથી ટેવાયેલા મારા મિત્રો એમ કહેવું ઇચ્છનીય નથી. | તા. ૨૧-૮-૮૬ શ્રેણી-૨, પુ.નં.૧૯ કો. ૨૬૫ |
| ૧૦. | આ જે કરવામાં આવ્યું છે તે વિરોધપક્ષના સભ્યો તરફથી કરવામાં આવ્યું છે. | પ્રેક્ષક ગેલેરીમાંથી સભાગૃહમાં કૂદકો મારીને પત્રિકાઓ વહેંચવાના એક યુવાનના કૃત્યને તે ''વિરોધ પક્ષના સભ્યો તરફથી કરવામાં આવ્યું છે'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૫-૬-૭૦ શ્રેણી-૧, પુ.૨૮, ભા.૨, કો. ૫૦૧-૫૦૨ |
| ૧૧. | આડેપાટે વાત ચડાવવી | મુખ્યમંત્રીશ્રી આડી અવળી વાતો કરીને ગુજરાતના લોકોને ''આડે પાટે ચડાવવાનો'' પ્રયાસ કરે છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૮-૮-૮૦ શ્રેણી-૧, પુ. ૬૮, ભા.૨, કોલમ-૫૭૮ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૨. | આદિવાસીઓની લંગોટી | ''આદિવાસીઓની લંગોટી'' છૂટતી નથી એમ કહેવું અસંસદીય છે. | તા. ૪-૭-૮૫ શ્રેણી-૨, પુ.નં.૪, કો. ૬૫૦-૬૫૧ |
| ૧૩. | આપ મૂંગા બેઠા રહો | એક સભ્યશ્રી પ્રવચન કરી રહ્યા હતા ત્યારે બીજા સભ્યશ્રી વચ્ચે વચ્ચે બોલતા હતા ત્યારે પ્રવચન કરી રહેલા સભ્યશ્રીએ કહ્યું કે ''આપ મૂંગા બેઠા રહો.'' સભ્યશ્રીએ અધ્યક્ષશ્રી પાસે રક્ષણની અને દખલ ન થાય તેવી માંગણી કરી. ''આપ મૂંગા બેઠા રહો'' શબ્દ પ્રયોગ ઇચ્છનીય નથી. | તા. ૧૧-૩-૯૬ શ્રેણી-૩, પુ. નં. ૧૫ પાના નં. ૪૫૪ |
| ૧૪. | આપ લોગ ગદ્દાર હે. આપ લોગ લોગો કે વિશ્વાસ કા વિશ્વાસઘાત કરતે હૈ | મતદારોની બાબતમાં ''આપ લોગ ગદ્દાર હે. આપ લોગ લોગો કા વિશ્વાસઘાત કરતે હૈ'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૩૦-૬-૮૮ શ્રેણી-૨, પુ.નં. ૩૬ પાના નં. ૨૪૨-૨૪૩ |
| ૧૫. | આપે મને અન્યાય કર્યો હતો. | ''આપે, મને અન્યાય કર્યો હતો'' એમ અધ્યક્ષશ્રીને સંબોધીને કહેવું અસંસદીય છે. | તા. ૨૧-૬-૯૦ શ્રેણી-૨, પુ. ૫૪, પાના નં. ૪૦૩ |
| ૧૬. | આ સુફિયાણી વાતો | ૨૦.૬ ટકાની જે ''સુફિયાણી વાતો'' રજૂ કરવામાં આવી એ શબ્દ પ્રયોગ ઇચ્છનીય નથી. | તા. ૮-૩-૯૧ શ્રેણી-૨, પુ.૬૪ પાના નં.૧૧૭૯-૮૦ |
| ૧૭. | આંખમાં કમળો હોય તો પીળું દેખાય. | ''આંખમાં કમળો થયો હોય એને બધું પીળું દેખાય'' એમ સભ્યશ્રીને અનુલક્ષીને કહેવું ઇચ્છનીય નથી. | તા. ૧૯-૨-૮૨ શ્રેણી-૧, પુ. ૭૬, ભા.૨, કો. ૧૧૪૨ |
| ૧૮. | આત્માનો અવાજ | સભ્યશ્રી પોતાના ''આત્માના અવાજ'' મુજબ લાગણી વ્યકત કરી શકયા નથી એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૬-૭-૮૨ શ્રેણી-૧, પુ. ૭૯, ભા.૨, કો. ૧૪૪૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૯. | એક નંબરના ગુનેગાર | સભાગૃહના એક માનનીય સભ્યે બીજા માનનીય સભ્યને ''એક નંબરના ગુનેગાર'' કહેવા અને પોતાને બીજા નંબરના ગુનેગાર કહેવા તે અસંસદીય છે. | તા. ૫–૩–૬૪<br>શ્રેણી–૧,<br>પુ. ૧૧<br>ભા.૨,<br>પાના નં. ૬૪૦ |
| ૨૦. | એક લાશ બોલી | ગૃહમાં સભ્યશ્રી બોલતા હોય ત્યારે એમ કહેવું કે ''એક લાશ બોલી રહી હોય'' એવું લાગે છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૭–૬–૮૫<br>શ્રેણી–૨<br>પુ. ૩, કો. ૪૭૧ |
| ૨૧. | એ જ ગેંગો દલાલોની જ ગેંગો ચાલે છે. | સભ્યશ્રી મંત્રીશ્રીને ઉદ્દેશીને કહે કે તેમના મારફતે કેટલીક ગેંગો પણ ચાલે છે ''એ જ ગેંગો દલાલોની જે ગેંગો ચાલે છે'' તે અસંસદીય છે. | તા.૧૫–૩–૨૦૦૦<br>શ્રેણી–૩,<br>પુ.નં.૬૨<br>પાના નં.૧૬૮ |
| ૨૨. | એ મરેલાં માણસોના ભૂત વળગ્યા છે. | ચર્ચાનો જવાબ આપતી વખતે મંત્રીશ્રી સભ્યશ્રીના મનમાં ''મરેલાં માણસોના ભૂત વળગ્યાં છે'' એમ કહે તે ઇચ્છનીય નથી. | તા. ૧૯–૨–૮૭<br>શ્રેણી–૨, પુ. ૨૪,<br>કો. ૬૬૩–૬૬૫ |
| ૨૩. | એમના મોઢા મારે જોવા નથી. | સભાગૃહમાં બેઠેલા સભ્યશ્રીઓને સંબોધીને એમ કહેવું કે ''એમના મોઢા મારે જોવા નથી'' એ શબ્દ પ્રયોગ અસંસદીય છે. | તા. ૧૯–૩–૮૨<br>શ્રેણી–૧, પુ. ૭૮<br>ભા. ૨, કો.૬૮૬–૬૮૭ |
| ૨૪. | એમની નીચે રેલો આવે છે. | સભ્યશ્રીએ તેમના પ્રવચન દરમિયાન અન્ય સભ્યશ્રીને વારંવાર વચ્ચે બોલવાની ટેવ છે કારણ કે ''એમની નીચે રેલો આવે છે'' એમ કહેવું બરાબર નથી. | તા. ૧૩–૩–૯૨<br>શ્રેણી–૨,<br>પુ.નં.૭૫<br>પાના નં. ૧૯૩ |
| ૨૫. | ઇરાદાપૂર્વક | મંત્રીશ્રીએ પ્રશ્નનો ''ઇરાદાપૂર્વક'' જવાબ આપવાનું ટાળ્યું છે એવો આક્ષેપ કરવો અસંસદીય છે. | તા. ૨૭–૭–૭૭<br>શ્રેણી–૧, પુ. ૫૫,<br>ભા.૨, કો. ૭૮૨ |
| ૨૬. | ઇટાલીની વ્યકિત | મંત્રીશ્રીએ વિરોધપક્ષને ઉદ્દેશીને ''ઇટાલીની કોઇ વ્યકિતને અમે વી.સી. તરીકે નહિ મૂકીએ'' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા. ૨૬–૨–૨૦૦૩<br>શ્રેણી–૩, પુ. ૯૨,<br>પાના નં. ૨૧૯–૨૨૦ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૭. | ઉતારી પાડવા | ગૃહમાં એક સભ્યે કરેલું પ્રવચન બીજા સભ્યને ''ઉતારી પાડવા'' માટેનું પ્રવચન હતું એવું આરોપણ કરવું એ અસંસદીય છે. | તા. ૨૩–૩–૬૭ શ્રેણી–૧, પુ. ૧૮, ભા.૨, કો. ૨૦૯–૨૧૦ |
| ૨૮. | ઉલ્લુ | સંકલ્પ પાછળની ભાવના લોકોને ''ઉલ્લુ'' બનાવવાની છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૭–૮–૭૫ શ્રેણી–૧, પુ. ૪૯, ભા.૨, કો. ૪૩૬ |
| ૨૯. | ઉહાપોહ | સભાગૃહમાં શિક્ષણ મંત્રીશ્રીએ લાવેલા બિલ સામે વિરોધપક્ષના સભ્યશ્રીઓ ''ઉહાપોહ'' કરે છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૭–૨–૮૨ શ્રેણી–૧, પુ. ૭૬, ભા.૨, કો. ૮૦૮ |
| ૩૦. | ઉઠાંતરી અને ઠોઠ નિશાળીયો | વિરોધપક્ષના સભ્યશ્રીએ સરકારશ્રીને ઉદ્ધેશીને '' કોઇ જગ્યાએ અગાઉ પાસ થયેલા બિલની ઉઠાંતરી લાગે છે અને તે વખતે પણ મેં નિરૂપણ કરેલું કે જે રીતે ઠોઠ નિશાળીયો ઉઠાંતરી કરે'' એમ કહેવું ઇચ્છનીય નથી. સરકાર માટે ‘ઉઠાંતરી અને ઠોઠ નિશાળીયો’ શબ્દ વાપરી શકાય નહિ. | તા. ૨૬–૬–૨૦૦૩ શ્રેણી–૩, પુ.નં. ૯૨, પાના નં. ૨૨૪–૨૨૫ |
| ૩૧. | કઠપૂતળી | ચર્ચા દરમિયાન વકતવ્યમાં, નેશનલ એડવાઇઝરી કાઉન્સિલ તરીકે કામ કરી તે આ દેશના વડાપ્રધાનનું જે પદ છે એને ''કઠપૂતળી જેવું બનાવ્યું'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૮–૩–૨૦૧૩ શ્રેણી–૪, પુ.નં.૪ પાના નં. ૨૯૨ |
| ૩૨. | કમબખ્તો | લડાઇના કારણે પૈસાદાર થઇ ગયેલા માણસોને ''કમબખ્તો'' કહીને સંબોધવા એ અસંસદીય છે. | તા. ૧૧–૩–૬૬ શ્રેણી–૧, પુ. ૧૬ ભા.૨, પા. ૮૫૨–૫૩ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૩. | કરતુત | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં બોલતાં કહ્યું કે ''આપના હૃદયની અંદર અને આપના 'કરતુતો'ની અંદર આપણે જે રીતે જોઇએ છીએ તેને જે રીતે કાર્યન્વિત કરો છો'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૮–૮–૮૬ શ્રેણી–૨, પુ.નં. ૧૯ કો. ૭૦૯–૧૦ |
| ૩૪. | કમળો હોય તો વાંધો નહિ પણ બધાય આંધળા હોય છે. | વિરોધપક્ષના સભ્યોને સંબોધીને કહેવું કે '' કમળો હોય તો વાંધો નહિ પણ બધાય આંધળા હોય છે, એમને મારે શું કહેવું'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૮–૭–૮૫ શ્રેણી–૨, પુ. ૫, કો. ૧૬૭–૧૬૮ |
| ૩૫. | કલંકરૂપ | સભાગૃહમાં ચર્ચા દરમિયાન સભ્યશ્રીએ પોતાના વકતવ્યમાં ''ગૃહને કલંકરૂપ વાક્યો જયારે તેમણે કહ્યાં ત્યારે મને બહુ દુઃખ છે.'' તેમ કહેવું અસંસદીય છે. | તા. ૮–૩–૨૦૧૬ શ્રેણી–૪, પુ.ન. ૩૨ પાના નં. ૯૨ |
| ૩૬. | કહેવાતી બહુમતી | બ્રુટ મુજોરિટીથી, ''કહેવાતી બહુમતી'' થી કોઇ નવું રચનાત્મક વિધેયક ગૃહમાં ઉડાવી દેવામાં આવે છે એવું વિધાન અસંસદીય છે. | તા. ૨૫–૩–૬૮ શ્રેણી–૧, પુ. નં.૨૦ ભા.૨, કો. ૪૦૪૯ |
| ૩૭. | કાગારોળ | (૧) જનતાપક્ષના કાર્યકરોએ પી.એસ.આઇ. બદલવા ''કાગારોળ'' કરી એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૮–૯–૭૯ શ્રેણી–૧, પુ.નં. ૬૬ ભા.૨, કો.૯૮૦–૮૧ |
| | '' | (૨) વિરોધપક્ષના સભ્યો ''કાગારોળ'' મચાવે છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૧–૧–૮૨ શ્રેણી–૧, પુ.નં.૭૫, ભા.૨, કો. ૩૦૭–૦૮ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | '' | (૩) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધપક્ષના સભ્યશ્રીને ઉદ્દેશીને ''પોલીસ તંત્ર અને કાયદો અને વ્યવસ્થાનું તંત્ર તૂટી પડવાની વાત કરવામાં આવી છે. કાગારોળ કરવામાં આવી છે'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૮-૨-૮૧<br>શ્રેણી-૧,<br>પુ. ૭૧<br>ભા.૨,<br>કો. ૬૩૪ |
| | '' | (૪) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધપક્ષના સભ્યશ્રીને ઉદ્દેશીને ''સરકાર આવી જમીનમાં મુકિત આપવા માગતી નથી ત્યારે ચારે બાજુથી કાગારોળ શરુ થઇ ગયો'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૦-૧-૮૨<br>શ્રેણી-૧,<br>પુ. ૭૫<br>ભા.૨,<br>કો. ૨૩૭ |
| | '' | (૫) કર ચૂકવવો પડે તેવી પરિસ્થિતિ આવી. ''એમણે કાગારોળ મચાવી દીધો'' એમ કહેવું બરાબર નથી. | તા.૮-૮-૮૬<br>શ્રેણી-૨, પુ. ૧૭<br>કો. ૧૨૧૮-૧૯ |
| ૩૮ | કાગારોળ કરો છો | સભાગૃહમાં સભ્યશ્રીએ ''તમે કયા મોઢે કાગારોળ કરો છો તમારા વખતમાં લોખંડના પતરાના શેડમાં આંગણવાડીઓ ચાલતી હતી'' તેમ કહેવું અસંસદીય છે. | તા. ૨૮-૨-૨૦૧૭<br>શ્રેણી-૪,<br>પુ.નં. ૩૯<br>પાના નં. ૧૧૯ |
| ૩૯. | કાચીંડા | વિરોધપક્ષના સભ્યશ્રીને સંબોધીને ''આપનું તો કાચીંડા''ના જેવું છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૩૦-૮-૮૬<br>શ્રેણી-૨, પુ. ૧૯<br>કો. ૧૧૫૯-૬૦ |
| ૪૦. | કાચીંડાની જેમ રંગ બદલે છે. | સભ્યો જુદી જુદી વાતો કરીને ''કાચીંડાની જેમ રંગ બદલે છે'' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા. ૨૭-૧-૮૨<br>શ્રેણી-૧, પુ. ૭૫<br>ભા.૨,<br>કો.૬૦૮-૦૯ |
| ૪૧. | કાચુ બાફ્યુ | ''કાચુ બાફ્યુ'' એમ કોઇ સભ્ય વિશે ગૃહમાં બોલવું અસંસદીય છે. | તા. ૨૯-૩-૯૬<br>શ્રેણી-૩, પુ. ૧૯<br>પાના નં. ૫૭૯-૮૦ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૪૨. | કાટલા | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને, ''રાજય સરકારના કાટલા જુદાં જુદાં છે'' એટલે કે સરકારની કામગીરીને ઉતારી પાડતો શબ્દપ્રયોગ અસંસદીય છે. | તા. ૨૧–૩–૨૦૦૨ (પહેલી બેઠક) શ્રેણી–૩, પુ. ૮૭ ભાગ–૨, પાના.૩૬૮ |
| ૪૩. | કાદવ ઉછાળ્યો | વિરોધપક્ષના સભ્યોએ આ સ્વચ્છ વહીવટ સામે '' કાદવ ઉછાળ્યો છે'' એમ કહેવું એ અસંસદીય છે. | તા. ૨૦–૩–૮૬ શ્રેણી–૨, પુ. નં.૧૫, કો. ૧૦૨૫–૨૬ |
| ૪૪. | કાયર સરકારે | સરકારને ઉદ્દેશીને, ''એ અગિયારે અગિયારના નામો હતા છતાં 'કાયર સરકારે' એને પકડવાની કે એનું ઇન્ટ્રોગેશન કર્યું નહિ'' તેમ કહેવું તે અસંસદીય છે. 'કાયર' શબ્દ અસંસદીય છે. | તા. ૨૬–૯–૨૦૦૮ ત્રીજી શ્રેણી પુ.નં. ૧૩૮ પાના નં. ૫૩૬ |
| ૪૫. | કાયરતા | સભ્યશ્રીએ મુખ્યમંત્રીશ્રી માટે ઉચ્ચારેલ ''કાયરતા'' શબ્દ અસંસદીય છે. | તા.૨૪–૩–૯૫ શ્રેણી–૩, પુ.નં. ૧ પાના નં. ૩૧૫–૧૬ |
| ૪૬. | કાવતરું | (૧) સરકારને બદલનામ કરવા માટેનું મહેસૂલ સચિવનું ''કાવતરું'' છે એમ આક્ષેપ કરવો અસંસદીય છે. | તા. ૨૨–૩–૭૮ શ્રેણી–૧, પુ.નં. ૫૯ ભા.૨, કો.૭૩૦–૩૧ |
| | '' | (૨) ગુજરાતનું મુખ્યમંત્રી પદ મેળવવા માટે ગૃહમંત્રીએ સામાજિક ક્ષમતા તોડીને મુખ્યમંત્રી પદ મેળવવા માટે ''કાવતરું'' કર્યું હતું તેમ કહેવું અસંસદીય છે. | તા. ૨૪–૩–૯૮ શ્રેણી–૩, પુ.નં.૩૨, પાના નં. ૧૫૩–૫૫ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | ,, | (૩) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધપક્ષને ઉદ્દેશીને ''આ કોંગ્રેસનું કાવતરું છે'' એમ કહેવું અસંસદીય છે. કોઈપણ પક્ષ માટે 'કાવતરુ' શબ્દ વાપરી શકાય નહિ. 'કાવતરું' શબ્દ અસંસદીય છે. | તા. ૨૧-૩-૨૦૦૩ (બીજી બેઠક) શ્રેણી-૩, પુ. ૯૮ પાના નં. ૮૭૭ |
| ૪૭. | કાવાદાવા | સત્તાધારી પક્ષ સત્તાની પડાપડી માટે ''કાવાદાવા'' પણ ખેલે છે એવું વિધાન કરવું અસંસદીય છે. | તા. ૧૦-૪-૬૩ શ્રેણી-૧, પુ.નં.૮, ભા.૨, પાના ૧૭૧૭ |
| ૪૮. | કાઉં કાઉં | સભ્યશ્રીઓ '' કાઉં કાઉં'' કરીને ઉભા થઇ જાય છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૨-૯-૭૮ શ્રેણી-૧, પુ. ૬૦, ભા.૨, કો. ૧૬૬૨ |
| ૪૯. | કાળોચોર | વિધાનસભાની ચૂંટણીના માહોલ સંદર્ભે વિરોધપક્ષના ચૂંટણી પ્રવચનોનો ઉલ્લેખ કરી, મંત્રીશ્રીએ સભાગૃહમાં, સંદર્ભિત ''કાળોચોર'' શબ્દ પ્રયોગ કરવો અસંસદીય છે. | તા. ૫-૩-૨૦૦૮ (ત્રીજી શ્રેણી) પુ.નં. ૧૩૩ પાના નં. ૪૦૦ |
| ૫૦. | કાળાબજારિયા, કૌભાંડીઓ, કટકીબાજો. | ચર્ચા દરમિયાન, સભ્યશ્રીએ પોતાના વકતવ્યમાં ''કાળા બજારિયાઓની વાત થઇ, આ 'કાળાબજારિયા, કૌભાંડીઓ, કટકીબાજો' ઇન્દ્રપ્રસ્થમાં બેઠા છે'' તેમ કહેવું અસંસદીય છે. | તા. ૧૫-૩-૨૦૧૧ (પહેલી બેઠક) ત્રીજી શ્રેણી પુ.નં. ૧૫૮ પાના નં. ૧૬૫ |
| ૫૧. | કાળો કાયદો | ચર્ચા દરમિયાન વકતવ્યમાં, કોઇ કાયદા અંગે, ''કાળો કાયદો'' શબ્દ બોલી, તેને 'અધિકારો ઉપર તરાપ મારતો' કે 'બહુમતીના જોરે પસાર કરાવ્યો' તેમ કહેવું તે અસંસદીય છે. | તા. ૨૬-૨-૨૦૧૩ શ્રેણી-૪ પુ.નં. ૨ પાના નં. ૨૫૯ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| પર. | કારસો રચવો, ‘કારસો પૂરવા’ | સભ્યશ્રીએ પોતાના પ્રવચનમાં, ''લઘુમતી સમાજનું શોષણ કરવાનો નવો ‘કારસો રચી’ રહ્યાં છે''તેમજ ''પોતાનો સ્વાર્થ સાધવા માટે ફક્ત પોતાનો રાજકીય ‘કારસો પૂરવા’ માટે ઉપયોગ કરવા માગતા હોય'' તેમ કહેવું અસંસદીય છે. | તા. ૨૨–૩–૨૦૧૧ (પહેલી બેઠક) ત્રીજી શ્રેણી પુ.નં. ૧૫૯ પાના નં. ૪૧૩ |
| ૫૩. | કપોળ કલ્પિત વાર્તા | વિરોધપક્ષના સભ્યશ્રીના પ્રવચન બાબતે, મંત્રીશ્રીએ ઉચ્ચારેલ ''કપોળ કલ્પિત વાર્તા'' શબ્દો અસંસદીય છે. | તા. ૨૩–૩–૨૦૧૧ ત્રીજી શ્રેણી પુ.નં. ૧૬૦ પાના નં. ૮૬ |
| ૫૪. | કોણીએ ગોળ ચોંટાડવો | વિરોધપક્ષના સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને ''અમે જેવું કામ કરતા હતા તેવું કામ તમે નથી કરી શકતા તમે તો પ્રજાને કોણીએ ગોળ ચોંટાડો છો'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૧–૩–૨૦૦૩ શ્રેણી–૩ (પહેલી બેઠક) પુ. નં. ૯૬ પાના નં. ૧૬૦ |
| ૫૫. | કોંગ્રેસીયા | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં બીજા પક્ષના સભ્યશ્રીઓનો ''કોંગ્રેસીયા'' કહીને ઉલ્લેખ કરવો બરાબર નથી. | તા. ૨૦–૭–૨૦૦૭ શ્રેણી–૩, પુ.૧૩૧ પાના નં. ૧૦૫ |
| ૫૬. | કુચેષ્ઠા | ચર્ચા દરમિયાન વકતવ્યમાં, ''કેટલાંક પરિબળો પોતાની રાજકીય સત્તાનો ઉપયોગ કરી, જરૂરી એવા કાયદાઓને રોકાવે છે અને આ કુચેષ્ઠાને કારણે'' તેમ કહેવું તે અસંસદીય છે. | તા. ૧–૧૦–૨૦૧૩ શ્રેણી–૪ પુ.નં. ૯, પાના નં. ૬૯૮ |
| ૫૭. | કુટિલ | શાસક પક્ષની ''કુટિલ'' રાજનીતિને કારણે કોર્પોરેશન સસ્પેન્ડ થઇ એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૦–૨–૭૬ શ્રેણી–૧, પુ. ૫૦ ભાગ–૨, કો. ૭૮૫ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૫૮. | કુધારા | સભ્યશ્રીએ સૂચવેલા સુધારાને ''કુધારા'' ન કહી શકાય. | તા. ૧૭-૨-૮૮ શ્રેણી-૨, પુ.નં.૩૨ પાના નં. ૫૪૦ |
| ૫૯. | કુપાત્રને દાન | સભાગૃહમાં સભ્યશ્રીએ ''અમારા કેબીનેટ મંત્રી અને એમને એમ કહે કે, કુપાત્ર ને દાન આપ્યું'' તેમ કહેવું અસંસદીય છે. | તા. ૨૭-૨-૨૦૧૭ શ્રેણી-૪ પુ.નં. ૩૮ પાના નં. ૪૮૨ |
| ૬૦. | કુરિયને ગુજરાતના પુરવઠા ખાતાના તમામ બંધનો અને કાયદા ઠપકારી મારેલા | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં મુખ્યમંત્રીશ્રીને ઉદ્દેશીને ''કુરિયને ગુજરાતના પુરવઠા ખાતાના તમામ બંધનો અને કાયદા ઠપકારી મારેલા'' એમ વ્યકિતના નામજોગ ગૃહમાં આક્ષેપ કરવો ઉચિત નથી. | તા. ૨૦-૨-૯૨ શ્રેણી-૨, પુ.નં.૭૧ પાના નં. ૯૬૬ |
| ૬૧. | કુલડીમાં ગોળ ભાંગવો | સભાગૃહમાં અમુક સભ્યોને બોલવાની તક મળે તો આમાં ''કુલડીમાં ગોળ ભંગાય છે.'' એવો વ્યંગાત્મક શબ્દપ્રયોગ કરવો અસંસદીય છે. | તા. ૨૧-૭-૭૭ શ્રેણી-૧, પુ.નં. ૫૫ ભાગ-૨, કો.૩૭૨-૭૩ |
| ૬૨. | કુલડીમાં ગોળ ભંગાય છે. | સભ્યશ્રી મંત્રીશ્રીને સંબોધીને ''કુલડીમાં ગોળ ભંગાય છે'' એમ કહેવું એ અસંસદીય છે. | તા. ૮-૮-૦૧ શ્રેણી-૩, પુ.નં.૭૮ પાના નં.૧૯૭-૯૮ |
| ૬૩. | કૂતરા જેવી લાલચ | ''કૂતરાની લાલચ'' માત્ર હાડકા ઉપર હોય એવી રીતે કેટલાકે માત્ર ટીકા કરવાનું જ કામ કર્યું છે એવી જાતના આક્ષેપાત્મક શબ્દપ્રયોગ અસંસદીય છે. | તા. ૨૯-૬-૭૭ શ્રેણી-૧, પુ.નં.૫૩ ભાગ-૨, કો.૬૬૩ |
| ૬૪. | કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી | નવા ચૂંટાયેલા સભ્યશ્રીઓને સંબોધીને ''કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૦-૩-૮૫ શ્રેણી-૨, પુ.નં.૧, કો. ૧૬૨ |
| ૬૫. | કૂતરા બિલાડા જેવું છે. | સભાગૃહની ચર્ચામાં મંત્રીશ્રી કોઇ સભ્યશ્રીને ઉલ્લેખીને મારે ને એમને તો ''કૂતરા બિલાડા જેવું છે'' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા. ૧૩-૭-૮૭ શ્રેણી-૨, પુ.નં.૨૯ કો. ૫૦૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૬૬. | ‘કેટલું ભેગું કરવા ઇચ્છે છે’ એ મારે જાણવું છે. | પ્રશ્નમાં દલીલો, અનુમાન, વક્રોક્તિ, વિશેષણો અથવા બદનક્ષી ભર્યા વિધાનો હોવા જોઇએ નહિ. ’’કેટલું ભેગું કરવા ઇચ્છે છે’’ એમાં સભ્યશ્રીનો પ્રશ્ન પૂછવાનો ઇરાદો વક્રોક્તિ અને બદનક્ષી અને વિશેષણ ભર્યા વિધાનનો હતો ‘કેટલું ભેગું કરવા ઇચ્છે છે.’ એવું સભ્યશ્રી પૂછી શકે નહિ. | તા. ૨૩–૨–૯૬ શ્રેણી–૩, પુ.નં.૧૨ પા.નં. ૧૦–૧૪ |
| ૬૭. | કેન્દ્ર સરકાર વિશ્વબેંકની દાસી છે. | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં ’’કેન્દ્ર સરકાર વિશ્વબેંકની દાસી છે’’ એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૪–૩–૯૨ (બીજી બેઠક) શ્રેણી–૨, પુ.નં.૭૬ પાના નં.૭૧૨ |
| ૬૮. | કોઇ પાગલ માણસ રેઇઝ કરે અને કોર્ટ સ્ટે આપી દે | ’’કોઇ પાગલ માણસ રેઇઝ કરે અને કોર્ટ સ્ટે આપી દે’’ એમ કહેવું ઇચ્છનીય નથી. | તા. ૧૭–૨–૮૨ શ્રેણી–૧, પુ.નં.૭૬ ભાગ–૨, કો.૭૫૨ |
| ૬૯. | કોંગ્રેસ પક્ષના ભ્રષ્ટાચારી સભ્યો | સભ્યશ્રી તેમના પ્રવચનમાં ’’કોંગ્રેસ પક્ષના ભ્રષ્ટાચારી સભ્યો’’ એમ ઉલ્લેખ કરે તે બરાબર નથી. | તા. ૩–૨–૮૭ શ્રેણી–૨, પુ.નં.૨૨, કો. ૫૬૬–૬૭ |
| ૭૦. | કોંગ્રેસમાં મોટાભાગે દારુ પીવાવાળા છે. | ’’કોંગ્રેસમાં મોટેભાગે દારુ પીવાવાળા છે’’ એવી ટીકા કોઇ પક્ષના સભ્યો માટે ગૃહમાં કરવી તે યોગ્ય નથી. | તા. ૨૧–૯–૮૯ શ્રેણી–૨, પુ.નં.૪૯ પાના નં.૭૨૫–૨૯ |
| ૭૧. | કોણીએ ગોળ ચોંટાડીને ધવરાવ્યે રાખવાનો | પ્રવચન દરમિયાન મંત્રીશ્રીને ઉદ્દેશીને ’’કોણીએ ગોળ ચોંટાડીને ધવરાવ્યે રાખવાનો કે તું તારે મોટો થા અને ખાજે’’ એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૫–૩–૮૭ (પહેલી બેઠક) શ્રેણી–૨, પુ.નં.૨૮ કો. ૬૩૦ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૭૨. | કોમવાદી | સભ્યશ્રીએ તેમના વકતવ્યમાં સરકારને ઉદ્દેશીને, ''આ કોમવાદી સરકાર છે'' એમ કહેવું બરાબર નથી. | તા.૨–૩–૨૦૦૬ શ્રેણી–૩, પુ.૧૧૭, પાના નં. ૩૫૮ |
| ૭૩. | ખંડનાત્મક દ્રષ્ટિવાળા | સભ્યશ્રી તેમના પ્રવચનમાં ''વિરોધપક્ષના સભ્યો ખંડનાત્મક દ્રષ્ટિવાળા'' છે એમ કહે તે બરાબર નથી. | તા. ૩–૩–૮૭ શ્રેણી–૨, પુ.નં. ૨૫ કો. ૩૮૯–૯૦ |
| ૭૪. | ખેડૂતો બદમાશ છે | સભ્યશ્રી તેમના પ્રવચનમાં ખેડૂતો બિલ ભરતા નથી એનું કારણ સરકાર સમજે છે કે ''ખેડૂતો બદમાશ છે'' એમ કહેવું બરાબર નથી. | તા. ૧૧–૨–૮૭ શ્રેણી–૨, પુ.નં.૨૩, કો. ૬૦૮ |
| ૭૫. | ખેલ | રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવની ચર્ચા દરમિયાન અધ્યક્ષશ્રી ત્રણ દિવસથી અહીંયાં શાંતિથી બેઠાં બેઠાં આ વિધાનસભાનો ''ખેલ'' જોયા કરે છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૦–૩–૮૫ શ્રેણી–૨, પુ.નં.૧, કો.૨૫૨ |
| ૭૬. | ખોટી અને છેતરામણી માગણીઓ | ગૃહમાં માગણી ઉપરની ચર્ચા વખતે ''ખોટી અને છેતરામણી માગણી'' મંત્રીશ્રી લાવ્યા છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૧–૮–૭૫ શ્રેણી–૧, પુ.નં.૪૮ ભાગ–૨, કો.૧૦૦૩ |
| ૭૭. | ખોટી ચર્ચા | સરકારશ્રીની નીતિ ઉપર પ્રહાર કરવા ''ખોટી ચર્ચા'' માં ઉતરવું જોઈતું નહોતુ એમ કહેવું અસંસદીય છે. | તા.૬–૮–૮૬ શ્રેણી–૨, પુ.નં.૧૭ કો. ૬૨૯ |
| ૭૮. | ખોટી રજૂઆતો | સભ્યશ્રીએ તેમના પ્રવચન દરમિયાન અન્ય સભ્યશ્રીઓ મારફતે ''ખોટી રજૂઆતો'' થાય છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૨–૩–૨૦૦૦ (પહેલી બેઠક) શ્રેણી–૩, પુ.નં. ૬૩ પા.નં. ૩૮૪–૮૫ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૭૯. | ખોટું | (૧) રાજ્યપાલશ્રીના પ્રવચનના સંદર્ભમાં એમ કહેવું કે મોટા માણસો પણ ''ખોટું'' જાહેર કરતા હોય છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૩૦–૩–૭૭ શ્રેણી–૧, પુ. ૫૨ ભાગ–૨, પા.નં.૬૯૧–૯૨ |
| ૮૦. | ખોટું | (૨) સભ્યશ્રી ''ખોટું'' બોલે છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૨–૩–૭૩ શ્રેણી–૧, પુ.નં.૪૨ ભાગ–૨, કો. ૮૩ |
| | '' | (૩) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં બીજા સભ્યશ્રીને ઉદ્દેશીને ''માનનીય સભ્યશ્રી આ હાઉસમાં ખોટું બોલે છે. આ જાતની તમારી લોકશાહી છે?'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૬–૩–૮૧ શ્રેણી–૧, પુ.નં.૭૩ ભા.૨, કો. ૪૨–૪૩ |
| | '' | ''ખોટું બોલવાની આખા રાજ્યની જાણે હોલસેલ એજન્સી રાખી હોય'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૯–૨–૮૮ શ્રેણી–૨, પુ.નં.૩૧ કો. ૪૮૫ |
| ૮૧. | ખોટો સમય બગાડ્યો | ગૃહના કોઈ કામકાજને ''ખોટો સમય બગાડવા'' ના પ્રસંગ તરીકે ઉલ્લેખ કરવો અસંસદીય છે. | તા. ૧૨–૮–૭૫ શ્રેણી–૧, પુ.નં.૪૯ ભા.૨, કો. ૮૨૫ |
| ૮૨. | ગટર ઇન્સ્પેકટર | સભ્યશ્રીને ''ગટર ઇન્સ્પેકટર'' તરીકે સંબોધન કરવું અસંસદીય છે. | તા. ૨૮–૧–૮૬ શ્રેણી–૨, પુ.નં.૧૦ કો. ૩૬૫–૬૭ |
| ૮૩. | ગઠિયો | બાંધકામ મંત્રીશ્રી રસ્તાના બાંધકામની બાબતમાં, ''ગઠિયા–વાળંદ'' જેવું કરે છે. એમ આક્ષેપ કરવો અસંસદીય છે. | તા. ૩૦–૭–૭૫ શ્રેણી–૧, પુ.નં.૪૮ ભા.૨, કો.૮૦૬–૦૭ |
| ૮૪. | ગપ્પાં મારે છે | ગૃહમંત્રીશ્રી ''ગપ્પાં મારે છે'' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા. ૨૧–૧–૮૨ શ્રેણી–૧, પુ.નં.૭૪ ભા.૧, કો.૫૧૬–૧૭ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૮૫. | ગપ્પાં મારવાં | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધપક્ષના નેતાશ્રીને ઉદ્દેશીને ''સુરતની અંદર એકી સાથે ચોરીઓ થઇ, અમે તપાસ કરાવી, ગપ્પાં મારવાની પણ કોઇ મર્યાદા હોય'' એમ કહેવું ઇચ્છનીય નથી. વિરોધપક્ષના નેતાશ્રી 'ગપ્પાં મારે છે' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા. ૪-૩-૨૦૦૩ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.નં.૯૪ પાના નં. ૨૨૭ |
| ૮૬. | ગરબડ અને ગોટાળા | સભ્યશ્રી તેમના પ્રવચન દરમિયાન મહેસૂલ વિભાગમાં જ ''ગરબડ અને ગોટાળા'' ચાલી રહ્યા છે એનો પ્રકાશ ફેંકી રહ્યો છું એમ કહેવું તે અસંસદીય છે. | તા. ૨૨-૩-૨૦૦૦ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.નં. ૬૩ પાના નં. ૩૮૮ |
| ૮૭. | ગરીબોને છેતરનારી સરકાર | ''ગરીબ માણસો માટે ગરીબ માણસોના નામે ચાલતી અને 'ગરીબોને છેતરનારી' આ સરકારે એક રૂપિયાની જમીન ૯૦ રૂપિયે વેચી'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૩-૩-૮૬ શ્રેણી-૨, પુ.નં.૧૪ કો.૯૫૯-૬૦ |
| ૮૮. | ગલત | મંત્રીશ્રી ''ગલત'' કહે છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૧-૩-૭૯ શ્રેણી-૧,પુ.નં.૬૩ ભાગ-૧, કો.૭૮૧ |
| ૮૯. | ગતાગમ | વિરોધપક્ષના સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારને ઉદ્દેશીને, ''નાણાં કેવી રીતે ઉભા કરવા એની કોઇ ગતાગમ આમને પડતી નથી.'' સરકારની કામગીરી માટે 'ગતાગમ' શબ્દ વાપરી શકાય નહિ. 'ગતાગમ' શબ્દ અસંસદીય છે. | તા. ૯-૬-૨૦૦૪ શ્રેણી-૩, પુ.૧૦૭ પાના નં. ૩૦૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૯૦. | ગતકડા | સભ્યશ્રીએ પોતાના વકતવ્યમાં, વિરોધપક્ષના સભ્યોને ઉદ્દેશીને, ''કાયદો કડકમાં કડક લાવવાની વાતો તો ચોક્કસ કરે છે, પણ ૩૦૨, ૩૦૪ એવા 'ગતકડાઓ' કાઢીને'' એમ કહેવું અસંસદીય છે. 'ગતકડા' શબ્દ અસંસદીય છે. | તા. ૧૮–૧૨–૨૦૦૯<br>ત્રીજી શ્રેણી<br>પુ.નં. ૧૪૭<br>પાના નં.૨૦૮ |
| ૯૧. | ગાય દોહીને કૂતરાને પીવડાવવું | પ્રશ્નોત્તરી દરમિયાન, સભ્યશ્રીએ, ''આ મારે પ્રશ્ન એટલા માટે પૂછવો પડે છે કે, 'ગાય દોહીને કૂતરાને પીવડાવવામાં' આવે છે'' તેમ કહેવું અસંસદીય છે. | તા. ૮–૩–૨૦૧૧<br>બીજી બેઠક<br>(ત્રીજી શ્રેણી)<br>પુ.નં.૧૫૭<br>પાના નં. ૩૦ |
| ૯૨. | ગાંડપણ | મુખ્યમંત્રીશ્રીને સંબોધીને મહેરબાની કરીને ''ગાંડપણ'' બંધ કરો એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૯–૩–૮૭<br>શ્રેણી–૨, પુ.નં.૨૭<br>કો. ૮૩૮ |
| ૯૩. | ગાંધીજીના નાલાયક કપૂતો | ગૃહના સભ્યોને ''ગાંધીજીના નાલાયક કપૂતો'' કહેવા એ અસંસદીય છે. | તા. ૩૦–૩–૬૮<br>શ્રેણી–૧, પુ.નં.૨૦<br>ભા.૨,<br>કો.૪૬૦૧–૨ |
| ૯૪. | ગીલ્ટી માઇન્ડ | સભાગૃહમાં ચર્ચામાં સભ્યો તરફથી થયેલી દલીલોનો જવાબ ન આપી શકનાર મંત્રી તેમના ''ગીલ્ટી માઇન્ડને'' કારણે તેમ કરી શકયા નથી એવું આરોપણ કરવું એ અસંસદીય છે. | તા. ૩૧–૩–૬૭<br>શ્રેણી–૧,<br>પુ.નં.૧૮<br>ભા.૨, કો.૧૦૬૦ |
| ૯૫. | ગુમરાહ | સભાગૃહમાં સભ્યશ્રીએ ''માત્ર ખોટી વાતો કરીને સભાગૃહને ગુમરાહ કરવાનું બંધ કરવું જોઇએ'' તેમ કહેવું અસંસદીય છે. | તા. ૧૬–૩–૨૦૧૭<br>શ્રેણી–૪,<br>પુ.નં.૪૨<br>પાના નં.૧૧૬ |
| ૯૬. | ગુલબાંગો | (૧) સરકાર ''ગુલબાંગો'' મારે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧૯–૨–૯૨<br>શ્રેણી–૨, પુ.નં.૭૧<br>પાના નં. ૬૨૪ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | ’’ | (૨) સરકારશ્રીને ઉદ્દેશીને ’’મોટી મોટી વાતો કરે છે. ગુલબાંગો મારે છે’’ એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૦–૮–૯૩ (બીજી બેઠક) શ્રેણી–૨, પુ.નં.૮૯ પા.૧૦૧૮–૧૦૨૦ |
| ૯૭. | ગુનાહિત માનસનું પ્રતિબિંબ છે. | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં મુખ્યમંત્રીશ્રી માટે આ ’’ગુનાહિત માનસનું પ્રતિબિંબ છે’’ એમ કરેલ શબ્દ પ્રયોગ અસંસદીય છે. | તા.૧૬–૭–૯૨ શ્રેણી–૨, પુ.નં.૭૯ પાના નં.૩૪૬ |
| ૯૮. | ગુનેગારના વકીલ | ધારાસભ્યશ્રીને એમ કહેવું કે,’’ગુનેગારના વકીલ’’ તરીકે બોલી રહ્યા છે એ અસંસદીય છે. | તા. ૧–૭–૮૫ શ્રેણી–૨,પુ.નં.૪ કો.૧૫૩–૧૫૪ |
| ૯૯. | ગુંડાની સરકાર | આ ’’ગુંડાની સરકાર’’ છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૮–૧૨–૮૨ શ્રેણી–૧, પુ.નં.૮૦ ભા.૨, કો.૮૧–૮૨ |
| ૧૦૦. | ગુંડાગીરી | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં, ’’અહીંયા ગુંડાગીરી ચાલે છે’’ તેમ કહેવું અસંસદીય છે. | તા. ૨૩–૨–૨૦૦૭ શ્રેણી–૩, પુ.નં.૧૨૫ પાના નં. ૭૩ |
| ૧૦૧. | ગેરસમજ ઉભી કરવા માટે | માનનીય સભ્યશ્રી ’’ગેરસમજ ઉભી કરવા માટે’’ આવી વાત કરે છે એમ આક્ષેપ કરવો અસંસદીય છે. | તા. ૨૯–૩–૭૮ શ્રેણી–૧, પુ.નં.૫૯ ભાગ–૨, કો.૧૨૫૧–૧૨૫૨ |
| ૧૦૨. | ગેરકાયદેસર દાદાગીરી | સરકાર આ ’’ગેરકાયદેસર દાદાગીરી’’ની ભાષામાં જ વાત કરવા માંગે છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૪–૭–૯૪ શ્રેણી–૨, પુ.નં.૯૫ પા.નં. ૧૦૫૦–૫૧ |
| ૧૦૩. | ગેરમાર્ગે દોરનારી છે અથવા અસત્ય છે. | મંત્રીશ્રીની વાત ’’ગેરમાર્ગે દોરનારી છે અથવા અસત્ય છે’’ એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૦–૨–૮૨ શ્રેણી–૧, પુ.નં.૭૫ ભા.૧, કો.૨૪૬–૪૮ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૦૪. | ગેરસમજવાળું પ્રવચન | સભ્યશ્રીના પ્રવચનને ''ગેરસમજવાળું પ્રવચન'' કહેવું અસંસદીય છે. | તા. ૨૦–૭–૮૨ શ્રેણી–૧, પુ.નં.૭૯ ભા.૨, કો.૧૦૨૨ |
| ૧૦૫. | ગોબેલ્સને પણ શરમાવે એવું બોલે છે | બીજા સભ્યશ્રીઓને સંબોધીને ''ગોબેલ્સને પણ શરમાવે એવું બોલે છે'' એમ કહેવું બરાબર નથી. | તા. ૯–૨–૮૮ શ્રેણી–૨, પુ.નં.૩૧ કો. ૪૮૫–૮૬ |
| ૧૦૬. | ગૃહનો વખત બગાડે | સભ્યો એક બીજાની ટીકા કરી આનંદ મેળવે છે અને ''ગૃહનો સમય બગાડે છે'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૪–૭–૭૫ શ્રેણી–૧,પુ.નં. ૪૭ ભાગ–૨, કો.૪૨૭ |
| ૧૦૭. | ગોબેલ્સ અને જૂઠ્ઠાણા | સભ્યશ્રી દ્વારા સાથી પક્ષને ઉદ્દેશીને, ''સરકારના વિશે અનેક જૂઠ્ઠાણાઓ, અનેક ગોબેલ્સ પ્રચાર કરવા છતાં પણ ગુજરાતની પાંચ કરોડની જનતા સાથ નથી આપતી એનું કારણ શું?'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૨–૩–૨૦૦૬ શ્રેણી–૩, પુ.નં.૧૧૭ પાના નં. ૩૨૨ |
| ૧૦૮. | ગોલમાલ | સભાગૃહમાં ચર્ચા દરમિયાન સભ્યશ્રીએ પોતાના વકતવ્યમાં યોજનાનો ઉલ્લેખ કરી, ''તેમાં ખર્ચ કરવા માટેની જે 'ગોલમાલ' કે જે કંઇ થયું હોય'' એમ કહેવું અસંસદીય છે. 'ગોલમાલ' શબ્દ અસંસદીય છે. | તા. ૨૪–૨–૨૦૦૯ ત્રીજી શ્રેણી પુ.નં. ૧૪૦ પાના નં. ૨૦૪ |
| ૧૦૯. | ઘટિયા | સભ્યશ્રીએ મંત્રીશ્રીને સંબોધીને કહ્યું કે, મને સપનામાં પણ નહોતું કે તે આવું નિમ્નકક્ષાનું બિલ સભાગૃહમાં લાવશે. ''નિમ્નકક્ષા (ઘટિયા)'' શબ્દ વાપરવો યોગ્ય નથી. | તા. ૧૩–૮–૯૩ શ્રેણી–૨, પુ.નં.૮૮ પાના નં. ૧૧૬૨ |
| ૧૧૦. | ઘાસભાજી | સભાગૃહમાં ચૂંટાયેલા સભ્યોને ''ઘાસભાજી'' સાથે સરખાવવા એ અસંસદીય છે. | તા. ૧૪–૯–૬૪ શ્રેણી–૧, પુ.નં.૧૨ ભા.૨, પા.૪૭૬–૭૭ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૧૧. | ઘુવડ | વિરોધપક્ષના સભ્યોને ''ઘુવડ'' સાથે સરખાવવા તે અસંસદીય છે. | તા. ૨૨-૧-૮૬ શ્રેણી-૨,પુ.નં.૯ કો. ૧૦૫૬ |
| ૧૧૨. | ઘેટાનાં ટોળાં | શાસક પક્ષના સભ્યશ્રીઓને સંબોધીને અહીં ''ઘેટાનાં ટોળાં'' માફક ૧૩૯ સભ્યો બેઠા છે. અહીં તો ૩૩ સિંહ છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૦-૩-૮૫ શ્રેણી-૨, પુ.નં.૧ કો. ૨૫૪-૨૫૫ |
| ૧૧૩. | ચક્કર આવી જશે | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં અધ્યક્ષશ્રીને ઉદ્દેશીને બોલતાં કહ્યું કે માનનીય અધ્યક્ષશ્રી આપને અને મને બંનેને ''ચક્કર આવી જશે'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૨-૮-૮૬ શ્રેણી-૨, પુ.નં.૧૯ કો. ૪૨૭ |
| ૧૧૪. | ચમચા | સરકારે મંત્રણાના મેજ પર તેમના નક્કી કરેલા ''ચમચાઓને'' બોલાવ્યા હતા એમ કહેવું અસંસદીય છે. | તા. ૩-૩-૯૪ શ્રેણી-૨, પુ.નં.૯૨ પાના નં. ૪૫૯ |
| ૧૧૫. | ચમચાઓ | (૧) કોઇ રાજકીય પક્ષના કાર્યકરોને મંત્રીશ્રીના ''ચમચાઓ'' કહીને સંબોધવું એ અસંસદીય છે. | તા. ૧૪-૩-૬૯ શ્રેણી-૧, પુ.નં.૨૨ ભા.૨, કો.૩૧૪૩-૪૬ |
| | ચમચાઓ | (૨) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં બીજા પક્ષને ઉદ્દેશીને ''પક્ષમાં મોટાભાગે અંદર ચમચાઓ હતાં, હવે જમાનો કડછાઓનો આવ્યો છે'' એટલે કે 'ચમચાઓ' કહેવું અસંસદીય છે. | તા. ૪-૮-૭૨ શ્રેણી-૧, પુ.નં.૩૬ ભા.૨, કો.૯૧૯-૨૦ |
| ૧૧૬. | ચમચાગીરી | (૧) જો લોગ બહોત ''ચમચાગીરી કરતે હૈ વો નુકસાન ભી પહુંચા શકતે હૈ'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૦-૩-૮૬ શ્રેણી-૨, પુ.નં.૧૪ કો. ૧૪૩-૧૪૪ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | ,, | (૨) ''રસ્તાના કામ માટે ઉચ્ચ અધિકારીઓ પાસે ધારાસભ્ય જાય તો તેમને જવાબ આપવામાં આવે છે કે મંત્રીશ્રી કહે તો અમે વિકાસના કામો કરવાના. એટલે મંત્રીશ્રીની 'ચમચાગીરી' કરવાની. એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૮-૨-૯૬ શ્રેણી-૩, પુ.નં.૧૩ પાના નં.૨૨૮-૨૨૯ |
| | ,, | (૩) સભ્યશ્રી મંત્રીશ્રીને સંબોધીને ''ચમચાગીરી'' બંધ કરો એમ કહેવું એ અસંસદીય છે. | તા. ૩૧-૮-૨૦૦૧ શ્રેણી-૩, પુ.નં.૮૨ પાના નં. ૫૦૦-૦૧ |
| ૧૧૭. | ચડી બેઠી છે | આ સરકાર ગરીબ પ્રજા ઉપર ''ચડી બેઠી'' છે એને રાજ કરવાનો એક પણ મિનિટ કે એક પણ ક્ષણ અધિકાર નથી. એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૬-૬-૯૦ શ્રેણી-૨, પુ.નં. ૫૫ પાના નં. ૩૩૧ |
| ૧૧૮. | ચરી ખાનાર | તાલુકા પંચાયત ''ચરી ખાનારી'' પંચાયત છે એમ કહી શકાય નહિ. | તા. ૧૯-૩-૮૪ શ્રેણી-૧, પુ.નં.૮૭ ભા.૨, કો. ૬૮૦ |
| ૧૧૯. | ચરી ખાવાનું ક્ષેત્ર | કોર્પોરેશનની રચના કરવી એ ''ચરી ખાવાનું ક્ષેત્ર છે''એ શબ્દ પ્રયોગ અસંસદીય છે. | તા. ૭-૪-૭૨ શ્રેણી-૧, પુ.નં. ૩૩ ભાગ. ૨, કો.૧૨૭૪-૧૨૭૫ |
| ૧૨૦. | ચરી ગયા છે. | સરકારી વિધેયક પરની ચર્ચા દરમિયાન મંત્રીશ્રીએ વિરોધપક્ષને ઉદ્ધેશીને, ''અમારે ગાયો ચરાવવી નથી, એમને ગાયો ચરાવવી પણ નથી. કારણ કે એમણે ઘણું બધું ચરતા આવડે છે.'' એમ કહેવું ઇચ્છનીય નથી, કોઇપણ પક્ષ 'ચરી ગયા છો' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા. ૧૦-૯-૨૦૦૩ શ્રેણી-૩, પુ.નં.૧૦૨ પાના નં. ૪૬ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૨૧. | ચરી ખાવાની વાતો | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધપક્ષને ઉદ્દેશીને, ''આ જે ખેડૂતોને ચરી ખાવાની વાતો ચાલે છે.'' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા. ૨૩-૨-૨૦૦૪ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.૧૦૩ પાના નં. ૯૯ |
| ૧૨૨. | ચર્ચાનું નાટક | કોઇ સભ્યે વિધાનસભાની ચર્ચાને ''નાટક'' સાથે સરખાવવી એ અસંસદીય છે. | તા.૨૦-૨-૬૮ શ્રેણી-૧, પુ.નં.૨૦ ભા.૨, કો.૧૭૮૫ |
| ૧૨૩. | ચાટણ કરે છે. | સરકાર પહેલા ઉદ્દઘાટન કરી ભાષણ કરે છે અને પછી ''ચાટણ કરે છે'' એમ કહી શકાય નહિ. | તા. ૧૦-૨-૮૪ શ્રેણી-૧, પુ. ૮૫ ભા.૨,કો.૪૨૯-૩૦ |
| ૧૨૪. | ચાવવાના અને દેખાડવાના એ જુદા છે | વિરોધપક્ષના સભ્યશ્રીને સંબોધીને ''ચાવવાના અને દેખાડવાના એ જુદા છે'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૮-૧-૮૬ શ્રેણી-૨, પુ.નં.૧૦ કો. ૩૯૫-૯૬ |
| ૧૨૫. | ચાઉ | માગણી ક્રમાંક-૯૬ના સંદર્ભે આદિવાસી સમાજનું કલ્યાણ કરવા અમે ખર્ચ મંજૂર કરીએ છીએ તેવો ઉલ્લેખ કરી વિરોધપક્ષના નેતાશ્રીએ, ''રૂપિયા 'ચાઉ થઇ ગયા,' વગર ટેન્ડર ચાઉ થઇ ગયા'' કહેવું અસંસદીય છે. | તા. ૨૬-૨-૨૦૦૮ ત્રીજી શ્રેણી, પુ.નં. ૧૩૨ પાના નં. ૨૩ |
| ૧૨૬. | ચીટીંગ | આદિવાસી મંડળીઓને જે વાંસ અપાતું હતું તેના કરતા ઓછું વાંસ આપ્યું છે. જે પક્ષ ભય, ભૂખ અને ભ્રષ્ટચાર દૂર કરવાની વાતો કરતા હતા તેમણે ''ચીટીંગ'' કર્યું છે એમ સભ્યશ્રી મંત્રીશ્રીને કહે તે અસંસદીય છે. | તા. ૮-૩-૯૬ શ્રેણી-૩, પુ.નં.૧૫ પાના નં.૧૨૦-૧૨૧ |
| ૧૨૭. | ચેનચાળા | એક સભ્યશ્રી બીજા સભ્યશ્રીને સંબોધીને''સભ્યશ્રી જે કાંઇ બેઠા બેઠા બોલે છે તે કોઇ પણ રીતે વ્યાજબી નથી અને તેઓ જે 'ચેનચાળા' કરે છે તે બિલકુલ વ્યાજબી નથી.'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૮-૨-૯૩ શ્રેણી-૨, પુ.નં.૮૨ પાના નં. ૮૯૬-૯૮ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૨૮. | ચૌદ વર્ષનો વનવાસ | સભ્યશ્રી ચૌદ વર્ષ પછી ફરી ચૂંટાયા હોય એટલે ''ચૌદ વર્ષનો વનવાસ'' પછી બોલવાનું થયું છે એમ કહેવું એ અસંસદીય છે. | તા. ૨૦–૩–૮૫ શ્રેણી–૨, પુ.નં. ૧ કો. ૨૫૨ |
| ૧૨૯. | ચોર | સી.સી.આઇ ''ચોર'' છે એમ આક્ષેપ કરવો અસંસદીય છે. | તા. ૨૩–૨–૮૩ શ્રેણી–૧, પુ.નં. ૮૧ ભાગ–૨, કો. ૪૪૦ |
| ૧૩૦. | ચોર કોટવાળને દંડે | કોઇ સભ્યશ્રીને સ્પષ્ટતા કરવાની અધ્યક્ષશ્રી તરફથી પરવાનગી આપવામાં આવે ત્યારે ખુલાસો કરનાર સભ્યશ્રીને ઉદ્દેશી ''ચોર કોટવાળને દંડે'' છે એવું આરોપણ કરવું અસંસદીય છે. | તા. ૧૩–૨–૮૧ શ્રેણી–૧, પુ.નં.૭૧ ભા.૨, કો.૩૮૬–૮૭ |
| ૧૩૧. | ચોરો કી બારાત | સભાગૃહમાં સભ્યશ્રીએ ''વિપક્ષ –ના સભ્યો દ્વારા ચોરો કી બારાત જેવા દ્રશ્યો આ સભાગૃહની અંદર ઉભા થયા છે'' તેમ કહેવું અસંસદીય છે. | તા. ૨૦–૨–૨૦૧૭ શ્રેણી–૪, પુ.નં.૩૮ પાના નં. ૫૪ |
| ૧૩૨. | ચુડેલ | વિરોધપક્ષના સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારને ઉદ્દેશીને, ''ચુડેલનો ચહેરો વધુ સુંદર હોય છે પણ જયારે એની પીઠ બતાવે ત્યારે...'' એમ કહેવું અસંસદીય છે અને સરકારની કામગીરીને 'ચુડેલ' સાથે સરખાવીને નિમ્નકક્ષાએ ઉતારી પાડવાનો ઈરાદો હોવાથી 'ચુડેલ' શબ્દ અસંસદીય છે. | તા. ૭–૬–૨૦૦૪ શ્રેણી–૩, પુ.નં.૧૦૬ પાના નં. ૪૯૬ |
| ૧૩૩. | ચીંથડા ઉડાડવા | ચર્ચા દરમિયાન વકતવ્યમાં, ''બંધારણના ચીંથડા ઉડાડવાનું કામ એમણે કર્યું છે'' તેમ કહેવું તે અસંસદીય છે. | તા. ૧–૧૦–૨૦૧૩ શ્રેણી–૪, પુ.નં.૯ પાના નં. ૭૧૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૩૪. | છળકપટ | પોતાની જાતને લોકશાહી વલણવાળા કહેનારા મોરચાના ભાઇએ ''છળકપટ'' કર્યું છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૨–૨–૭૬ શ્રેણી–૧, પુ.નં.૫૦ ભા.૨, કો. ૨૫૦ |
| ૧૩૫. | છીછરાપણું અને આછકલાઇ | કોઇપણ સભ્યશ્રીએ ગૃહમાં કરેલા વકતવ્યને ''છીછરાપણું અને આછકલાઇ'' વ્યકત કર્યા એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૦–૩–૮૯ શ્રેણી–૨, પુ.નં.૪૭ પા.નં. ૭૩૨–૭૩૩ |
| ૧૩૬. | છૂટાછેડા | મંત્રીશ્રી ''છૂટાછેડા''ને ઉત્તેજન આપે છે એમ આક્ષેપ કરવો અસંસદીય છે. | તા.૩–૮–૭૭ શ્રેણી–૧, પુ.નં.૫૫ ભાગ–૨, કો.૧૩૫૦–૧૩૫૧ |
| ૧૩૭. | છેતરપિંડી | (૧) બજેટને ખેડૂતલક્ષી અને ગ્રામલક્ષી કહેવું એ જનતા સાથેની ''છેતરપિંડી'' છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૬–૨–૭૯ શ્રેણી–૧, પુ.નં.૬૩ ભા.૨, કો. ૧૫ |
| | '' | (૨) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં મંત્રીશ્રીઓને ઉદ્દેશીને, ''મંત્રીશ્રીઓ સ્થળ પર ઘણાં પ્રશ્નોનો નિકાલ કરે છે આ પણ પ્રજા સાથેની એક છેતરપિંડી છે'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૬–૨–૭૮ શ્રેણી–૧, પુ.નં.૫૬ ભા.૨, કો. ૫૬૫ |
| | '' | (૩) સભ્યશ્રીએ સરકારશ્રીને ઉદ્દેશીને ''મોરબી ત્રણ માસમાં ઉભું થવું જોઇએ, ૩૩ ગામો ઉભા થવા જોઇએ, માળીયાનો વિસ્તાર ઉભો થવો જોઇએ. આ બાબત છેતરપિંડી સમાન બનશે.'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૯–૯–૭૯ શ્રેણી–૧, પુ.નં.૬૬ ભાગ–૨, કો.૧૮૯ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | '' | (૪) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને ''રાજ્ય સરકારે ગુજરાતની પ્રજાની સ્પષ્ટ રીતે છેતરપિંડી કરી છે'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૬-૩-૮૩ શ્રેણી-૧, પુ.નં.૮૩ ભા.૨, કો.૭૩૨-૩૩ |
| | '' | (૫) સભ્યશ્રીએ નાણા મંત્રીશ્રીને ઉદ્દેશીને ''નાણા મંત્રીશ્રીએ આર્થિક પરિસ્થિતિ બહુ સુધરી ગઇ છે એમ કહીને પ્રજા સાથે છેતરપિંડી કરી છે અને સભાગૃહને ગેરરસ્તે દોર્યું છે.'' 'છેતરપિંડી અને ગેરરસ્તે' દોર્યું છે તે શબ્દો અસંસદીય છે. | તા. ૨૭-૨-૭૮ શ્રેણી-૧, પુ.નં. ૫૮ ભા.૨, કો. ૩૦-૩૧ |
| ૧૩૮. | છેતરીને આવી છે | (૧) સરકાર પ્રજાને ''છેતરીને આવી'' છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૭-૭-૯૫ શ્રેણી-૩, પુ.નં. ૭ પાના નં. ૧૩૩-૩૪ |
| | '' | (૨) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને, ''જનતાદળની સરકાર બધાને છેતરીને આવી છે. લોકોને છેતરીને આવી છે.'' એમ કહેવું અસંસદીય છે. કોઇપણ પક્ષની સરકાર 'છેતરીને આવી છે' એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૫-૩-૨૦૦૩ (બીજી બેઠક) શ્રેણી-૩, પુ.નં.૧૦૦ પાના નં. ૩૮૬ |
| ૧૩૯. | છેતરી રહ્યા છે | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં વીજળી મંત્રીશ્રીને ઉદ્દેશીને ''વીજળીકરણની બાબતમાં ખોટી હકીકત રજૂ કરીને પ્રજાને છેતરી રહ્યા છે. સભાગૃહને છેતરી રહ્યા છે'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૩૦-૧-૭૯ શ્રેણી-૧, પુ.નં. ૬૧ ભા.૨, કો.૪૯૫-૯૬ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | છેતરવું | (૧) સભ્યશ્રીએ બીજા સભ્યશ્રીને ઉદ્દેશીને આ તો સભાગૃહને ''છેતરવા'' જેવું થયું. 'છેતરવું' શબ્દ અસંસદીય છે. | તા. ૨૩–૮–૬૦ શ્રેણી–૧, પુ.નં.૧, ભા.૨, પા.નં.૭૫ |
| | '' | (૨) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને, ''આવી રીતે જાહેરાતો કરી લોકોને છેતરવાનું કામ આ સરકારે અને અગાઉના મિત્રોએ કર્યું છે.'' એમ કહેવું અસંસદીય છે. 'છેતરવું' શબ્દ અસંસદીય છે. | તા. ૨૫–૩–૨૦૦૩ (પહેલી બેઠક) શ્રેણી–૩, પુ.નં.૧૦૦ પાના નં. ૭૨ |
| ૧૪૦. | જખ | (૧) વિરોધપક્ષના નેતાશ્રી દ્વારા તેમના પ્રવચનમાં, ''ભારતીય જનતા પક્ષ શાસિત રાજ્યો એમાં જોડાય એટલે એ જખ મારી અને આમ ઉંધેથી કાન પકડીને જોડાય'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૭–૨–૨૦૦૬ શ્રેણી–૩, પુ.નં.૧૧૬ પાના નં. ૨૭૩ |
| | '' | (૨) સભ્યશ્રી દ્વારા, ખેતીવાડી બજાર સમિતિ બાબતે ''અહીંયા સેસ લેવાને પાત્ર થતી નથી તો શું જખ મારવા આવી ખેતીવાડી બજાર સમિતિ.'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૨–૩–૨૦૦૬ શ્રેણી–૩, પુ.નં.૧૨૧ પાના નં. ૩૩૦ |
| ૧૪૧. | જમાત અને ઉહાપોહ | કેશુભાઈની આખી ''જમાત'' અત્યારે ઉહાપોહ મચાવી રહી છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૦–૮–૮૦ શ્રેણી–૩, પુ.નં.૬૮ ભા.૨, કો.૨૦૭–૦૮ |
| ૧૪૨. | જાણીબૂજીને ગેરહાજર રહ્યા છે. | સભાગૃહમાં પ્રશ્નોત્તરી બાદ ચર્ચા વખતે ''જાણીબૂજીને આરોગ્ય મંત્રીશ્રી ગેરહાજર રહ્યા છે'' એમ આરોપણ કરવું અસંસદીય છે. | તા. ૧૭–૨–૭૮ શ્રેણી–૧, પુ.નં.૫૭ ભા.૨, કો. ૪૫૧ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૪૩. | જીલબ્બે કરનારા | સભાગૃહના સભ્ય હોય કે ન હોય તેવી કોઇ પણ વ્યકિતને ''જીલબ્બે કરનાર'' તરીકે ઓળખાવવી અસંસદીય છે. | તા. ૧૪-૩-૬૯ શ્રેણી-૧, પુ.નં.૨૨ ભા.૨, કો. ૩૧૪૬ |
| ૧૪૪. | જીહજૂરિયા | માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ જેઓને આગેવાન નાગરિકમાંથી સરકાર નીમવાની હોય તેમને ''જીહજૂરિયા'' કહેવા તે અસંસદીય છે. | તા. ૧૫-૨-૭૩ શ્રેણી-૧, પુ.નં.૪૦ ભા.૨, કો. ૧૫૯ |
| ૧૪૫. | જૂઠ્ઠા | (૧) સભ્યશ્રી ''જૂઠ્ઠા'' છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૨-૩-૭૩ શ્રેણી-૧, પુ.નં.૪૨ ભાગ-૨, કો.૪૮ |
| | '' | (૨) સભ્યશ્રીએ મંત્રીશ્રીને સંબોધીને ઈરાદાપૂર્વક કે હેતુપૂર્વક ''જૂઠ્ઠા'' કહેવા એ અસંસદીય છે. | તા. ૨૧-૩-૨૦૦૧ શ્રેણી-૩, પુ.નં.૭૧ પાન નં.૯-૧૪ |
| ૧૪૬. | જૂઠ્ઠો | સભ્યશ્રી તેમના વકતવ્યમાં મંત્રીશ્રી મને ''જૂઠ્ઠો'' પાડવાની કોશિશ કરે છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૬-૩-૮૭ (બીજી બેઠક) શ્રેણી-૨, પુ.નં.૨૮ કો. ૧૨૧૩ |
| ૧૪૭. | જૂઠ્ઠાણું | (૧) સરકાર ''જૂઠ્ઠાણાં'' દ્વારા પ્રયાસ કરે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૨૧-૨-૮૩ શ્રેણી-૧, પુ.નં. ૮૧ ભા.૨, કો.૨૦૫ |
| ૧૪૮. | જૂઠ્ઠાણું | (૨) મુખ્યમંત્રીશ્રીએ સભ્યશ્રીને ઉદ્દેશીને ''જૂઠ્ઠાણાનો આશરો લેવો તે જરૂરી નથી'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૩-૮-૭૭ શ્રેણી-૧, પુ.નં.૫૫ ભા.૨, કો.૧૪૪૮-૧૪૪૯ |
| | '' | (૩) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં બીજા પક્ષને ઉદ્દેશીને ''જનતાની સરકાર આ બિલ લાવવાની હતી તેવી જાતની જૂઠ્ઠાણું વાત શા માટે કરો છો?'' 'જૂઠ્ઠાણું' શબ્દ અસંસદીય છે. | તા. ૧૯-૮-૮૦ શ્રેણી-૧, પુ.નં.૬૮ ભા.૨, કો.૧૧૯ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | '' | (૪) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને ''વાવાઝોડાની પરિસ્થિતિમાં ઘણી મદદ મળી છે. આનાથી વધારે જૂઠ્ઠાણું કયું હોઇ શકે ?'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૨૨-૨-૮૩ શ્રેણી-૧, પુ.નં.૮૧ ભાગ-૨, કો.૨૯૪-૨૯૫ |
| | '' | (૫) સભ્યશ્રીઓએ તેમના પ્રવચનમાં મંત્રીશ્રીને ઉદ્દેશીને મંત્રીશ્રીએ રજૂ કરેલી વાત હળાહળ ''જૂઠ્ઠાણું'' છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૯-૨-૯૨ શ્રેણી-૨, પુ.નં.૭૧ પા.નં.૬૨૩-૬૨૪ |
| ૧૪૯. | જૂઠ્ઠાણાં ફેલાવવાં | વિરોધપક્ષના સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સત્તાધારી પક્ષને ઉદ્દેશીને ''જો સૌથી વધારે જૂઠ્ઠાણાં ફેલાવવામાં માહિર હોય તો ભારતીય જનતા પાર્ટીના આ સભ્ય છે.'' એમ કહેવું અસંસદીય છે. કોઇ પણ 'જૂઠ્ઠાણાં ફેલાવવામાં માહિર છે' એમ કહી શકાય નહિ. 'જૂઠ્ઠાણાં ' શબ્દ અસંસદીય છે. | તા. ૪-૩-૨૦૦૩ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.નં.૯૪ પાના નં. ૨૫૩-૫૪ |
| ૧૫૦. | જૂઠ્ઠી સરકાર | સરકારને ''જૂઠ્ઠી'' સરકાર કહેવું અસંસદીય છે. | તા. ૨૦-૮-૮૬ શ્રેણી-૨, પુ.નં.૧૮ કો. ૧૩૪૦ |
| ૧૫૧. | જૂઠ્ઠી જૂઠ્ઠી વાતો કરીને લોકોને ભરમાવવાની વાતો કરે છે. | વિરોધપક્ષના સભ્યો ''જૂઠ્ઠી જૂઠ્ઠી વાતો કરીને લોકોને ભરમાવવાની વાતો કરે છે'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૮-૩-૮૭ શ્રેણી-૨, પુ.નં.૨૭ કો. ૪૬૯ |
| ૧૫૨. | જૂઠ્ઠી વાતો | વિરોધપક્ષના નેતાશ્રીએ સરકારને ઉદ્દેશીને, ''એ બધી જ જૂઠ્ઠી વાતો છે. બધી જ ખોટી વાતો છે, બધી ગેરમાર્ગે દોરનારી છે.'' એમ કહેવું અસંસદીય છે. ''જૂઠ્ઠી વાતો'' એ શબ્દ અસંસદીય છે. | તા. ૨૩-૨-૨૦૦૪ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.નં.૧૦૩ પાના નં. ૭૪ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૫૩. | જૂઠ્ઠું | (૧) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને ''નાણા મંત્રીશ્રી જેવા જૂઠ્ઠું બોલી શકતા હોય, મુખ્યમંત્રીશ્રી જેવા જૂઠ્ઠું બોલી શકતા હોય'' એટલે કે સભાગૃહમાં કોઇ પણ મંત્રી ખોટું બોલે છે એમ કહેવું અસંસદીય છે. | તા. ૧૬–૧૧–૭૨ શ્રેણી–૧, પુ.નં.૩૮ ભા.૨, કો. ૪૦૮ |
| | '' | (૨) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધપક્ષને ઉદ્દેશીને ''વિરોધ પક્ષોને રજૂઆત કરવાનો મોકો મળતો નથી એના કારણે બધા જ જૂઠ્ઠ ચલાવવામાં આવે છે.'' 'જૂઠ્ઠ' શબ્દ અસંસદીય છે. | તા. ૨૩–૭–૭૫ શ્રેણી–૧, પુ.નં.૪૮ ભાગ–૨, કો.૨૭૦ |
| | '' | (૩) સભ્યશ્રીએ મંત્રીશ્રીને ઉદ્દેશીને ''બે મંત્રીશ્રીઓની વાતમાંથી કઇ વાત આપણે સાચી માનવાની છે? અને જો બેમાંથી એકની વાત સાચી હોય તો બીજાએ જૂઠ્ઠું બોલવા માટે કે આવી ગેરસમજ ફેલાવવા માટેનું કારણ શું છે.'' એમ કહેવું અસંસદીય છે. | તા. ૧–૩–૮૨ શ્રેણી–૧, પુ.નં.૭૬ ભાગ–૧, કો. ૩૮૨ |
| | – " – | (૪) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધપક્ષના સભ્યશ્રીઓને ઉદ્દેશીને, ''જૂઠ્ઠું બોલવું, જોરથી બોલવું ને જાહેરમાં બોલવું '' એમ કહેવું અસંસદીય છે. 'જૂઠ્ઠું' શબ્દ અસંસદીય છે. બીજા પક્ષના સભ્યશ્રીઓ 'જૂઠ્ઠું' બોલે છે. એમ કહી શકાય નહીં. | તા.૨૭–૫–૦૪ (પહેલી બેઠક) શ્રેણી–૩, પુ.૧૦૫, પા.નં.૧૫ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૫૪. | જૂઠ્ઠું તૂત | સભ્યશ્રીએ બીજા સભ્યશ્રીને ઉદ્દેશીને '' મારા નામે બીજા સભ્યશ્રીએ જૂઠ્ઠું તૂત તેમની આદત પ્રમાણે ચલાવીને ખોટી રજૂઆત કરી છે. '' 'જૂઠ્ઠું તૂત' શબ્દ અસંસદીય છે. | તા.૨૮-૧૨-૮૨ શ્રેણી-૧, પુ.૮૦, ભાગ-૨, કો.૫૫-૫૬ |
| ૧૫૫. | જૂઠ્ઠું બોલવાની જૂની આદત | એક સભ્યશ્રીએ અન્ય સભ્યશ્રીને ઉદ્દેશીને ''જૂઠ્ઠું બોલવાની જૂની આદત'' છે એમ કહેવું એ અસંસદીય છે. | તા. ૨૫-૩-૮૬ શ્રેણી-૨, પુ.૧૬, કો.૮૭૬-૮૭૭ |
| ૧૫૬. | જૂના જમાનાની એક રેકર્ડ છે. | અન્ય સભ્યશ્રીના વકતવ્યના સંદર્ભમાં આ તો તેમના ''જૂના જમાનાની એક રેકર્ડ છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૮-૩-૮૫ શ્રેણી-૨, પુ.૨, કો.૩૪૦-૩૪૧ |
| ૧૫૭. | જોડા મારે છે. | કેન્દ્ર સરકાર ગુજરાત સરકારને ''જોડા મારે છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૯-૩-૮૩ શ્રેણી-૧, પુ.૮૨, ભાગ-૨,કો.૨૯૩ |
| ૧૫૮. | ટોર્ચર | સભ્યશ્રી ગૃહમાં બોલતા હોય અને એ સાંભળવું પડે એને ''ટોર્ચર'' કહેવું એ બરાબર નથી. | તા.૨૮-૧-૮૬ શ્રેણી-૨,પુ.૧૦, કો.૩૬૮ |
| ૧૫૯. | ઠપકો આપવાનો એક જાતનો ખેલ કરવામાં આવે છે. | યુનિવર્સિટીને પોતાની ફરજ યોગ્ય રીતે ન બજાવવા માટે ''ઠપકો આપવાનો એક જાતનો ખેલ'' કરવામાં આવે છે એમ આક્ષેપ કરવો અસંસદીય છે. | તા.૨૨-૮-૭૯ શ્રેણી-૧, પુ.૬૦, ભાગ-૨, કો.૧૭૭-૧૭૮ |
| ૧૬૦. | ઠોકી બેસાડયું | બહુમતીના જોરે નગરપાલિકામાં ગમે તેવા માણસોને ''ઠોકી બેસાડવામાં'' આવ્યા છે એમ કહેવું અસંસદીય છે. | તા.૨૧-૨-૮૩ શ્રેણી-૧, પુ.૮૧, ભાગ-૨, કો.૨૧૦ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૬૧. | ડખલગીરી | સભ્યશ્રી ગૃહમાં પ્રવચન કરતા હોય તે દરમ્યાન વચ્ચે અન્ય સભ્યશ્રી પ્રવચન કરનાર સભ્યશ્રીને પોતાને લગતી બાબત અંગે કહે તે વખતે માનનીય સભ્યશ્રી વચ્ચે એ ''ડખલગીરી ના કરે એવું કહો'' એમ કહેવું બરાબર નથી. | તા.૩–૪–૯૨ શ્રેણી–૨, પુ.૭૮, પા.નં.૮૬૫ |
| ૧૬૨. | ડબડબ | પરિવર્તનની વાત લઇને આવ્યા છો એટલે હું એ વાત કરી રહ્યો છું અને એનો અમલ કરો, વચ્ચે ''ડબડબ'' કર્યા સિવાય એમ કહેવું અસંસદીય છે. | તા.૨૩–૩–૯૦ શ્રેણી–૨, પુ.૫૩, પા.નં.૧૨૩ |
| ૧૬૩. | ડફણા મારવા | જિલ્લા/તાલુકા/નગરપાલિકાઓની ચૂંટણીઓના ચૂકાદાનો ઉલ્લેખ કરી, મંત્રીશ્રીએ, વિરોધપક્ષને ઉદ્દેશીને ''ગધેડાને બહુ 'ડફણાં મારીએ' તો ગધેડો એ ગધેડાની રીતે રહેતો હોય છે.'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૨૪–૩–૦૮ શ્રેણી–૩, પુ.૧૩૦, પા.નં.૩૧૨ |
| ૧૬૪. | ડંફાસ | (૧) મંત્રીશ્રીએ પંચમહાલ જિલ્લાના રક્ષિત સ્મારકો પાછળ ખર્ચ કર્યાનો આંકડો આપ્યો ત્યારે સભ્યશ્રીએ કહયું કે ''કામદેવની મૂર્તિ છે એ એશિયામાં કોઇ મૂર્તિ ન હોય એટલી સુંદર છે. તેનું કોઇ જાતનું ધ્યાન સરકાર રાખતી નથી અને સ્મારક અને સંસ્કારની મોટી મોટી ડંફાસો મારે છે.'' 'ડંફાસો મારે છે' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૧–૩–૯૬ શ્રેણી–૩, પુ.૧૫, પા.નં.૨૬૮–૨૬૯ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | – '' – | (૨) મોરચા સરકારે ઘર બાંધવા માટે મદદ કરવાની '' ડંફાસો '' મારી પાંચ રૂપિયાના એક આપ્યા છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧–૩–૭૬ શ્રેણી–૧, પુ.૫૧, ભાગ–૨, કો.૪૯૬ |
| | – '' – | (૩) વિરોધપક્ષ કોઇ કાર્યક્રમ આપવાની વાત કરે તો તે ''ડંફાસો'' મારે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧–૩–૭૬ શ્રેણી–૧, પુ.૫૧, ભાગ–૨, કો.૪૯૬–૪૯૮ |
| | – '' – | (૪) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં મંત્રીશ્રીનું નામ જોડીને '' ડંફાસ મારીને '' કહેવું એ શબ્દ અસંસદીય છે. | તા.૩૧–૭–૨૦૦૧ શ્રેણી–૩, પુ.૭૫, પા.નં.૬૬૮ |
| ૧૬૫. | ડાકુ | શાસકપક્ષના સભ્યોને ''ડાકુ'' કહેવા અસંસદીય છે. | તા.૨૮–૩–૭૭ શ્રેણી–૧, પુ.૫૨, ભાગ–૨, કો.૫૧૧ |
| ૧૬૬. | ડાહી સાસરે ન જાય અને ગાંડીને શિખામણ આપે. | ''ડાહી સાસરે ન જાય અને ગાંડીને શિખામણ આપે'' એમ કહેવું એ અસંસદીય છે. | તા.૨૧–૩–૯૬ (બીજીબેઠક) શ્રેણી–૩, પુ.૧૭, પા.નં.૭૫૪–૭૫૫ |
| ૧૬૭. | ડાહી સાસરે ન જાય | સભ્યશ્રી બીજા સભ્યશ્રીને ઉદ્દેશીને ''ડાહી સાસરે ન જાય'' એમ કહેવું એ અસંસદીય છે. | તા.૨૮–૮–૨૦૦૧ (બીજી બેઠક) શ્રેણી–૩, પુ.૮૧, પા.નં.૪૭૫ |
| ૧૬૮. | ડાંડાઇ | પાણી પુરવઠાનું સબડિવિઝન એક કર્મચારીની '' ડાંડાઇને '' કારણે એક સ્થળેથી બીજે સ્થળે બદલ્યું. ' ડાંડાઇ ' શબ્દ અસંસદીય છે. | તા.૨૯–૩–૯૦ શ્રેણી–૨, પુ.૫૩, પા.નં.૨૯૮ |
| ૧૬૯. | ડાંડોનું રાજ | પંચાયતી રાજ '' ડાંડોનું રાજ '' છે એમ કહેવું એ અસંસદીય છે. | તા.૨૫–૭–૬૭ શ્રેણી–૧, પુ.૧૯, ભાગ–૨, કો.૧૦૯૮ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૭૦. | ડીંડક | સભ્યશ્રીએ તેમના વકતવ્યમાં ગ્રામસભા બાબતે, ''ગ્રામસભાને ડીંડક કહું તો ચાલે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧-૩-૦૬ શ્રેણી-૩, પુ.૧૧૭, પાના.૨૧૨ |
| ૧૭૧. | ડીંડવાણું | રોજગાર વિનિમય કચેરીમાં નામો મોકલવામાં '' ડીંડવાણું '' ચાલે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧૮-૩-૮૭ શ્રેણી-૨, પુ.૨૭, કો.૬૯૨ |
| ૧૭૨. | ડોબું વેચીને ડફોળ | સરકારે '' ડોબું વેચીને ડફોળ '' બનવાની નીતિને તિલાંજલી આપવી પડશે એમ કહેવું અસંસદીય છે. | તા.૩૧-૩-૮૩ શ્રેણી-૧, પુ.૮૩, ભાગ-૨, કો.૯૯૮ |
| ૧૭૩. | ડોળ | મહેસૂલ મંત્રીશ્રી કાંઇ જાણતા નથી એવો ''ડોળ'' કરી રહ્યા છે એમ કહેવું બરાબર નથી. | તા.૧૬-૭-૯૮ શ્રેણી-૩, પુ.૩૭, પા.નં.૨૬૧-૨૬૨ |
| ૧૭૪. | ઢોંગ | નશાબંધીનો અમલ કરવાનો સરકાર ''ઢોંગ'' કરે છે એમ કહેવું એ અસંસદીય છે. | તા.૭-૭-૭૨ શ્રેણી-૧, પુ.૩૪, ભાગ-૨, કો.૯૫૦ |
| ૧૭૫. | ઢોંગી સરકાર | સભ્યશ્રીએ સરકારને સંબોધીને ''ઢોંગી સરકારે'' ૯૦-૯૧ ના બજેટમાં રૂ.૭૨૩.૮૮ લાખના ખર્ચની જોગવાઇ કરી છે એમ કહેવું અસંસદીય છે. | તા.૩-૩-૯૨ શ્રેણી-૨, પુ.૭૩, પા.નં.૧૭૧ |
| ૧૭૬. | ઢંગધડા વિના | બંદરોના વિકાસ માટે કરમુકત કરવાની રજૂઆતનો ઉલ્લેખ કરીને કેન્દ્ર સરકાર બાબતે, '' ગુજરાત માટે ઓરમાયું વર્તન રાખવામાં ઢંગધડા વિનાના પક્ષો, કોંગ્રેસ શાસિત યુ.પી.એ.ની સરકાર '' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૫-૯-૦૮ શ્રેણી-૩, પુ.નં.૧૩૮, પા.નં.૨૯૫ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૭૭. | તડીપાર થયા હોય, ઉતારમાં ઉતાર હોય, ગુંડા હોય, ડાકુ હોય, ડિબોચર હોય સામાન્ય આમને તો ના ચાલે. | પક્ષના સભ્યો વિશે ''તડીપાર થયા હોય, ઉતારમાં ઉતાર હોય, ગુંડા હોય, ડાકુ હોય, ડિબોચર હોય સામાન્ય આમને તો ના ચાલે.'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૫-૭-૮૭ શ્રેણી-૨, પુ.૨૯, કો.૧૧૯૩ |
| ૧૭૮. | તમાશો | (૧) સભ્યશ્રી તેમના પ્રવચનમાં એમ કહે કે ગુજરાતની અંદર આ એક '' તમાશો ચાલી રહ્યો છે '' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૮-૨-૮૬ શ્રેણી-૨, પુ.૧૨, કો.૧૦૦૫ |
| | - '' - | (૨) વિરોધપક્ષના નેતાશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને, ''રથયાત્રાના તમાશાના બદલે તે ડ્રોપ આઉટ ન થાય'' એમ કહેવું અસંસદીય છે. સરકારની યોજનાને ''તમાશા'' સાથે સરખાવી શકાય નહીં '' તમાશો '' શબ્દ અસંસદીય છે. | તા.૨૧-૨-૦૫ શ્રેણી-૩, પુ.૧૦૯, પા.નં.૧૯૮ |
| | - '' - | (૩) વિરોધપક્ષના નેતાશ્રીએ સરકારશ્રીને ઉદ્દેશીને, ''ઉદ્યોગોને પાવર ન મળતો હોય ત્યારે થોડો હસવા રડવાનો તમાશો થઈ જાય તો ઘણું સારું'' એમ કહેવું અસંસદીય છે. 'તમાશો' શબ્દ અસંસદીય છે. | તા.૧૨-૯-૦૫ શ્રેણી-૩ , પુ.૧૧૫, પા.નં.૨૦૨ |
| | - '' - | (૪) વિરોધપક્ષના નેતાશ્રીએ સરકારશ્રીને ઉદ્દેશીને, ''જાહેરાત કરવાથી ન થાય, તમાશા કરવાથી પણ ન થાય'' એમ કહેવું અસંસદીય છે. 'તમાશા' શબ્દ અસંસદીય છે. | તા.૧૪-૯-૦૫ શ્રેણી-૩, પુ.૧૧૫, પા.નં.૪૦૩ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૭૯. | તમારા બાપની પેઢી છે. | સભ્યશ્રી તેમના પ્રવચનમાં એસ.ટી.ના ચેરમેનને સંબોધીને '' એ તમારા બાપની પેઢી છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૨–૮–૮૬ શ્રેણી–૨, પુ.૧૮, કો.૪૫૦ |
| ૧૮૦. | તમારા પૂર્વજો | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધપક્ષના સભ્યશ્રીને ઉદ્દેશીને, ''તમારા પૂર્વજોને કારણે વહીવટીનો દાખલો કહ્યો'' એમ કહેવું ઈચ્છનીય નથી. સભ્યશ્રીઓ માટે ''તમારા પૂર્વજો''નો શબ્દોપ્રયોગ શોભનીય નથી, ઈચ્છનીય નથી. | તા.૧૧–૩–૨૦૦૩ (બીજી બેઠક) શ્રેણી–૩, પુ.૯૬, પા.નં.૨૫૦ |
| ૧૮૧. | તમારા શાસનમાં કોઇ બાપો પૂછવા નહોતું આવતું | સભ્યશ્રી તેમના પ્રવચનમાં વિરોધપક્ષના સભ્યશ્રીને સંબોધીને કહે કે તમારા શાસનમાં ''કોઇ બાપો પૂછવા નહોતું આવતું '' તે શબ્દો અસંસદીય છે. | તા.૧૦–૩–૨૦૦૦ શ્રેણી–૩, પુ.૬૦, પા.નં.૬૫૪–૬૫૫ |
| ૧૮૨. | તમારું શકોરું કરવાનું છે. | કરવેરાની બાબતમાં એમ કહેવું કે અમુક આઇટમ ઉપર કર લઇને ''તમારું શકોરું કરવાનું છે'' તે અસંસદીય છે. | તા.૮–૭–૮૫ શ્રેણી–૨, પુ.૫, કો.૧૪૭ |
| ૧૮૩. | તમે બધા દારૂડિયા છો | સભાગૃહમાં સભ્યશ્રીએ ''તમે બધા દારૂડિયા છો'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૨૩–૨–૧૭ શ્રેણી–૪,પુ.૩૮, પા.નં.૩૭૭ |
| ૧૮૪. | તરાપ મારવી | ચર્ચા દરમ્યાન, મંત્રીશ્રીએ પોતાના પ્રવચનમાં ''બંધારણનો ઉપયોગ કરીને કેન્દ્ર સરકાર રાજય સરકારના જે અધિકારો છે એના 'ઉપર તરાપ મારે છે' '' તેમ કહેવું અસંસદીય છે. | તા.૨૪–૩–૧૧ શ્રેણી–૩, પુ.૧૬૦, પા.નં.૨૨૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૮૫. | તોડપાણી, તોડ | પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રીએ, ''તાડપત્રીમાં તોડપાણી જેવું થાય છે '' તેમ કહેવું તે તેમજ ''તોડપાણી'' અને ''તોડ''શબ્દ અસંસદીય છે. | તા.૩–૩–૧૧ શ્રેણી–૩, પુ.૧૫૬, પા.નં.૪ |
| ૧૮૬. | તાયફા | સભાગૃહમાં ચર્ચા દરમ્યાન સભ્યશ્રીએ પોતાના વકતવ્યમાં રાજય સરકારને ઉદ્દેશીને ''શિક્ષણ સદરમાં જે ફાળવણી થઇ છે એનાથી તો ખાલી પ્રવેશોત્સવ જેવા 'તાયફા' કરવામાં આવે છે.'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૯–૩–૧૫ શ્રેણી–૪, પુ.૨૨, પા.નં.૨૩૪ |
| ૧૮૭. | તંગડી ઉંચી રાખવી | સભાગૃહમાં ચર્ચા દરમ્યાન સભ્યશ્રીએ પોતાના વકતવ્યમાં, ચૂંટણીમાં જનતાના ચુકાદાનો ઉલ્લેખ કરી, '' પડેને તોય તંગડી ઉંચી રાખે '' તેમ કહેવું અસંસદીય છે. | તા.૬–૭–૦૯ શ્રેણી–૩, પુ.૧૪૩, પા.નં.૬૭ |
| ૧૮૮. | તું તો છાનો માનો બેસ | '' તું તો છાનો માનો બેસ '' એમ કહેવું તે અસંસદીય છે.. | તા.૧૪–૭–૮૮ શ્રેણી–૨, પુ.૩૮, પા.નં.૧૯૧ |
| ૧૮૯. | તુચ્છ | પહેલા અને બીજા ધોરણની પરીક્ષા ''તુચ્છ'' છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧૭–૭–૮૫ શ્રેણી–૨, પુ.૬, કો.૭૨૭–૭૨૮ |
| ૧૯૦. | દગો | વિધુત મંત્રીશ્રીએ ગુજરાતને '' દગો '' કર્યો છે એમ કહેવું અસંસદીય છે. | તા.૩–૭–૭૨ શ્રેણી–૧, પુ.૩૪, ભાગ–૨ કો.૫૪૨–૫૪૩ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૯૧. | દલાલ | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં '' દલાલો હતા એ દલાલોને બંધ કરવાની કિલ્લાબંધી કરવામાં આવી છે.'' એમ કહેવું અસંસદીય છે. 'દલાલ' શબ્દ જે સંદર્ભમાં વપરાયેલ છે તે સંદર્ભમાં અસંસદીય છે. | તા.૨–૩–૦૫ શ્રેણી–૩, પુ.૧૧૧, પા.નં.૩૬૭ |
| ૧૯૨. | દલાલી | મંત્રીશ્રી આરોગ્ય અંગે જે કાંઇ વ્યવસ્થા કરે છે તેને માટે '' દલાલી'' કરે છે એ શબ્દો અસંસદીય છે. | તા.૩૦–૬–૯૮ શ્રેણી–૩, પુ.૩૩, પા.નં.૧૭૧–૧૭૨ |
| ૧૯૩. | દલા તરવાડીની નીતિ | વિરોધપક્ષના સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને ''આ દલા તરવાડીની નીતિ'' આ વિજ્ઞાન યુગમાં ૨૧ મી સદીમાં વાજબી નથી. એમ કહેવું અસંસદીય છે. સરકારની નીતિને ''દલા તરવાડીની નીતિ'' સાથે સરખાવી શકાય નહીં. ''દલા તરવાડીની નીતિ'' શબ્દ અસંસદીય છે. | તા. ૧૧–૩–૨૦૦૩ (બીજી બેઠક) શ્રેણી–૩, પુ.૯૬, પા.નં.૨૪૨ |
| ૧૯૪. | દલા તરવાડી | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારને ઉદ્દેશીને, '' ઉદ્યોગ ખાતાની ભલામણથી દલા તરવાડીની જેમ એને લાભ આપી દે '' એમ સરકાર પર આક્ષેપ કરી શકાય નહીં. સરકારની નીતિને '' દલા તરવાડીની જેમ '' સરખામણી કરી શકાય નહીં. | તા.૨૩–૨–૦૪ (પહેલી બેઠક) શ્રેણી–૩, પુ.૧૦૩, પા.નં.૯૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૯૫. | દાનત હોવી | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં મંત્રીશ્રીને ઉદ્દેશીને ''એમની દાનત હોય તો એમણે ત્યાંના રેડિયોલોજીસ્ટની નિમણૂંક કરી હતી કે કેમ'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૬-૩-૦૭ (બીજી બેઠક) શ્રેણી-૩, પુ.૧૨૭, પા.નં.૪૫ |
| ૧૯૬. | દંભ | (૧) સંકલ્પની ભાવના સાથે સંમતિ દર્શાવવા છતાં સંકલ્પ ન સ્વીકારી શકનાર સભ્ય ''દંભ''નો આદર્શ પ્રકાર રજૂ કરે છે એમ કોઇ સભ્યે બીજા સભ્યને કહેવું એ અસંસદીય છે. | તા.૨૪-૧-૬૮ શ્રેણી-૧, પુ.૨૦, ભાગ-૨, કો.૨૧૫-૨૧૬ |
| | - '' - | (૨) શાસક પક્ષ લોકશાહીની રખેવાળી કરવાનો ''દંભ'' કરે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧-૭-૭૭ શ્રેણી-૧, પુ. ૫૩ ભાગ-૨, કો.૯૧૮-૯૧૯ |
| | - '' - | (૩) વિરોધપક્ષના નેતાશ્રીએ સરકારશ્રીને ઉદ્દેશીને ''સરકારે આયુર્વેદ યુનિવર્સિટીના ચાન્સેલર ને દૂર કરવા માટે ખાસ વટહુકમ બહાર પાડી અને જે કર્યું છે તેને હું 'દંભ' નો (Hypocrisy) એક બેશરમ નમૂનો ગણું છું '' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૭-૨-૭૮ શ્રેણી-૧, પુ.૫૭ ભાગ-૨, કો.૪૦૭ |
| | - '' - | (૪) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં '' રાજય સરકાર દંભ કરે છે.'' એમ કહેવું અસંસદીય છે. | તા.૭-૨-૮૪ શ્રેણી-૧, પુ.૮૫, ભાગ-૨, કો.૮૪-૮૫ |
| | - '' - | (૫) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં બીજા સભ્યશ્રીને ઉદ્દેશીને ''જે લોકો દંભી વાત કરે છે એ દંભનો પડદો ચીરવા પણ માગું છું.'' એ શબ્દો અસંસદીય છે. | તા.૪-૪-૮૪ શ્રેણી-૧, પુ.૮૮, ભાગ-૨, કો.૮૫૫-૮૫૬ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | – '' – | (૬) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં ''સરકારે જે હેતુ આ બિલનો જણાવ્યો છે, એનાથી વિરૂદ્ધમાં વર્તન સરકાર કરે છે તે 'દંભ' છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૬–૩–૮૩ શ્રેણી–૧, પુ.૮૩, ભાગ–૨, કો.૭૯૭–૭૯૮ |
| | – '' – | (૭) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્ધેશીને ''આ સરકાર એ ગરીબ માણસો માટેની સરકાર છે એ એનો દંભ છે.'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૩–૨–૮૧ શ્રેણી–૧, પુ.૭૨, ભાગ–૨, કો.૨૮–૨૯ |
| | – '' – | (૮) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં આપણે બધાએ '' દંભ છોડવાનો છે.'' એમ કહેવું અસંસદીય છે. | તા.૩૧–૮–૨૦૦૧ શ્રેણી–૩, પુ.૮૨, પા.નં.૬૦૯–૬૧૦ |
| ૧૯૭. | દંભ અને આડંબર | ''કેવળ દંભ અને આડંબરને આગળ રાખીને રાજય નીતિ નકકી કરે છે.''એમ સરકાર પર આક્ષેપ કરવો અસંસદીય છે. | તા.૨૬–૩–૭૩ શ્રેણી–૧, પુ.૪૩, ભાગ–૨, કો.૫૩ |
| ૧૯૮. | દંભ અને છેતરપિંડી | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં મંત્રીશ્રીને ઉદ્ધેશીને ''એકેડેમિક કાઉન્સિલ બાજુ પર રાખીને શિક્ષણનું ધોરણ સુધારવાનું શિક્ષણ મંત્રીશ્રી જયારે કહે છે ત્યારે માત્ર દંભ અને છેતરપિંડી સિવાય મને બીજું કંઇ દેખાતું નથી'' 'દંભ અને છેતરપિંડી' શબ્દ અસંસદીય છે. | તા.૧૨–૨–૮૨ શ્રેણી–૧, પુ.૭૬, ભાગ–૨, કો.૪૮૪ |
| ૧૯૯. | દંભી | સભ્યશ્રી પોતાની જાત માટે ''દંભી'' શબ્દ વાપરે એ અસંસદીય છે. | તા.૩૧–૮–૨૦૦૧ શ્રેણી–૩, પુ.૮૨, પા.નં.૬૧૦–૬૧૧ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૦૦. | દાદાગીરી | સામે પક્ષે બેઠેલા કેટલાક સભ્યશ્રીઓએ પોતાને અનુકૂળ ન લાગે તેવી વાત હું કહેતો હોઇશ એવું એમને લાગ્યું હશે, એટલે મને કહેવા માટેની તક ન આપવાના હેતુથી (આ તબકકે શાસક પક્ષના ધારાસભ્યશ્રીઓએ અવાજ કરતાં) તમારી ''દાદાગીરીથી '' હું દબાઇ નથી જવાનો, એમ કહેવું અસંસદીય છે. | તા.૧૬.૭.૯૨ શ્રેણી–૨, પુ.૭૯, પા.નં.૩૪૧–૩૪૩ |
| ૨૦૧. | દેકારો | શિક્ષણ ખાતાની ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા વિધાનસભામાં ઘણો મોટો ''દેકારો'' થયો એમ કહી શકાય નહીં. | તા.૨૩–૨–૮૪ શ્રેણી–૧, પુ.૮૬, ભાગ–૨, કો.૨૮૪ |
| ૨૦૨. | દેખાડવાના અને ચાવવાના જુદા | આ નીતિમાં માનતા નથી અને ''અમારા દેખાડવાના અને ચાવવાના જુદા છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૩૦–૮–૮૬ શ્રેણી–૨, પુ.૧૯, કો.૧૧૪૭ |
| ૨૦૩. | દેવાળું | મોરચા સરકારે પોતાની નીતિનું '' દેવાળું '' કાઢયું છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૧૨–૨–૭૬ શ્રેણી–૧, પુ.૫૦, ભાગ–૨, કો.૨૫૭ |
| ૨૦૪. | દ્વેષબુદ્ધિથી મનસ્વી નિર્ણય સરકારે લીધો છે. | કોઈ પણ કોલજને જોડાણ આપવા અંગે ''દ્વેષબુદ્ધિથી મનસ્વી નિર્ણય'' સરકારે લીધો છે એવી જાતનું સરકાર ઉપર આરોપણ કરવું એ અસંસદીય છે. | તા.૨૨–૮–૬૭ શ્રેણી–૧, પુ.૧૯, ભાગ–૨, કો.૨૯૫૮–૨૯૬૦ |
| ૨૦૫. | દેશદ્રોહી કહેવું | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં, ભૂતપૂર્વ વડાપ્રધાન બાબતે, ''માત્ર જમ્મુ કાશ્મીરનું કામ સોંપ્યું હતું. એમને દેશદ્રોહી કહું તો મને ખોટું નહીં લાગે'' તેમ કહેવું બરાબર નથી. | તા.૬–૩–૦૭ (પ્રથમ બેઠક), શ્રેણી–૩, પુ.૧૨૭, પા.નં.૨૫ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૦૬. | ઘતિંગ | પુરવઠા મંત્રીશ્રીની કામગીરી અંગે ટીકા કરતાં આવા ''ઘતિંગ'' ચાલી રહ્યા છે એવો શબ્દપ્રયોગ વાપરવો અસંસદીય છે. | તા.૯–૧૦–૭૩ શ્રેણી–૧, પુ.૪૫, ભાગ–૨, કો.૭૧૧ |
| ૨૦૭. | ધાડ | ખેડૂતોને પાણી વાપરવા ન દીધું હોવા છતાં મિનિમમ ચાર્જ લેવા માટે સરકાર તરફથી ''ધાડ'' પાડવામાં આવે છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૩–૭–૭૨ શ્રેણી–૧, પુ.૩૪, ભાગ–૨, કો.૫૪૩–૫૪૪ |
| ૨૦૮. | ધારાસભ્યો જે સામે બેઠેલા છે. એવા ગુનેગારો અહીંયાં બેઠા છે. | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં ''ધારાસભ્યો જે સામે બેઠેલા છે એમની સામે ફોજદારી કેસો નોંધાયા છે, કોઇએ જમીન હડપ કરી, કોઇએ ખૂન કર્યું છે, એવા ગુનેગારો અહીંયાં બેઠા છે.'' સભ્યશ્રીઓ માટે આવા શબ્દો વાપરવા અસંસદીય છે. | તા.૨૫–૨–૨૦૦૦ શ્રેણી–૩, પુ.૫૬, પા.નં.૭૧૧–૭૧૩ |
| ૨૦૯. | નગારાં પીટે છે. | વીસ મુદ્દાના કાર્યક્રમોની વાતો કરી રોજ ''નગારાં પીટે છે'' અને વડાપ્રધાનશ્રીનું નામ લઇ ''ઢોલ પીટે છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૧–૩–૭૬ શ્રેણી–૧, પુ.૫૧, ભાગ–૨, કો.૧૫૩૨–૧૫૩૩ |
| ૨૧૦. | નગ્ન નાટકો | સભ્યશ્રીએ ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી અંગે દલિત સમાજ માટે ''નગ્ન નાટક'' ઉચ્ચારેલા શબ્દો યોગ્ય નથી. | તા.૩૧–૩–૯૫ શ્રેણી–૩, પુ.૨, પા.નં.૫૧૧ |
| ૨૧૧. | નટમંડળ | મુખ્યમંત્રીશ્રીને નિર્માતા અને એમના મંત્રી મંડળને ''નટમંડળ'' છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૨–૪–૮૫ શ્રેણી–૨, પુ.૨, કો.૭૦૯–૭૧૦ |
| ૨૧૨. | નપાણિયા સરકાર | ચર્ચા દરમ્યાન વકતવ્યમાં ''૫૦ વર્ષ આ લોકોએ રાજ કર્યું, ખાધું, પીધું અને લહેર કરી, નપાણિયા સરકાર હતી'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૧–૩–૧૩ શ્રેણી–૪, પુ.૫, પા.નં. ૧૧૩ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૧૩. | નરી કાયરતા અને હલકટપણું | ગમે તેવા આક્ષેપો કરી સામી વ્યકિતને નુકશાન પહોંચાડવું એ ''નરી કાયરતા છે એટલું જ નહીં પણ હલકટપણું '' છે. એમ કહેવું અસંસદીય છે. | તા.૨૪-૨-૮૩ શ્રેણી-૧, પુ.૮૧, ભાગ-૨, કો.૪૬૬ |
| ૨૧૪. | નથુરામ ગોડસે | સભાગૃહમાં કાયદો અને વ્યવસ્થાની બાબતમાં સભ્યશ્રીએ પોતાના પ્રવચનમાં એક મંત્રીશ્રી અને ધારાસભ્યશ્રીના વર્તન અંગે ઉલ્લેખ કરતાં અન્ય એક સભ્ય અંગે માનનીય સભ્યશ્રીને એ ખ્યાલ હોવો જોઇએ કે એ કઇ ધરતી પર ઉભા છે? તેના પેટાળની અંદર ''નથુરામ ગોડસે'' રહેલા છે, તેમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૧૪-૨-૮૯ શ્રેણી-૨, પુ.૪૨, કો.૬૨૮ |
| ૨૧૫. | નબળી સરકાર | સભ્યશ્રીએ પોતાના પ્રવચનમાં વડાપ્રધાનનો ઉલ્લેખ કરી,''આવી નબળી સરકાર, કયારેય નથી આવી'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૪-૩-૧૧ શ્રેણી-૩, પુ.૧૬૦, પા.નં.૨૧૭ |
| ૨૧૬. | નાગાઇ | સભ્યશ્રીએ પોતાના વકતવ્યમાં પક્ષ અંગે નાણા અને ''નાગાઇ '' આ બેનો ભર પટ્ટે ઉપયોગ થયો છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૩-૨-૮૭ શ્રેણી-૨, પુ.૨૨, કો.૬૦૫ |
| ૨૧૭. | નાચવું નથી એટલે આંગણું વાંકું છે. | વિરોધપક્ષના સભ્યો માટે ''વિરોધપક્ષો નાચવા માટે કહે કે આંગણું વાંકું છે, નાચવું નથી એટલે આંગણું વાંકું છે.'' એ શબ્દપ્રયોગ ઇચ્છનીય નથી. | તા.૧૮-૩-૮૭ શ્રેણી-૨, પુ.૨૭, કો.૪૫૩ |
| ૨૧૮. | નાટક | (૧) સભાગૃહમાં મંત્રીશ્રીએ આપેલ જવાબને ''નાટક'' સાથે સરખાવવો એ અસંસદીય છે. | તા.૧૨-૬-૭૦ શ્રેણી-૧, પુ.૨૭, ભાગ-૧, કો.૬૮૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | – '' – | (૨) કાપદરખાસ્તો પાછી ખેંચવા માટેના નિવેદનને ''નાટક'' કહેવું અસંસદીય છે. | તા.૨૭–૬–૭૭ શ્રેણી–૧, પુ.૫૩, ભાગ–૨, કો.૫૦૧–૫૦૨ |
| | – '' – | (૩)તારાંકિત પશ્નોત્તરીની ચર્ચા દરમ્યાન સભ્યશ્રીએ મંત્રીશ્રીને ઉદ્દેશીને ''એ તો નાટકમાંથી નવરા થતા નથી.'' 'નાટક' શબ્દ અસંસદીય છે. | તા.૨૧–૭–૮૨ શ્રેણી–૧, પુ.૭૮, ભાગ–૧, કો.૧૦૭૭ |
| | – '' – | (૪) રાજયપાલશ્રી આ ગૃહ સમક્ષ પ્રવચન માટે આવ્યા તેના પહેલાં જે ''નાટક'' રમાઇ ગયું એમ કહેવું યોગ્ય નથી. | તા.૧૯–૩–૯૦ શ્રેણી–૨, પુ.૫૨, પા.નં.૨૩૭–૨૩૮ |
| | – '' – | (૫) કેટલીક મિલો શરૂ કરેલી. નાળિયેરો ફોડેલા, બધા ''નાટકો કર્યા'' કોઇ પણ મિલ ચાલુ કરી શકાઇ નહીં, એમ કહેવું અસંસદીય છે. | તા.૫–૭–૯૦ શ્રેણી–૨, પુ.૫૬, પા.નં.૯૧–૯૨ |
| | – '' – | (૬) આ બિલનું જે હાર્દ છે તેનું જે કાંઇ તત્વ છે તે તેમણે જાણ્યું નથી. અત્યાર સુધી ''નાટક જ કરતા હતા'' અને તેથી પ્રજાએ તેમને ફેંકી દીધા છે, એમ કહેવું બરાબર નથી. | તા.૨૫–૭–૯૦ શ્રેણી–૨, પુ.૫૯, પા.નં.૧૬૨ |
| | – '' – | (૭) વિરોધપક્ષના સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને ''સરકારે તેલીયા રાજાઓ સામે પગલાં લેવાનું નાટક કર્યું '' એમ કહેવું અસંસદીય છે. 'નાટક' શબ્દ અસંસદીય છે. | તા.૧૧–૩–૨૦૦૩ (પહેલી બેઠક) શ્રેણી–૩, પુ.૯૬, પા.નં.૧૬૯ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | – '' – | (૮) વિરોધપક્ષના સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારને ઉદ્દેશીને, ''મૃત્યુશૈયા ઉપર નાટક ઉત્સવ, નૃત્ય ઉત્સવ, ફેસ્ટીવલ ઉજવતાં શરમ નથી આવતી.'' સરકારની કામગીરીને 'નાટક' સાથે સરખાવી શકાય નહીં. 'નાટક' શબ્દ અસંસદીય છે. | તા.૨૭–૫–૦૪ (પહેલી બેઠક) શ્રેણી–૩, પુ.૧૦૫, પા.નં.૨૮ |
| ૨૧૯. | નાટકીય ઢબે* | (૧) સભાગૃહમાં કોઇ સભ્યશ્રીની રજૂઆતને '' નાટકીય ઢબે '' ઉભી કરેલી રજૂઆત છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૨૧–૩–૬૯ શ્રેણી–૧, પુ.૨૨, ભાગ–૨, કો.૩૭૬૪–૩૭૬૬ |
| | – '' – | (૨) કરવેરા '' નાટકીય ઢબે '' પાછા ખેંચી લીધા છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૩૦–૬–૭૭ શ્રેણી–૧, પુ.૫૩, ભાગ–૨, કો.૭૭૪–૭૭૫ |
| | – '' – | (૩) વિરોધપક્ષના નેતા ''નાટકીય ઢબે'' વાતો કરતા હતા, એમ કહેવું એ બરાબર નથી. | તા.૯–૨–૮૮ શ્રેણી–૨, પુ.૩૧, કો.૪૮૬–૪૮૭ |
| ૨૨૦. | નાટક વેડા | (૧) માનનીય મંત્રીશ્રી પ્રચાર આગળ ધપાવવા માટે ''નાટક વેડા'' કરે છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૧૨–૧–૭૮ શ્રેણી–૧, પુ.૫૬, ભાગ–૨, કો.૩૧૪ |
| | – '' – | (૨) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં મંત્રીશ્રીને ઉદ્દેશીને ''નાટક વેડા કરતા હોય તો આ સર્વોદય મંત્રી કરે છે.'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૧–૩–૭૬ શ્રેણી–૧, પુ.૫૧, ભાગ–૨, કો.૧૪૯૧ |

* ૧૯૪ (૧) માં વપરાયેલ શબ્દ અંગે મુલત્વી રાખેલ નિર્ણય માન.અધ્યક્ષશ્રીએ તા.૩–૪–૬૯ ના રોજ આપ્યો. પુસ્તક નં.૨૨, શ્રેણી–૧, ભાગ–૨.કો. ૪૬૮૭–૮૮,

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | – '' – | (૩) સભ્યશ્રીએ વિરોધપક્ષના સભ્યશ્રીને ઉદ્દેશીને ''કોઈપણ સભ્ય કામદારોની હિંસક પ્રવૃતિ માટે પસ્તાવો જાહેર કરતા નથી, પરંતુ મગરનાં આંસુ સારવાનું અમને આવડતું નથી. જાહેરમાં રડવું, દુનિયાને દેખાડવું કે અમને દુઃખ થાય છે. એવા 'નાટકીય વેડા' અમને આવડતા નથી.'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૯–૩–૬૧ શ્રેણી–૧, પુ.૨, ભાગ–૨, પા.નં.૧૧૩૯ |
| ૨૨૧. | નાદાન અને નાપાક | વિરોધપક્ષના સભ્યશ્રીઓ પોતાના સિવાય બીજું બધુ મિથ્યા છે, એવો એક ભાવ ઉભો કરવાનો ''નાદાન અને નાપાક '' પ્રયત્ન કરી રહ્યા છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૨૬–૩–૮૫ શ્રેણી–૨, પુ.૨, કો.૭૭ |
| ૨૨૨. | નાદાનિયતનો નમૂનો | એજ્યુકેશન સિસ્ટમ ઉપર પ્રાણઘાતક હુમલો કરતું બિલ લાવવાનું સરકારે પગલું ભર્યું છે એ સરકારની ''નાદાનિયતનો નમૂનો છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૨–૨–૮૨ શ્રેણી–૧, પુ.૭૬, ભાગ–૨, કો.૪૫૮–૪૫૯ |
| ૨૨૩. | નાગપુર ટયુન | વિરોધપક્ષના સભ્યશ્રીએ સત્તાધારી પક્ષને ઉદ્દેશીને, ''નાગપુરમાં એક ટયુન તૈયાર થાય છે અને તેની મોરલી આખા દેશમાં વગાડવામાં આવે છે.'' એમ કહેવું ઇચ્છનીય નથી. કોઇ પણ પક્ષને 'ટયુન વગાડે છે,' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૨૬–૨–૦૩ શ્રેણી–૩, પુ.૯૨, પા.નં.૨૧૩–૨૨૦ |
| ૨૨૪. | નીચ કક્ષા | મુખ્યમંત્રીશ્રી સાથેની લડાઇ હશે તો લડીશું પણ તમે જે રીતે લડો છો એ ''નીચ કક્ષાએ'' અમે જવાના નથી, એની ખાતરી આપું છું. 'નીચ કક્ષા' શબ્દ અસંસદીય છે. | તા.૧૨–૩–૯૩ શ્રેણી–૨, પુ.૮૫, પા.નં.૮૭૬–૮૭૭ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૨૫. | નીચ હકરતો | ''નીચ હરકતો'' કરીને ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાને કોરે મૂકીને ગરીબ આદિવાસી ભાઇઓને જીવતા સળગાવી દેવામાં આવ્યા છે. 'નીચ હરકતો' શબ્દ અસંસદીય છે. | તા.૧૨-૩-૯૩ શ્રેણી-૨, પુ.૮૫, પા.નં.૮૭૫-૮૭૭ |
| ૨૨૬. | નીચવેડા | આ ગૃહના જે સામાન્ય સભ્ય પણ ન હોય કે ગૃહમાં ચૂંટાવાને પાત્ર ન હોય, ચૂંટણી થવાની ન હોય અને તેમ છતાં મુખ્ય પ્રધાન થઇ ગયા હોય એવા ''નીચવેડા '' તો એ જ કરી શકે, અમે ન કરી શકીએ. 'નીચવેડા' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૯-૩-૯૦ શ્રેણી-૨, પુ.૫૨, પા.નં.૨૭૧ |
| ૨૨૭. | નિર્લજ્જ | સભાગૃહમાં સભ્યશ્રીએ પોતાના વકતવ્યમાં બીજા પક્ષના સભ્યશ્રીઓને ઉદ્દેશીને ''સાવ 'નિર્લજ્જ' થઇ જવું'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૨-૭-૦૯ શ્રેણી-૩, પુ.૧૪૫, પા.નં.૨૪૧,૨૪૩ |
| ૨૨૮. | નોનસેન્સ | સરકારની નીતિને ''નોનસેન્સ'' તરીકે વર્ણવી એ અસંસદીય છે. | તા.૧૪-૯-૬૪ શ્રેણી-૧, પુ.૧૨, ભાગ-૨, કો.૪૮૮ |
| ૨૨૯. | ન્યાયનું એક નાટક | સભ્યશ્રીએ તેમના વકતવ્યમાં આ સરકાર ગુજરાતમાં આવી છે ત્યારથી ''ન્યાયનું એક નાટક'' ખેલતી આવી છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૧૩-૨-૮૭ શ્રેણી-૨, પુ.૨૩, કો.૯૫૧ |
| ૨૩૦. | પત્તર ફાડી નાંખી | સરકારે કરેલી મધ્યાહન ભોજન યોજના બાબતમાં એમ કહેવું પડે કે ૧૧૦ કરોડ રૂપિયાની ''પત્તર ફાડી નાંખી'' છે, તે અસંસદીય છે. | તા.૨૧-૩-૮૫ શ્રેણી-૨, પુ.૧, કો.૩૪૦-૩૪૧ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૩૧. | પરચુરણ ધારાસભ્ય | સભ્યોની બાબતમાં બીજા ''પરચુરણ ધારાસભ્યો'' એ શબ્દપ્રયોગ બરાબર નથી. | તા.૪–૭–૮૮ શ્રેણી–૨, પુ.૩૬, પા.નં.૪૬૭ |
| ૨૩૨. | પ્રજાના માનસને અવળે માર્ગે દોરવી. | કોઇ સભ્યશ્રી ૧૧૬ ની નોટિસથી ધ્યાન દોરવા માગતા હોય તો ''ગુજરાતની પ્રજાના માનસને અવળે માર્ગે દોરવા'' માટે પૂછવામાં આવી હતી એમ કહી શકાય નહીં. | તા.૨૩–૭–૯૮ (પહેલી બેઠક) શ્રેણી–૩, પુ.૩૯ પા.નં.૧૦૫–૧૦૬ |
| ૨૩૩. | પાછલે બારણે વેપારનું લાયસન્સ ચલાવતા હશે એટલા માટે વિરોધ કર્યો હશે. | ગૃહમાં સરકાર તરફથી રજૂ થયેલા વિધેયક ઉપરની ચર્ચામાં કોઇ સભ્ય વિરૂદ્ધમાં પ્રવચન કરે ત્યારે તેવા પ્રવચન સંબંધમાં ''પાછલે બારણે વેપારનું લાયસન્સ ચલાવતા હશે, એટલા માટે વિરોધ કર્યો હશે.'' એવી ટીકા કરવી અસંસદીય છે. | તા.૨૮–૧૧–૭૦ શ્રેણી–૧, પુ.૩૦, ભાગ–૨, કો.૪૯૮–૪૯૯ |
| ૨૩૪. | પાણીમાંથી પોરાં કાઢવાં | વિરોધપક્ષ તરફથી જે વાત કરવામાં આવે છે તે તો મારી દ્રષ્ટિએ ''પાણીમાંથી પોરાં કાઢવાં'' જેવી વાત છે, એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૨૧–૧–૮૬ શ્રેણી–૨, પુ.૯, કો.૭૬૧ |
| ૨૩૫. | પુરૂષ પણ ન હોય અને સ્ત્રી પણ ન હોય | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં બોલતાં કહ્યું કે રાજ કરશો પણ એવા માણસો રાજ કરશો કે જે ''પુરૂષ પણ ન હોય અને સ્ત્રી પણ ન હોય'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૦–૮–૮૬ શ્રેણી–૨, પુ.૧૮, કો.૧૩૭૨ |
| ૨૩૬. | પૂંછડું નથી. | બિલની ચર્ચા દરમ્યાન સભ્યશ્રી તેમના પ્રવચનમાં એમ કહે છે કે ''આ નથી, ફલાણું નથી, ઢીંકણું નથી, પૂંછડું નથી,'' એમ કહેવું બરોબર નથી. | તા.૨–૯–૮૬ શ્રેણી–૨, પુ.૨૦, કો.૨૪૬–૨૪૭ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૩૭. | પેટમાં દુઃખતું હોય | જમણવારની છૂટથી પોલીસને દાન-દક્ષિણા બંધ થતાં તેનાથી કોઈના ''પેટમાં દુઃખે છે.'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૭-૨-૭૬ શ્રેણી-૧, પુ.૫૦, ભાગ-૨, કો.૫૩૮ |
| ૨૩૮. | પેટમાં તેલ રેડાવું | સભાગૃહમાં ચર્ચા દરમ્યાન સભ્યશ્રીએ વિરોધપક્ષના સભ્યશ્રીઓને ઉદ્દેશીને, ''કોંગ્રેસના મિત્રોથી સહન થતું નથી, એમના પેટમાં તેલ રેડાય છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૦-૨-૦૯ શ્રેણી-૩, પુ.૧૪૦, પા.નં.૯૨ |
| ૨૩૯. | પૈસા ઉઘરાવ્યા | મંત્રીશ્રીના પી.એ. મારફત ''પૈસા ઉઘરાવ્યા છે'' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૧૧-૯-૯૧ શ્રેણી-૨, પુ.૬૯, પા.નં.૮૫૪-૮૫૫ |
| ૨૪૦. | પૈસાદારોના એજન્ટ | નાણા મંત્રીશ્રીની કામગીરી બાબતમાં ઉદ્યોગપતિ અને ''પૈસાદારોના એજન્ટ'' તરીકેની બ્રીફ લઈને ચાલી રહ્યા છો, તેવો મંત્રીશ્રી સામે આક્ષેપ કરી શકાય નહીં. | તા.૭-૭-૯૮ (બીજી બેઠક) શ્રેણી-૩, પુ.૩૫, પા.નં.૪૧૦-૪૧૧ |
| ૨૪૧. | પોકળ વચનો અને જૂઠ્ઠી વાતો | ચૂંટણી વખતે રાજકીય પક્ષે ''પોકળ વચનો અને જૂઠ્ઠી વાતો'' કહી હતી, એમ કહેવું અસંસદીય છે. | તા.૧૬-૯-૮૦ શ્રેણી-૧, પુ.૭૦, ભાગ-૨, કો.૧૬૨-૧૬૩ |
| ૨૪૨. | પોતે સમજતા નથી | સભ્યશ્રી પોતાનું વકતવ્ય '' પોતે સમજતા નથી'' એમ કહેવું ઉચિત નથી. | તા.૧૭-૨-૮૨ શ્રેણી-૧, પુ.૭૬, ભાગ-૨, કો.૭૭૬ |
| ૨૪૩. | પોલિટિકલ દબાણ | સરકારે નીમેલા પંચના અહેવાલ સંબંધમાં એક સભ્યશ્રીએ પંચના વડાને ઉદ્દેશીને ''પોલિટિકલ દબાણના કારણે આદમ ભૂરાના મર્ડરની બાબતમાં જે રાજકીય છાંટ લાવી છે એ દુઃખની વાત છે.''એમ કહેવું અસંસદીય છે. | તા.૨-૪-૯૨ શ્રેણી-૨, પુ.૭૮, પા.નં. ૭૬૬-૭૬૭ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૪૪. | પોલિટિકલ મૂડી | લોકોની અંદર માત્ર વિશ્વાસ ઉભો થાય અને ''પોલિટિકલ મૂડી'' ઉભી થાય એવી વાતો કરવામાં આવે છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૩૦-૧-૮૬ શ્રેણી-૨, પુ.૧૦, કો.૧૨૦૬-૧૨૦૭ |
| ૨૪૫. | પોકળ | વિરોધપક્ષના સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને ''દિકરી રૂડી સાચી મૂડીની પોકળ વાતો થઇ રહી છે'' એમ કહેવું અસંસદીય છે. 'પોકળ' શબ્દ અસંસદીય છે. | તા.૨૧-૨-૦૫ શ્રેણી-૩, પુ.૧૦૯, પા.નં.૧૮૮ |
| ૨૪૬. | પોલંપોલ | સભાગૃહમાં ચર્ચા દરમ્યાન સભ્યશ્રીએ પોતાના વકતવ્યમાં ''ગુજરાતમાં પોલંપોલ હોય એ કઇ રીતે ચાલે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧-૩-૧૬ શ્રેણી-૪, પુ.૩૦, પા.નં.૨૯૮ |
| ૨૪૭. | પ્રજાને ઉલ્લુ બનાવે છે. | રાજકીય પક્ષો સરકાર બનાવવા પ્રજાને એટલા બધા વચનો, પ્રલોભનો આપીને ''પ્રજાને ઉલ્લુ બનાવે છે. '' એમ સભ્યશ્રી કહે છે તે ઈચ્છનીય નથી. | તા.૧૨-૩-૯૬ શ્રેણી-૩, પુ.૧૫, પા.નં.૭૩૫-૭૩૭ |
| ૨૪૮. | પ્રધાનો પોક મૂકીને રોતા હતા. | બધા પ્રધાનો ખેડૂતોને ભાવ અપાવવાની બાબતમાં ગુજરાતના એકેએક ખૂણે ''પોક મૂકીને રોતા હતા'' એમ કહેવું યોગ્ય નથી. | તા.૩૦-૧-૮૬ શ્રેણી-૨, પુ.૧૦, કો.૧૨૨૦-૧૨૨૧ |
| ૨૪૯. | પ્રમાણિક મહેસૂલ મંત્રી આપે | ''પ્રમાણિક મહેસૂલ મંત્રી આપે'' એટલે અત્યારે જે કોઇ છે એ પ્રમાણિક નથી, એ સીધું દોષારોપણ છે. આ શબ્દો શોભાસ્પદ નથી. | તા.૩૦-૩-૯૩ શ્રેણી-૨, પુ.૮૭, પા.નં.૧૦૧૭-૧૦૧૮ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૫૦. | પ્રવર સમિતિને અંધારામાં રાખીને મંત્રીશ્રીએ પોતાનું કામ કાઢી લીધું | વિધેયક ઉપરની પ્રવર સમિતિના અહેવાલ ઉપરની ચર્ચા દરમ્યાન ''પ્રવર સમિતિને અંધારામાં રાખીને મંત્રીશ્રીએ પોતાનું કામ કાઢી લીધું'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૯-૨-૭૦ શ્રેણી-૧, પુ.૨૫, ભાગ-૨, કો.૬૪ |
| ૨૫૧. | પ્રપંચ | ૬૨ મુદ્દાના કાર્યક્રમ પાછળ ગુજરાતની જનતા છે એવો રાજકીય ''પ્રપંચ'' ગોઠવવામાં આવ્યો છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૧૦-૨-૭૬ શ્રેણી-૧, પુ.૫૦, ભાગ-૨, કો.૧૧૮ |
| ૨૫૨. | પ્રપંચ અને કાવતરું | સરકારે ગરીબોના હિત માટે નહીં પણ મતો મેળવવા માટે ''પ્રપંચ અને કાવતરું'' રચીને બન્ને ચૂંટણીઓ વખતે પ્રયત્નો કર્યા છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૨૧-૩-૮૫ શ્રેણી-૨, પુ.૧, કો.૩૪૧-૩૪૨ |
| ૨૫૩. | પ્રસિદ્ધિને નજરમાં રાખીને વાત કરે છે. | સભ્યશ્રી બોલતા હોય ત્યારે તેઓ ''પ્રસિદ્ધિને નજરમાં રાખીને વાત કરે છે.'' એમ કહેવું બરાબર નથી. | તા.૪-૨-૮૭ શ્રેણી-૨, પુ.૨૨, કો.૮૯૫-૮૯૬ |
| ૨૫૪. | પ્રેસ ગેલેરી સામે જોઇને બોલવું | સભ્યશ્રી સભાગૃહમાં પોતાના મંતવ્ય રજૂ કરે છે ત્યારે ''પ્રેસ ગેલેરી સામે જોઇને બોલે છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૩-૯-૮૦ શ્રેણી-૧, પુ.૭૦, ભાગ-૨, કો.૬૯૭-૬૯૮ |
| ૨૫૫. | પ્રેસ સામે જોઇને વાતો કરે છે. | ગૃહમાં સભ્યશ્રી હંમેશાં અધ્યક્ષશ્રીની સામે જોઇને વાત કરતા નથી, ''પ્રેસ સામે જોઇને વાતો કરે છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૬-૩-૮૫ શ્રેણી-૨, પુ.૨, કો.૫૮-૫૯ |
| ૨૫૬. | પ્યાદું | મુખ્યમંત્રીને સંબોધીને એક પણ ''પ્યાદું'' ખસેડતી વખતે એમને મુશ્કેલી પડે છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૧૭-૧-૮૬ શ્રેણી-૨, પુ.૯, કો.૩૮૧-૩૮૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૫૭. | પગચંપી | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં ''પાછલા દરવાજે જઇને ચૂંટણી સમયે પગચંપી કરતા કોંગ્રેસના લોકોને આ રાજયની પ્રજા ઓળખે છે.''તેમ કહેવું બરાબર નથી. 'પગચંપી' શબ્દ અસંસદીય છે. | તા.૨૨-૩-૦૭ (પ્રથમ બેઠક) શ્રેણી-૩, પુ.૧૨૯, પા.નં.૩૫૯ |
| ૨૫૮. | પૂંછડી પટપટાવતા | વિરોધપક્ષના નેતાશ્રીએ તેમના પ્રવચનમાં સરકારને ઉદ્દેશીને, ''મુખ્યમંત્રી ઇશારો કરે કે, તમારે આમ કરવાનું છે, એટલે પૂંછડી પટપટાવતા અધિકારીઓ કરવા માંડે છે.'' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૨૮-૫-૦૪ શ્રેણી-૩, પુ.૧૦૫, પા.નં.૧૭૩ |
| ૨૫૯. | ફાસિસ્ટ | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સત્તાધારી પક્ષને ઉદ્દેશીને ''ફાસિસ્ટ પક્ષ'' આ દેશમાં લોકશાહી રાજ રહેવા દેવા માગતા નથી, એમ કહેવું અસંસદીય છે. | તા.૨૦-૩-૦૨ (બીજી બેઠક) શ્રેણી-૩, પુ.૮૭, ભાગ-૧, પા.નં.૨૫૪-૨૫૫ |
| ૨૬૦. | ફાંસીના હુકમ જેવી વાત છે. | અધ્યક્ષશ્રીના નિર્ણયને ''ફાંસીના હુકમ જોડે'' સરખાવવો એ અસંસદીય છે. | તા.૮-૭-૮૨ શ્રેણી-૧, પુ.૭૯, ભાગ-૨, કો.૬૫ |
| ૨૬૧. | ફીફાં ખાંડો | કરવેરા દબાણથી ઓછા કરવા માટે વિરોધપક્ષ ગમે તેટલાં ''ફીફાં ખાંડે'' તો પણ પરિસ્થિતિમાં કોઇ જ ફેરફાર થઇ શકશે નહીં, એમ કહેવું અસંસદીય છે. | તા.૨૫-૨-૭૬ શ્રેણી-૧, પુ.૫૧, ભાગ-૨, કો.૨૮૨-૨૮૩ |
| ૨૬૨. | બકબક | સભ્યશ્રીના પ્રવચન દરમ્યાન ''બકબક'' શું કામ કરો છો, એમ કહેવું અસંસદીય છે. | તા.૧૪-૭-૮૮ શ્રેણી-૨, પુ.૩૮, પા.નં.૧૮૬-૧૮૭ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૬૩. | બકવાસ | સભાગૃહમાં સભ્યશ્રીઓ પ્રવચનમાં વિરોધ કરતા હોય તો તેઓ ''બકવાસ'' કરે છે, એમ કહેવું યોગ્ય નથી. | તા.૨૪–૩–૯૮ શ્રેણી–૩, પુ.૩૨, પા.નં.૧૭૪–૧૭૫ |
| ૨૬૪. | બખડજંતર | માનનીય મુખ્યમંત્રીશ્રીએ બે પાનાનું બિલ રજૂ કર્યું એનાથી મોટું ''બખડજંતર'' ઉભું કર્યું છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૧૬–૭–૭૫ શ્રેણી–૧, પુ.૪૭, ભાગ–૨, કો.૬૬૬ |
| ૨૬૫. | બગલ ઉંચી કરીને | પ્રવચન દરમ્યાન સરકાર માટે પૈસા ન હોય તો નાદારી નોંધાવી દો અને ''બગલ ઉંચી કરીને'' જાહેર કરી દો કે અમારી પાસે પૈસા નથી, એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૨૫–૩–૮૭ (પહેલી બેઠક) શ્રેણી–૨, પુ.૨૮, કો.૬૩૨–૬૩૪ |
| ૨૬૬. | બણગા ફૂંકવા | નાણા મંત્રીશ્રીએ ખૂબ ''બણગા ફૂંકયા'' હતા. 'બણગા ફૂંકવા' કહેવું અસંસદીય છે. | તા.૨૦–૮–૯૩ (બીજી બેઠક) શ્રેણી–૨ પુ.૮૯, પા.નં.૧૦૨૦–૧૦૨૧ |
| ૨૬૭. | બરાડા | ગૃહમાં સભ્યશ્રીની રજૂઆતને તેઓ ''બરાડા'' પાડે છે, એમ કહેવું યોગ્ય નથી. | તા.૨૦–૩–૮૯ શ્રેણી–૨, પુ.૪૭, પા.નં.૭૫૧ |
| ૨૬૮. | બલા | સભ્યશ્રીએ બિભત્સ ફિલ્મો અંગે ''બલા'' શબ્દનો ઉપયોગ કર્યો છે તે બરાબર નથી. | તા.૧૭–૩–૮૭ શ્રેણી–૨, પુ.૨૭, કો.૫૩–૫૪ |
| ૨૬૯. | બહારવટિયાની જેમ ગુજરાતને લૂંટે છે. | સભ્યશ્રીએ શાસક પક્ષને ઉદ્દેશીને ''બહારવટિયાની જેમ ગુજરાતની પ્રજાને લૂંટે છે'' એ શબ્દપ્રયોગ કર્યો છે તે અસંસદીય છે. | તા.૩–૧૦–૨૦૦૦ શ્રેણી–૩, પુ.૬૯, પા.નં.૩૩૮–૩૪૩ |
| ૨૭૦. | બળતરા | હિન્દુસ્તાનમાં સૌથી સારું આ રાજય છે એટલે ''બળતરા'' છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૧૮–૨–૭૬ શ્રેણી–૧, પુ.૫૦, ભાગ–૨, કો.૭૦૯ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૭૧. | બળાપો | મંત્રીશ્રી પોતાના પ્રવચનમાં જુદી જુદી વ્યક્તિઓને ઉલ્લેખીને બધી વ્યકિતઓ અહીંયાં ''બળાપો'' કાઢે છે, એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૧૫–૭–૮૭ શ્રેણી–૨, પુ.૨૯, કો.૧૨૯૩–૧૨૯૪ |
| ૨૭૨. | બતાવવાના જુદા અને ચાવવાના જુદા દાંત છે. | વિરોધપક્ષના નેતાશ્રીએ સરકારશ્રીને ઉદ્દેશીને ''ખેડૂતોના ખિસ્સામાંથી વીજ દર ભરવો પડશે, ખેડૂતોના ખિસ્સામાંથી આ રકમ ઝૂંટવાઇ જવાની છે.'' 'સરકારના બતાવવાના જુદા અને ચાવવાના જુદા દાંત છે' એમ કહેવું અસંસદીય છે. 'બતાવવાના જુદા અને ચાવવાના જુદા દાંત ' શબ્દ અસંસદીય છે. | તા.૧૨–૩–૨૦૦૩ (બીજી બેઠક) શ્રેણી–૩, પુ.૯૭, પા.નં.૩૦૩–૩૦૪ |
| ૨૭૩. | બાપની મિલ્કત | ''બાપની મિલ્કત'' હોય તેમ ટયૂબવેલોનું સંચાલન ચાલે છે, એમ કહેવું એ અસંસદીય છે. | તા.૧૭–૩–૮૬ શ્રેણી–૨, પુ.૧૫, કો.૧૭૬ |
| ૨૭૪. | બાપનું કપાળ | મધ્યાહન ભોજન યોજના વિશે બોલતાં ''નિશાળમાં હાજરી વધી છે'' તેના અનુસંધાનમાં એમ કહેવું કે ''બાપનું કપાળ વધ્યું છે.'' એ અસંસદીય છે. | તા.૧–૯–૮૬ શ્રેણી–૨, પુ.૨૦, કો.૧૨૨ |
| ૨૭૫. | બાલીશ પ્રયત્નો | (૧) વિધેયકને કેન્દ્ર સરકારની ટીકાના શસ્ત્ર તરીકે ઉપયોગ કરવાનો ''બાલીશ પ્રયત્ન'' કરવામાં આવ્યો છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૧૨–૨–૭૬ શ્રેણી–૧, પુ.૫૦, ભાગ–૨, કો.૩૨૫–૩૨૬ |
| | – '' – | (૨) વિરોધપક્ષ ટીકા કરે એટલે વાતમાંથી ચલિત કરવાના ''બાલીશ પ્રયત્નો'' કરી રહ્યા છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૧૭–૭–૮૫ શ્રેણી–૨, પુ.૬, કો.૭૨૩–૭૨૪ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૭૬. | બાબુ ભૈયાની ઓફિસનું ઉદ્ઘાટન એક મંત્રીશ્રીએ કરેલું | સભાગૃહમાં સભ્યશ્રીએ પોતાના કથનમાં એક મંત્રીશ્રી સામે નિર્દેશ કરીને ''બાબુ ભૈયાની ઓફિસનું ઉદ્ઘાટન એક મંત્રીશ્રીએ કરેલું '' એમ કહેવું યોગ્ય નથી. | તા.૮-૨-૮૯ શ્રેણી-૨, પુ.૪૧, પા.નં.૮૬૮-૮૬૯ |
| ૨૭૭. | બ્રાહ્મણ ભીખ માગે અથવા મંગાવે | સભ્યશ્રીએ પ્રવચન દરમ્યાન ''બ્રાહ્મણ ભીખ માગે અથવા મંગાવે'' એ શબ્દો બ્રાહ્મણ સમાજ માટે અપમાનજનક હોવાથી શબ્દ વાપરી શકાય નહીં. | તા.૩૧-૩-૯૫ શ્રેણી-૩, પુ.૨, પા.નં.૪૮૪ |
| ૨૭૮. | બિફૂલિંગ ધી હાઉસ | સભાગૃહમાં થયેલી ચર્ચાનો જવાબ આપતી વખતે મંત્રીશ્રી સભાગૃહને ''મૂર્ખ નહીં બનાવી શકે'' 'બિફૂલિંગ ધી હાઉસ'એમ કહેવું અસંસદીય છે. | તા.૨૬-૧૧-૬૫ શ્રેણી-૧, પુ.૧૫, ભાગ-૨, કો.૪૬૬ |
| ૨૭૯. | બિલકુલ ખોટું | એક સભ્યશ્રીએ બીજા પક્ષના સભ્યશ્રીને ઉદ્દેશીને ''માનનીય સભ્યશ્રીએ બિલકુલ ખોટો જવાબ આપ્યો છે.'' એમ કહેવું અસંસદીય છે. | તા.૫-૭-૭૭ શ્રેણી-૧, પુ.૫૪, ભાગ-૨, કો.૨૧૨ |
| ૨૮૦. | બુદ્ધિનું વધારે પડતું પ્રદર્શન | નાણા મંત્રીશ્રીએ પોતાની ''બુદ્ધિનું વધારે પડતું પ્રદર્શન'' કરેલ છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૯-૭-૮૨ શ્રેણી-૧, પુ.૭૮, ભાગ-૧, કો.૧૨૫-૧૨૬ |
| ૨૮૧. | બુદ્ધિહીન | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં અન્ય સભ્યશ્રીને ઉદ્દેશીને, ''આ સરકારની અંદર તો બક્ષીપંચની સામે બેઠેલા ધારાસભ્યો એટલા માટે નબળા નહીં પણ બુદ્ધિકક્ષામાં હીન હશે.'' બીજા પક્ષના સભ્યશ્રીને ''બુદ્ધિહીન'' કહી શકાય નહીં, 'બુદ્ધિહીન' શબ્દ અસંસદીય છે. | તા.૨૩-૨-૦૪ (બીજી બેઠક) શ્રેણી-૩, પુ.૧૦૩, પા.નં.૩૩૯ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૮૨. | બૂમબરાડા | (૧) વિરોધપક્ષના સભ્યો ''બૂમબરાડા'' કરે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૯-૩-૮૧ શ્રેણી-૧, પુ.૭૧, ભાગ-૧, કો.૮૦૬-૮૦૭ |
| | - '' - | (૨) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં બીજા સભ્યશ્રીને ઉદ્દેશીને ''બૂમબરાડા પાડે એનાથી કોઇ નુકશાન આ સરકારને થવાનું નથી કે કોઇ વાંધો આવવાનો નથી.'' 'બૂમબરાડા' શબ્દ યોગ્ય નથી. | તા.૫-૩-૮૩ શ્રેણી-૧, પુ.૮૧, ભાગ-૨, કો.૧૧૭૭ |
| | - '' - | (૩) કાયદો અને વ્યવસ્થાના નામે અહીંયાં ''બૂમબરાડા'' પાડવામાં આવે છે, એમ કહેવું એ અસંસદીય છે. | તા.૧૦-૩-૮૬ શ્રેણી-૨, પુ.૧૪, કો.૧૫૦ |
| | - '' - | (૪) સભ્યશ્રીઓની વારંવારની રજૂઆતને સભ્યો ''બૂમબરાડા'' પાડે છે એમ કહેવું યોગ્ય નથી. | તા.૧૫-૨-૮૯ શ્રેણી-૨ , પુ.૪૨, પા.નં.૮૦૮-૮૧૦ |
| | - '' - | (૫) મંત્રીશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધપક્ષને ઉદ્દેશીને ''બૂમબરાડા'' ન કરતાં શું બોલું છું એ સાંભળવું પડશે.'' સભ્યશ્રી 'બૂમબરાડા પાડે છે' એમ કહી શકાય નહીં. 'બૂમબરાડા' શબ્દ અસંસદીય છે. | તા.૧-૬-૦૪ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.૧૦૫, પા.નં.૩૪૦ |
| ૨૮૩. | બૂમાબૂમ | માનનીય સભ્યશ્રી ''બૂમાબૂમ'' કરે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧૫-૭-૮૫ શ્રેણી-૨, પુ.૬, કો.૧૮૧ |
| ૨૮૪. | બૂમો પાડે છે, દેકારો કરે છે. | વિરોધપક્ષવાળા ''બૂમો પાડે છે અને કયારેક દેકારો કરે છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૪-૩-૮૪ શ્રેણી-૧, પુ.૮૭, ભાગ-૨, કો.૧૩૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૮૫. | બેજવાબદાર નિવેદનો | વિરોધપક્ષને ''બેજવાબદાર નિવેદનો'' કરવાની છૂટ છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૨૩-૩-૮૩ શ્રેણી-૧, પુ.૮૩, ભાગ-૨, કો.૪૨૫-૪૨૬ |
| ૨૮૬. | બેફામ રીતે | એમના મનમાં જે તરંગ આવે, તુક્કો આવે એ તુક્કો ઉભો કરીને એમણે ''બેફામ રીતે'' એમની વાત રજૂ કરી છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૨૨-૩-૮૫ શ્રેણી-૨, પુ.૧, કો.૬૫૦ |
| ૨૮૭. | બે મોંઢાની વાત | એક બાજુ ગરીબ લોકોના નામે વાત કરીને બીજી બાજુ બજેટની ટીકા કરી વિરોધપક્ષ ''બે મોંઢાની વાત'' કરે છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૧૧-૭-૮૫ શ્રેણી-૨, પુ.૫, કો.૭૬૯-૭૭૦ |
| ૨૮૮. | બેવફાઇ | વટહુકમો સરકારે કરેલી ભૂલ અને ''બેવફાઇનું'' પ્રદર્શન છે, એમ કહેવું અસંસદીય છે. | તા.૨૭-૯-૭૯ શ્રેણી-૧, પુ.૬૬, ભાગ-૨, કો.૮૩૩ |
| ૨૮૯. | બેશરમ | મંત્રીશ્રીની બાબતમાં તેઓ ''બેશરમ'' છે એવા શબ્દો વાપરી શકાય નહીં. | તા.૯-૭-૯૮ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.૩૫, પા.નં.૪૮૧-૪૮૨ |
| ૨૯૦. | બોડી બામણીનું ખેતર | (૧) સભાગૃહમાં સરકારના વહીવટને ''બોડી બામણીનું ખેતર'' જેવું ગણાવવું તે ઇચ્છનીય નથી. | તા.૨૬-૯-૮૯ શ્રેણી-૨, પુ.૫૦, પા.નં.૪૫૪-૪૫૫ |
|  | - '' - | (૨) આટલો લાંબો દરિયા કિનારો ''બોડી બામણીના ખેતર જેવો છે.'' જેનું કોઇ રણી-ધણી નથી. અગાઉના મંત્રીશ્રીએ આ બાબતમાં પૂરતું ધ્યાન આપ્યું નથી. આવા આક્ષેપાત્મક શબ્દો વાપરી શકાય નહીં. | તા.૨૯-૨-૯૬ (બીજી બેઠક) શ્રેણી-૩, પુ.૧૩, પા.નં.૫૨૬-૫૨૮ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | – '' – | (૩) મંત્રીશ્રીએ તેમના પ્રવચનમાં ''ગુજરાત એ બોડી બામણીનું ખેતર નથી'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૩–૩–૦૩ શ્રેણી–૩, પુ.૯૭, પા.નં.૬૭૯ |
| ૨૯૧. | બ્રુટ મેજોરિટી | (૧)બહુમતીને ''બ્રુટ (પાશવી) મેજોરિટી'' કહેવી અસંસદીય છે. | તા.૨૫–૩–૬૮ શ્રેણી–૧, પુ.૨૦, ભાગ–૨, કો.૪૦૪૯ |
| | – '' – | (૨) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને ''વટહુકમથી મંત્રીમંડળે એ નિર્ણય ફેરવ્યો. બ્રુટ મેજોરિટીનો (Brute majority) આશરો લઇને એ રીતે લોકશાહીના માર્ગે જવાનું કામ કરી રહ્યા છે.'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨–૩–૬૩ શ્રેણી–૧, પુ.૮, ભાગ–૨, પા.નં.૧૪૦ |
| | – '' – | (૩) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને ''આ જે શાસક કોંગ્રેસે જે બ્રુટ મેજોરિટી આ દેશમાં મેળવી છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૯–૬–૭૨ શ્રેણી–૧, પુ.૩૪, ભાગ–૨, કો.૩૨૫–૩૨૬ |
| | – '' – | (૪) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને ''કાયદો અને વ્યવસ્થાનું શાસન કરવા માટે જયારે આ સરકારની પાસે હિંમત ન હોય ત્યારે આની સામે અવાજ ઉઠાવવા માટે આ વિધાસનભાની અંદર જે પ્રયાસો થાય છે અને બ્રુટ મેજોરિટી દ્વારા રોકી દેવા માટેનો જે પ્રયાસ કરવામાં આવે છે...'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૮–૨–૮૧ શ્રેણી–૧, પુ.૭૧, ભાગ–૨, કો.૫૯૦ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૯૨. | બણગા મારવા | સભ્યશ્રી દ્વારા, તેમના વકતવ્યમાં ''લોકોને ઉપયોગી છે તે સુધારતા નથી અને મોટા બણગા મારો છો'' 'જયાં ત્યાં બણગા મારો છો કે ખોટા બણગા ન મારો' એમ કહેવું અસંસદીય છે. | તા.૭–૩–૦૬ (પ્રથમ બેઠક) શ્રેણી–૩, પુ.૧૧૮, પા.નં.૨૨૧ |
| ૨૯૩. | બખેડો કરવો | મંત્રીશ્રી દ્વારા, વિપક્ષના સભ્યશ્રીઓને ઉદ્દેશીને, ''વિચારો વ્યકત કરવામાં એમને રસ નથી, એમને તો બખેડો કરવો છે.'' એમ કહેવું બરાબર નથી. | તા.૧૯–૯–૦૬ શ્રેણી–૩, પુ.૧૨૪, પા.નં.૯૦ |
| ૨૯૪. | બોગસ | વિરોધપક્ષના નેતાશ્રીએ સરકારને ઉદ્દેશીને, ''આ બોગસ યોજના'' છે. સરકારની યોજનાને બોગસ યોજના કહી શકાય નહીં. સરકારની કામગીરીને ઉતારી પાડતો શબ્દ છે. 'બોગસ' શબ્દ અસંસદીય છે. | તા.૨૦–૨–૦૪ શ્રેણી–૩, પુ.૧૦૩, પા. નં.૪૯ |
| ૨૯૫. | ભાટાઇ | સરકારી અમલદારની બાબતમાં એમ કહેવું કે તેઓશ્રી આ સરકારની ''ભાટાઇ'' કરવા સિવાય બીજું કાંઇ કરી શકતા નથી એ અસંસદીય છે. | તા.૨૩–૭–૮૫ શ્રેણી–૨, પુ.૭, કો.૫૪૫ |
| ૨૯૬. | ભારતના એટર્ની જનરલને પણ કેટલા કાયદા થયા એની ખબર નહીં હોય | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં ''ભારતના એટર્ની જનરલને પણ કેટલા કાયદા થયા એની ખબર નહીં હોય'' એવા શબ્દો ઉચ્ચ આસને બેઠેલી વ્યકિત માટે કહે તે બરાબર નથી. | તા.૫–૩–૮૭ શ્રેણી–૨, પુ.૨૫, કો.૮૪૮ |
| ૨૯૭. | ભાંડણ લીલા | માનનીય સભ્યો શિક્ષણ સંસ્થાના સંચાલકો માટે જે કાંઇ બોલ્યા તેને ''ભાંડણ લીલા'' કહેવી અસંસદીય છે. | તા.૪–૮–૭૫ શ્રેણી–૧, પુ.૪૯, ભા.૨, કો.૬૯ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૯૮. | ભાષણ ઠોકવા | જયારે કટોકટી હતી ત્યારે એ સમયની અંદર કાયદાને એક બાજુએ મૂકી ડિક્ટેટરશીપ અને હિટલરના જેવા કાળા કામો સુધી ગયા. કાળા કામો કરનારા જયારે સારા કામ થાય ત્યારે તેના ઉપર ''ભાષણ ઠોકવા''ની ઇચ્છા રાખે છે એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૨૫-૭-૯૦ શ્રેણી-૨, પુ.૫૯, પા.૨૧૯-૨૦ |
| ૨૯૯. | ભુવો ધુણતો જોઇને વાત કરવી. | સભ્યશ્રીની રજૂઆતને ''ભુવો ધુણતો જોઇને વાત કરે છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૫-૭-૮૫ શ્રેણી-૨, પુ.૬, કો.૧૮૧-૮૨ |
| ૩૦૦. | ભેંસ આગળ ભાગવત | માનનીય મંત્રીશ્રીને ઉદ્દેશીને કહેવું કે ''ભેંસ આગળ ભાગવત'' એ અસંસદીય છે. | તા.૨૬-૩-૭૯ શ્રેણી-૧, પુ.૬૫, ભા.૨, કો.૩૭-૩૮ |
| ૩૦૧. | ભીખ આપે | કેન્દ્રની યોજનાઓ અંગે રાજયોને અપાતી સહાયના સંદર્ભે ''ગુજરાતની પ્રજાને કેન્દ્રની સરકાર ભીખ આપે છે'' એમ કહેવું તે અસંસદીય છે. | તા. ૨૯-૯-૦૮ શ્રેણી-૩ પુ.નં.૧૩૮ પા.નં.૬૭૭ |
| ૩૦૨. | ભ્રમ ઉભો કરવો | સભ્યશ્રીઓએ કરેલ વકતવ્યોના સંદર્ભમાં, ''કેટલાક પ્રશ્નો ઉભા થયા છે અને શબ્દોથી 'ભ્રમ ઉભો કરવા'નો પ્રયત્ન થયો છે'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૨૬-૦૯-૦૮, શ્રેણી-૩ પુ.નં.૧૩૮ પા.નં.૫૩૭-૫૩૮ |
| ૩૦૩. | ભષ્ટાચારની ગંગોત્રી | ''ભ્રષ્ટાચારની ગંગોત્રી'' દિલ્હીથી શરૂ થઇને ગાંધીનગરના વિધાનસભા ગૃહ સુધી આવી ગઇ છે એમ કહેવું અસંસદીય છે. | તા.૬-૮-૮૬ શ્રેણી-૨, પુ.૧૭, કો.૬૫૪ |
| ૩૦૪. | ભ્રષ્ટાચારી | વિધાનસભાના સભ્યોને ''ભ્રષ્ટાચારી સભ્યો'' કહેવા અસંસદીય છે. | તા.૨૦-૨-૭૬ શ્રેણી-૧, પુ.૫૦, ભા.૨, કો.૭૮૮ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૦૫. | મગન માધ્યમ | ''મગન માધ્યમ'' ના કારણે ગુજરાતના આપણા ઘણા યુવાનોને અન્યાય થયો એમ કહેવું અસંસદીય છે. | તા.૨૫-૨-૮૬ શ્રેણી-૨, પુ.૧૨, કો.૪૦૫ |
| ૩૦૬. | મગરના આંસુ | (૧) ''મગરના આંસુ સારવા'' એવી ઉપમા દ્વારા સભ્યો પર દંભનો આરોપ મૂકવામાં આવે તો એ અસંસદીય ગણાય. | તા.૨૦-૩-૬૯ શ્રેણી.૧, પુ.૨૨, ભા.૨, કો.૩૬૬૭-૬૯ |
| | - '' - | (૨) મુખ્ય દંડકશ્રીએ બીજા સભ્યશ્રીને ઉદ્દેશીને ''હું મગરના આંસુ પાડવા માગતો નથી'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૧-૨-૮૮ શ્રેણી-૨, પુ.૩૧, પા.નં.૮૯૪ |
| | - '' - | (૩) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં રાજકીય પક્ષને ઉદ્દેશીને ''પક્ષ ગરીબોના નામ પર મગરના આંસુ સારે છે'' એટલે કે "મગરના આંસુ" એ શબ્દ અસંસદીય છે. | તા.૧-૭-૮૦ શ્રેણી-૧, પુ.૬૭, ભા.૨, કો.૪૫૮ |
| | - '' - | (૪) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં બીજા સભ્યશ્રીને ઉદ્દેશીને ''મગરના આંસુ સારે છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૪-૩-૮૧ શ્રેણી-૧, પુ,૭૩, ભા.૨, કો.૮૧૪ |
| | - '' - | (૫) બીજા સભ્યોને ઉદ્દેશીને ''આ સભાગૃહમાં આ બાજુ બેઠા હોય કે તે બાજુ બેઠા હોય પરંતુ બધા મિત્રોએ એવું મૂલ્યાંકન કર્યું કે મગરના આંસુ સિવાય બીજું કાંઇ ન હતું'' એમ કહેવું અસંસદીય છે. | તા.૮-૭-૮૨ શ્રેણી-૧, પુ.૭૯, ભા.૨, કો.૫૦ |
| | - '' - | (૬) પછાત વર્ગની ટકાવારી અંગે વિરોધ પક્ષના આગેવાનો રજૂઆત કરે તો એમ કહેવું કે ''મગરના આંસુ '' સારી રહ્યા છે એ અસંસદીય છે. | તા.૪-૭-૮૫ શ્રેણી-૨, પુ.નં.૪, કો.૬૫૭ |

| ૧ | ૨ | ૩ | ૪ |
| --- | --- | --- | --- |
| | – ’’ – | (૭) એક બાજુ પાંચ લાખ વિદ્યાર્થીઓની પરીક્ષા સ્થગિત કરવામાં આવે છે અને બીજી બાજુ શિક્ષણ માટે ચિંતા વ્યકત કરવામાં આવે છે તે ’’મગરના આંસુ સારવા ’’ બરાબર છે. | ૧૭–૭–૮૫<br>શ્રેણી–૨,<br>પુ.નં.૬,<br>કો.૭૨૬ |
| | – ’’ – | (૮) મિત્રો જે ’’ મગરના આંસુ ’’ સારે છે. તે સત્તા ગયા પછી આ દલિત પીડિત અને મજૂરોને નામે ફરીવાર મત લેવા માગે છે એમ કહેવું બરાબર નથી. | તા.૧૮–૭–૯૦<br>શ્રેણી–૨,<br>પુ. ૫૭,<br>પા.નં.૧૦૩૮ |
| | – ’’ – | (૯) સભ્યશ્રી અન્ય સભ્યશ્રીને ઉદ્દેશીને ખાલી ’’મગરના આંસુ સારવા’’ની વાત છે એમ કહેવું અસંસદીય છે. | તા.૩–૮–૦૧<br>શ્રેણી–૩,<br>પુ.૭૬,<br>પા.નં.૬૩૪–૩૫ |
| ૩૦૭. | મડદા પર રાજકીય લાભ | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સત્તાધારી પક્ષને ઉદ્દેશીને ’’મડદા પર આ ચૂંટણી લડીને ફરી પાછા ખુરશી પર બેસવા માગે છે’’ કહેવું એ અસંસદીય છે. | તા.૧૯–૩–૦૨<br>શ્રેણી–૩,<br>પુ.૮૬<br>પા.નં.૫૦૯–૧૦ |
| ૩૦૮. | મફત કે ચંદન ઘસ બે લાલીયા | સભ્યશ્રીને સંબોધીને કહેવું ’’મફત કે ચંદન ઘસ બે લાલીયા’’ અસંસદીય છે. | તા.૩૦–૩–૭૯<br>શ્રેણી–૧,<br>પુ.૬૫, ભા.૨,<br>કો.૫૧૦–૫૧૧ |
| ૩૦૯. | મતોનું તૃષ્ટિકરણ | સભાગૃહમાં સભ્યશ્રીએ તમારા વખતમાં ’’મતોના તૃષ્ટિકરણની’’ રાજનીતિના કારણે તમે આતંકવાદીઓની સામે પગલાં નહોતા લેતા તેમ કહેવું અસંસદીય છે. | તા.૨૭–૨–૧૭<br>શ્રેણી–૪,<br>પુ.નં.૩૮<br>પાના નં.૨૮૭ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૧૦. | મરચાં લાગે છે. | સભ્યશ્રી પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવે ત્યારે એમ કહેવું કે આટલાં બધાં '' મરચાં કેમ લાગી આવે છે '' તે અસંસદીય છે. | તા.૨૩-૩-૮૩ શ્રેણી-૧, પુ.૮૩, ભા.૨, કો. ૪૬૨-૬૩ |
| ૩૧૧. | મહાત્મા ગાંધીજીના ખૂન સાથે સંકળાયેલા પક્ષ પાસેથી આપણે બીજી શું આશા રાખી શકીએ. | રાજકીય પક્ષને સંબોધીને સભ્યશ્રીએ ''મહાત્મા ગાંધીજીના ખૂન સાથે સંકળાયેલા પક્ષ પાસેથી આપણે બીજી શું આશા રાખી શકીએ'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૫-૭-૯૦ શ્રેણી-૨, પુ.૫૯, પા.નં.૧૩૯ |
| ૩૧૨. | મહાત્મા ગાંધીજીનું ખૂન કરનાર આર.એસ.એસ. નું બીજું નામ જનસંઘ | ''મહાત્મા ગાંધીજીનું ખૂન કરનાર આર.એસ.એસ.નું બીજુ નામ જનસંઘ'' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૨૩-૩-૮૭ શ્રેણી-૨, પુ.નં.૨૮, કો.૧૭૨-૭૫ |
| ૩૧૩. | મસાણમાં જઇને પણ ઉજાણી કરનારા અહીંયા છે. | સભ્યશ્રીને સંબોધીને એમ કહેવું કે, ''મસાણમાં જઇને પણ ઉજાણી કરનારા અહીંયા છે'' એ અસંસદીય છે. | તા.૨૩-૩-૮૧ શ્રેણી-૧, પુ.૭૩ ભા.૨, કો.૬૫૧-૫૨ |
| ૩૧૪. | મલીન ઈરાદો | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને, ''બક્ષીપંચની વસતિને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે એ પણ છેલ્લે માર્ચના અંતમાં, જાણે કે સરકારનો મલીન ઈરાદો ના હોય'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૧-૩-૦૩ (બીજી બેઠક) શ્રેણી-૩, પુ.૯૮, પા.નં.૮૩૨ |
| ૩૧૫. | મંત્રીશ્રી નાચી રહ્યા છે. | અમલદારો જેમ નચાવે તેમ ''મંત્રીશ્રી નાચી રહ્યા છે'' એવો શબ્દ પ્રયોગ અસંસદીય છે. | તા.૨૪-૨-૬૪ શ્રેણી-૧, પુ.૧૧, ભા.૨, પા.૨૬૪ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૧૬. | મંત્રીશ્રીઓના દીકરા | ''મંત્રીશ્રીઓના દીકરાઓ'' પણ કોન્ટ્રેકટ કામ રાખવા મંડી ગયા છે એમ મંત્રીમંડળ ઉપર સીધો આક્ષેપ કરી શકાય નહીં. | તા.૫-૩-૮૨ શ્રેણી-૧, પુ.૭૭, ભા.૨, કો.૯૩૬-૩૮ |
| ૩૧૭. | મંત્રીશ્રીને પૈસાની ઓફર કરવી. | પુરવઠા મંત્રીશ્રીને કોઇ વ્યકિત તરફથી ''પૈસાની ઓફર કરવામાં'' આવી હતી એવું દોષારોપણ કરી શકાય નહીં. | તા.૯-૭-૯૮ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.૩૫, પા.૫૨૨-૨૩ |
| ૩૧૮. | માથા ઉપર | જયારે અધ્યક્ષશ્રી ગૃહમાં આદેશ આપે ત્યારે અધ્યક્ષશ્રીને સંબોધીને આપનો આદેશ ''અમારા માથા ઉપર છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૮-૧-૮૬ શ્રેણી-૨, પુ.૧૦, કો.૩૬૭ |
| ૩૧૯. | માનસિક સમતુલા | કોઇ પણ મંત્રીશ્રીએ પોતાની કામગીરી દરમ્યાન ''માનસિક સમતુલા'' ગુમાવી છે તેમ કહેવું અસંસદીય છે. | તા.૧૪-૭-૯૮ શ્રેણી-૩, પુ.૩૬, પા.૬૪૮-૪૯ |
| ૩૨૦. | માને ભૂલી ગયા, માનું ધાવણ પણ ભૂલી ગયા | વિરોધપક્ષના સભ્યોને એમ કહેવું કે તમે તમારી ''માને ભૂલી ગયા, માનું ધાવણ પણ ભૂલી ગયા'' આ શબ્દ પ્રયોગ અસંસદીય છે. | તા.૧૨-૨-૮૧, શ્રેણી-૧, પુ.૭૧, ભા.૨, કો.૩૨૬-૨૭ |
| ૩૨૧. | માલાફાઇડ | સરકારનો ઈરાદો ''માલાફાઇડ'' છે એમ કહેવું બરાબર નથી. | તા.૨૩-૨-૮૪ શ્રેણી-૧, પુ.૮૬, ભા.૨, કો.૨૮૮ |
| ૩૨૨. | મીલી ભગત છે | સભાગૃહમાં સભ્યશ્રીએ ''અધ્યક્ષશ્રીની પણ એમાં મીલી ભગત છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૦-૨-૧૭ શ્રેણી-૪, પુ.નં.-૩૮, પાના નં.૫૯ |
| ૩૨૩. | મુખ મેં રામ બગલમાં છુરી | (૧) સર્વોચ્ચ સ્થાને બેઠેલા સરકારી કર્મચારીઓ માટે ''મુખ મેં રામ બગલમાં છુરી'' શબ્દ પ્રયોગ કરવો અસંસદીય છે. | તા.૧૯-૨-૮૧ શ્રેણી-૧, પુ.૭૧, ભા.૨, કો.૭૮૯-૯૦ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | – '' – | (૨) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધપક્ષના સભ્યશ્રીઓને ઉદ્દેશીને ''કોમી તોફાનો રોકવાની જવાબદારી રાજકીય આગેવાનોની છે અને તેમાંય વિરોધપક્ષના આગેવાનોની છે. હું તો અંગત રીતે માનું છું કે વિરોધપક્ષના આગેવાનો બગલ મેં છુરી ઓર મુખ મેં રામ જેવી નીતિ અપનાવતા હોય તો તે વાજબી નથી. 'સભ્યશ્રીઓ સામે આડકતરા આક્ષેપ કરી શકાય નહીં તેથી' મુખ મેં રામ બગલ મેં છુરી'' શબ્દ અસંસદીય છે. | તા.૨૩-૩-૮૩ શ્રેણી-૧, પુ.૮૩, ભાગ-૨, કો.૪૬૫-૬૭ |
| ૩૨૪. | મુખ્યમંત્રીશ્રીને સારું લગાડવાનો આશય છે. | સભાગૃહમાં બેઠેલા સભ્યો ''મુખ્યમંત્રીશ્રીને સારું લગાડવાના આશય'' થી અકળાય છે એમ કહેવું અસંસદીય છે. | તા.૨૦-૭-૮૨ શ્રેણી-૧, પુ.૭૯, ભા.૨, કો.૯૯૭ |
| ૩૨૫. | મૂર્ખ બનાવે છે. | (૧) અમુક વડીલો લોકોને ''મૂર્ખ બનાવે છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૯-૩-૭૩ શ્રેણી-૧, પુ.૪૩, ભા.૨, કો.૪૫૭ |
| | – '' – | (૨) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં ઉદ્દેશીને, ''શિલાન્યાસવાળો પથ્થર કાઢીને ફરીથી શિલારોપણ વિધિ કરવામાં આવી. ગુજરાતની પ્રજાને મૂર્ખ બનાવવાના કરતૂતો નહીં ચલાવી લેવાય'' એમ કહેવું અસંસદીય છે. 'મૂર્ખ બનાવે છે' એ શબ્દ અસંસદીય છે. | તા.૧-૬-૦૪ (બીજી બેઠક) શ્રેણી-૩, પુ.૧૦૫, પા.૪૩૩ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૨૬. | મેલી મથરાવટી | ચર્ચા દરમ્યાન વક્તવ્યમાં, ''બીજાને ભ્રષ્ટ કહીને પોતાને ઈમાનદાર દેખાવું છે અને 'મેલી મથરાવટી' ચીંધતી વખતે અરીસામાં જોવાનું આ સરકાર ભૂલી જાય છે'' તેમ કહેવું તે અસંસદીય છે. | તા.૧૫-૩-૧૩ શ્રેણી-૪, પુ.નં.૬ પા.નં.૧૯૮ |
| ૩૨૭. | મૂંહ કાલા | ચર્ચા દરમ્યાન બીજા પક્ષને ઉદ્દેશીને ''બૂરી નજરવાલે કોંગ્રેસ તેરા મૂંહ કાલા'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૧૨-૩-૧૨ શ્રેણી-૩ પુ.નં.૧૬૫, પા.નં.૫૫૯ |
| ૩૨૮. | મેંઢા | સભ્યશ્રીઓની ''મેંઢા'' સાથે સરખામણી કરવી અસંસદીય છે. | તા.૧૫-૧૧-૭૩ શ્રેણી-૧, પુ.૪૬, ભા.૨, કો.૪૭૫ |
| ૩૨૯. | મોડેસ ઓપરેન્ડી | સભાગૃહની સમિતિના સભ્યો કોઇ પણ પ્રકારના કોઇ પણ રીતે ઘડાયેલા ''મોડેસ ઓપરેન્ડી''થી વર્તે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧૩-૧૧-૭૨ શ્રેણી-૧, પુ.૩૮, ભા.૨,કો.૧૧૪ |
| ૩૩૦. | માટીપગા | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધ પક્ષના સભ્યશ્રીઓને ઉદ્દેશીને, ''આજે આ માટીપગા એમ કહે છે કે અમે ખેડૂતોનું કાંઇક કરીએ.'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૬-૩-૦૭ (બીજી બેઠક) શ્રેણી-૩, પુ.૧૨૭. પા.૧૦૩ |
| ૩૩૧. | યે લોગ બીકે હુએ હે ઉનકી આત્મા મર ચુકી હૈ, એક એકને પૈસા લિયા હૈ. | ભ્રષ્ટાચાર મેં કયા હુઆ લાખો રૂપિયે દિએ ગએ ''યે લોગ બીકે હુએ હે, ઉનકી આત્મા મર ચૂકી હૈ એક એકને પૈસા લિયા હૈ, કિસીને કુર્સી લી હૈ,'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૯-૨-૯૧ શ્રેણી-૨, પુ.૬૨, પા.૬૩૮ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૩૨. | રજવાડી શાહી | કોઇ પણ વ્યક્તિ મંત્રી તરીકે જયારે વહીવટ ચલાવે છે ત્યારે એ પ્રજાના સેવક તરીકે ચલાવે છે, પ્રજાના ટ્રસ્ટી તરીકે ચલાવે છે. કોઇ રાજા તરીકે રજવાડાના માલિક તરીકે ચલાવતા નથી. ''રજવાડી શાહી'' રીતે વહીવટ ચલાવેલો તેમ કહેવું અસંસદીય છે. | તા.૨૯-૩-૯૬ શ્રેણી-૩, પુ.૧૯, પા.નં. ૫૯૦-૯૨ |
| ૩૩૩. | રાજકીય ખીચડી | (૧) અત્યારે જે કાંઇ આંદોલન કરવામાં આવે છે તે ''રાજકીય ખીચડી'' પકવવા માટે ચાલે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧૯-૩-૮૬ શ્રેણી-૨, પુ.૧૫, કો.૭૪૫-૪૭ |
| | – '' – | (૨) કેન્દ્ર સરકારની યોજનાઓને જુદું નામ આપવાનું જણાવી ''માત્ર ઉદ્ઘાટનો કરીને પોતાની 'રાજકીય ખીચડી' પકવવા સિવાય બીજું કશું આપની પાસે નથી.'' એમ કહેવું તે તેમજ 'રાજકીય ખીચડી' શબ્દ અસંસદીય છે. | તા.૨૯-૯-૦૮ શ્રેણી-૩ પુ.નં. ૧૩૮, પા.નં.૬૭૩ |
| ૩૩૪ | રાજકીય મૂડી | વિરોધ પક્ષના સભ્યશ્રીઓ અમુક બનાવમાંથી ''રાજકીય મૂડી'' ઉભી કરવા માગે છે તેમ કહેવું અસંસદીય છે. | તા.૨૭-૧-૮૬ શ્રેણી-૨, પુ.૧૦, કો.૧૨૦-૨૩ |
| ૩૩૫. | રાજકીય રોટલો શેકવાનું બંધ કરો. | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સામા પક્ષના સભ્યશ્રીઓને ઉદ્દેશીને ગુજરાતનો વિકાસ કરવો હોય તો ''રાજકીય રોટલો શેકવાનું બંધ કરો'' એમ કહેવું એ અસંસદીય છે. | તા.૨૦-૩-૦૨ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.૮૭ ભા.૧, પા.૭૩ |
| ૩૩૬. | રાજકીય કિન્નાખોરી | ગુજકોક કાયદા અંગેની ચર્ચા દરમ્યાન પાસાનો ઉલ્લેખ કરી, ''આ કાયદાનો દુરુપયોગ 'રાજકીય કિન્નાખોરી'થી થાય છે'' એમ કહેવું તે અસંસદીય છે. | તા.૨૬-૯-૦૮ શ્રેણી-૩ પુ.નં.૧૩૮ પા.નં. ૫૪૧ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૩૭. | રાજકીય લાભ | કોઇ બનાવ બાબતે, સભાગૃહમાં, સભ્યશ્રીએ પોતાના વક્તવ્યમાં, ''કેટલાંક લોકોએ તેનો 'રાજકીય લાભ' લેવાનો પ્રયત્ન કર્યો'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૨૮–૭–૦૯ (પહેલી બેઠક) શ્રેણી–૩ પુ.નં.૧૪૬, પા.નં.૮૩ |
| ૩૩૮. | રાજકીય હેતુસર, રાજકારણ ખેલી | સભ્યશ્રીએ પોતાના વક્તવ્યમાં, ''રાજકીય હેતુસર લોકોને જકડી રાખવા તેમજ લોકોને પોતાની તરફદારીમાં રાખવા માટે નેગેટીવ 'રાજકારણ ખેલી' વાત કરવામાં આવે છે'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૨૪–૩–૧૧ શ્રેણી–૩ પુ.નં.૧૬૦, પા.નં.૨૨૦ |
| ૩૩૯. | રાજહઠ | ચર્ચા દરમ્યાન વહીવટી તંત્રનો ઉલ્લેખ કરી સરકાર અને મંત્રીશ્રીને ઉદ્દેશીને સભ્યશ્રીએ પોતાના પ્રવચન દરમ્યાન, ''રાજહઠ સામે ક્યારેય કોઇ ટકતું નથી, 'રાજહઠ' હોય એટલે આપણે પડતું મૂકવું પડે'' તેમ કહેવું તે તથા 'રાજહઠ' શબ્દ અસંસદીય છે. | તા.૨૩–૩–૧૦ (પહેલી બેઠક) શ્રેણી–૩ પુ.નં.૧૫૨, પા.નં.૧૪૦–૧૪૧ |
| ૩૪૦. | રાડો નાખે છે અને દેકારો કરે છે. | કરવેરામાં ૯ ટકા વધારા માટે આ લોકો ''રાડો નાખે છે અને દેકારો કરે છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨–૩–૭૬ શ્રેણી–૧, પુ.૫૧, ભા.૨, કો. ૫૩૮ |
| ૩૪૧. | રાઇ ભરાઇ ગઇ છે. | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારી કર્મચારી/અધિકારીને ઉદ્દેશીને, ''કેટલાક સરકારી કર્મચારીઓને એમને રાજયનું રક્ષણ મળતું હોય કે મની પાવરના કારણે કેટલાક અધિકારીઓના મગજમાં રાઇ ભરાઇ ગઇ છે.'' એમ કહેવું અસંસદીય છે. | તા.૬–૩–૦૩ શ્રેણી–૩, પુ.૯૫, પા.૫૦૯ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૪૨. | રાક્ષસી પંજો | ચર્ચા દરમ્યાન ''રાક્ષસી પંજો એવો છે'' તેમજ 'એની પાછળ કોનો હાથ છે, રાક્ષસી પંજો એમાં પડે' તેમ કહેવું તે અસંસદીય છે. | તા.૧-૧૦-૧૩ શ્રેણી-૪, પુ.નં.-૯, પા.નં.૬૯૯ |
| ૩૪૩. | રાંડ્યા પછીનું ડહાપણ | ''રાંડ્યા પછીનું ડહાપણ'' એ શબ્દો કહેવતના હોવા છતાં પણ સભાગૃહમાં બોલી શકાય નહીં. | તા.૨૯-૨-૯૬ (બીજી બેઠક) શ્રેણી-૩, પુ.૧૩, પા.૩૭૭-૭૮ |
| ૩૪૪. | રાંડેલી રૂએ, માંડેલી રૂએ પણ સાત ભરથારવાળી પણ રૂએ. | મને લાગે છે કે ''રાંડેલી રૂએ, માંડેલી રૂએ, પણ સાત ભરથારવાળી પણ રૂએ'' એ કેવું કહેવાય એમ કહેવું એ અસંસદીય છે. | તા.૧૭-૩-૮૬ શ્રેણી-૨, પુ.નં.૧૫, કો.૧૭૪-૭૫ |
| ૩૪૫. | રાષ્ટ્રીય અધ્યક્ષાનું ચૂંટણી ભાષણ | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધ પક્ષને ઉદ્દેશીને ''કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષાનું ચૂંટણી ભાષણ ચાલી રહ્યું છે'' એમ કહેવું ઇચ્છનીય નથી. કોઇ પણ પક્ષના 'રાષ્ટ્રીય અધ્યક્ષાનું' નામ દેવું ઇચ્છનીય નથી. | તા.૪-૩-૦૩ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.૯૪, પા.૨૭૯ |
| ૩૪૬. | રોદણાં રોવા | ધારાસભ્ય ગૃહમાં સંકલ્પ લાવી ''રોદણાં રોવાં'' નો પ્રયત્ન કરે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૩૦-૩-૭૭ શ્રેણી-૧, પુ.૫૨, ભા.૨, કો.૬૫૫-૫૬ |
| ૩૪૭. | રોલો | પરીક્ષાઓ ચાલતી હતી ત્યારે મંત્રીશ્રી ઓચિંતા જઇને વિદ્યાર્થીઓની અંદર ''રોલો'' પાડવા ગયા હતા. મંત્રીશ્રી માટે 'રોલો' શબ્દ વાપરવો અસંસદીય ગણાય. | તા.૨૪-૩-૯૮ (બીજી બેઠક) શ્રેણી-૩, પુ.૩૨, પા.નં.૧૨૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૪૮. | રોકડી કરે | ચર્ચા દરમ્યાન ''તમામ નગરપાલિકાની અંદર આજે ટાઉન પ્લાનિંગ કમિટીમાં જે સભ્યો હોય એ આ પક્ષના કે તે પક્ષના તમામ પક્ષના લોકો છે એ સાથે મળીને 'રોકડી કરે' છે'' તેમ કહેવું તે તથા 'રોકડી કરવી' શબ્દ અસંસદીય છે. | તા.૨૬–૯–૦૮ શ્રેણી–૩ પુ.નં.૧૩૮ પા.નં. ૫૫૭ |
| ૩૪૯. | લઘુશંકા કરે | સભ્યોને સંબોધીને એમ કહેવું કે થોડાક આંધળાઓ ભેગા થઇને બજાર વચ્ચે ''લઘુશંકા કરે અને માને કે દુનિયા આંધળી છે'' એ અસંસદીય છે. | તા.૨૪–૩–૮૧ શ્રેણી–૧, પુ.૭૩, ભા.૨, કો.૭૩૮–૩૯ |
| ૩૫૦. | લપોડશંખ | આ સરકાર ''લપોડશંખ'' જેવી છે. એ દલિતોને ફક્ત વાયદા જ કરે છે. આ સરકારે દલિતોને માઇબાપ સમજી લીધેલ છે. સરકારને 'લપોડશંખ' કહેવું ઇચ્છનીય નથી. | તા.૧૩–૭–૯૪ શ્રેણી–૨, પુ.૯૭, પા.૪૧૪–૧૫ |
| ૩૫૧. | લાજવાના બદલે ગાજવાની | સભાગૃહમાં સભ્યશ્રીએ ''લાજવાના બદલે ગાજવાની કોશિશ ના કરો, આ સામાન્ય વસ્તુ નથી'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૨૧–૨–૧૭ શ્રેણી–૪ પુ.નં.૩૮, પાના નં.૧૪૨ |
| ૩૫૨. | લાડીવાળા | સભ્યશ્રી તેમના પ્રવચનમાં ધારાસભ્ય થવાથી બંગલો અને ગાડીવાળા થવાય, વાડીવાળા થવાય અને વધારાની ''લાડીવાળા'' પણ થવાય છે એમ કહી શકાય નહીં. | તા.૩–૯–૮૬ શ્રેણી–૨, પુ.૨૦, કો.૩૭૩ |
| ૩૫૩. | લાંબી કસે ધવડાવવાનો. | ખેડૂતોને પાક વીમાના પૈસાની ચૂકવણી અંગે થતા વિલંબને અઘટિત ગણાવી સૌરાષ્ટ્રના ખેડૂતોને ''લાંબી કસે ધવડાવવાનો'' ધંધો છે એવો શબ્દ પ્રયોગ યોગ્ય નથી. | તા.૯–૩–૮૯ શ્રેણી–૨, પુ.૪૬, પા.૧૬૧–૬૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૫૪. | લુચ્ચા અને હરામી | કોઇ પણ સરકારી અધિકારીને ''લુચ્ચા અને હરામી'' અધિકારી કહેવું અસંસદીય છે. | તા.૨૨–૭–૭૭ શ્રેણી–૧, પુ.૫૩, ભા.૨, કો.૨૨૧ |
| ૩૫૫. | લંગોટી | ચર્ચા દરમ્યાન વક્તવ્યમાં ''તપાસ કરીને કાયદેસરની કાર્યવાહી આગળ કરવા માગો છો કે નહીં? નહીંતર ગરીબોની લંગોટી જશે'' તેમ કહેવું તે અસંસદીય છે. | તા.૫–૩–૧૩ શ્રેણી–૪, પુ.નં.૩ પા.નં.૩૦૯ |
| ૩૫૬. | લૂંટ | (૧) ગવર્નર શાસન દરમ્યાન મિલોવાળાનું નાક દબાવી પૈસા લીધા છે એ ''લૂંટ'' છે એમ આરોપણ કરવું અસંસદીય છે. | તા.૩૦–૩–૭૭ શ્રેણી–૧, પુ.૫૨, ભા.૨, કો.૬૦૬–૦૭ |
| | – '' – | (૨) વિદ્યુત બોર્ડ ''લૂંટ'' ચલાવે છે એવા આક્ષેપો કરવા અસંસદીય છે. | તા.૨૩–૩–૭૮ શ્રેણી–૧, પુ.૫૯, ભા.૨, કો.૮૫૮ |
| | – '' – | (૩) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીને ઉદ્દેશીને ''મીઠાના ઉદ્યોગની અંદર બે–ચાર–પાંચ સહકારી મંડળીના આગેવાનો મોટી લૂંટ ચલાવી રહ્યા છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૩–૩–૬૭ શ્રેણી–૧, પુ.૧૮, ભા.૨, કો.૨૭૭ |
| ૩૫૭. | લૂંટવું | સભ્યશ્રીએ સરકારશ્રીને ઉદ્દેશીને ''જે જોઇએ તે લૂંટવું જોઇએ. એ જાતની પરિસ્થિતિ આપણે પેદા કરવા માગીએ છીએ?'' 'લૂંટવું' શબ્દ અસંસદીય છે. | તા.૧૪–૯–૮૪ શ્રેણી–૧, પુ.૮૯, ભા.૨, કો.૩૭૪ |
| ૩૫૮. | લૂંટ ચલાવી રહી છે. | સભ્યશ્રી તેમના પ્રવચનમાં સરકાર ''લૂંટ ચલાવી રહી છે અને જે રીતે પ્રજા લૂંટાઇ રહી છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૭–૮–૦૧ શ્રેણી–૩, પુ.૭૯, પા.૩૬૩–૬૪ |
| ૩૫૯. | લૂંટ અને છેતરપિંડી | કોલેજમાં પ્રવેશ આપવા માટે લૂંટ આચરવામાં આવે છે અને ''છેતરપિંડી'' કરવામાં આવે છે એમ કહી શકાય નહીં. | તા.૨૨–૨–૮૪ શ્રેણી–૧, પુ.૮૬, ભા.૨, કો.૨૪૩–૪૫ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૬૦. | લૂંટારા અને પીંઢારા | સભ્યશ્રીએ શાસક પક્ષના સભ્યશ્રીઓને ઉદ્દેશીને ''લૂંટારા અને પીંઢારાની જેમ ગુજરાતની પ્રજાને લૂંટી રહ્યાં છે'' એટલે કે શાસક પક્ષના સભ્યશ્રીઓને ઉતારી પાડતો શબ્દ પ્રયોગ અસંસદીય છે. | તા.૩–૧૦–૨૦૦૦, શ્રેણી–૩, પુ.૬૯, પા.નં.૩૩૯ થી ૩૪૧, ૩૪૪, ૩૪૬, ૩૪૮, ૩૫૩, ૩૫૪, ૩૫૯, ૩૬૫ |
| ૩૬૧ , | લુખ્ખા | સભાગૃહમાં ચર્ચા દરમ્યાન સભ્યશ્રીએ પોતાના વક્તવ્યમાં ચૂંટણીઓના ફોર્મ ભરવા અંગેનો ઉલ્લેખ કરી, ''બે 'લુખ્ખા' લઈ અને ફોર્મ ભરીને ઉભા રાખી દે'' તેમ કહેવું અસંસદીય છે. 'લુખ્ખા' શબ્દ અસંસદીય છે. | તા.૬–૭–૦૯ શ્રેણી–૩ પુ.નં.૧૪૩, પા.નં. ૭૯ |
| ૩૬૨. | લેભાગુની ટોળી | જનતા પાર્ટીનો શંભુમેળો છે એ ''લેભાગુની ટોળી'' છે એમ કહેવું અસંસદીય છે. | તા.૨૨–૨–૮૪ શ્રેણી–૧, પુ.૮૬, ભા.૨, કો. ૨૩૬–૨૩૭ |
| ૩૬૩. | લોકશાહીની ઘોર ખોદવાનું કામ કરે છે. | સભ્યશ્રીને ઉદ્દેશીને ''લોકશાહીની ઘોર ખોદે છે'' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૨૮–૧–૮૭ શ્રેણી–૨, પુ.૨૧, કો.૧૩૬–૩૭ |
| ૩૬૪. | લોકશાહીનું ખૂન કર્યું | સભાગૃહમાં સભ્યશ્રીએ ''ત્રણ રાજયોમાં તો અમે આગળ છીએ તમે આ લોકશાહીનું ખૂન કર્યું છે'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૧૪–૩–૧૭ શ્રેણી–૪ પુ.નં.૪૦ પાના નં.૧૬૮ |
| ૩૬૫. | લોકો | સભાગૃહમાં બેઠેલા સભ્યશ્રીઓને લક્ષમાં રાખીને વાત કરતા હોય ત્યારે આ વિરોધ પક્ષના ''લોકો'' એટલું કેમ સમજતા નથી? એમ કહેવું અસંસદીય છે. | તા.૨૦–૩–૮૫ શ્રેણી–૨, પુ.૧, કો.૨૫૧ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૬૬. | લોચાવાળું ભાષણ | સભ્યશ્રીનું ભાષણ ''લોચાવાળું'' છે એમ કહી શકાય નહીં. | તા.૧૨-૯-૮૪ શ્રેણી-૧, પુ.૮૯ ભા.૨, કો. ૨૦૩-૦૪ |
| ૩૬૭. | લોહી ચૂસ્યું છે. | જનતાપાર્ટીની સરકારે ગરીબોના ''લોહી ચૂસ્યા સિવાય'' કશું કર્યું નથી એમ કહેવું અસંસદીય છે. | તા.૧૬-૩-૭૯ શ્રેણી-૧, પુ.૬૪, ભા.૨, કો.૩૮૩-૮૪ |
| ૩૬૮. | લોહીનો વેપાર | કોંગેસના શાસનમાં સંચાલકો જે બોગસ સંચાલકો હતા તેમાંના કેટલાક લોકોએ ગ્રાન્ટ લેવા માટે અને મંજૂરી લેવા માટે એમણે વિદ્યાર્થિનીઓ અને શિક્ષિકાઓના ''લોહીનો વેપાર'' કર્યો છે એમ કહેવું બરાબર નથી. | તા.૧૧-૭-૯૦ શ્રેણી-૨, પુ.નં.૫૬, પા.૮૭૮-૭૯ |
| ૩૬૯. | લોલીપોપ અને કોણીએ ગોળ | વિરોધપક્ષના નેતાશ્રીએ સરકારને ઉદ્દેશીને, ''લોલીપોપ, કોણીએ ગોળ ગુજરાતની પ્રજાને માનનીય મુખ્યમંત્રીશ્રી...'' એમ કહેવું ઇચ્છનીય નથી. 'લોલીપોપ અને કોણીએ ગોળ' એ શબ્દો અસંસદીય છે. | તા.૨૩-૨-૦૪ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.૧૦૩, પા.૮૦ |
| ૩૭૦. | લાળ | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધપક્ષના સભ્યશ્રીને ઉદ્દેશીને, ''આ લાળ કાયમ માટે પડવાની છે'' એમ કહેવું અસંસદીય છે. બીજા પક્ષના સભ્યશ્રીઓ 'લાળ' પાડે છે એમ કહી શકાય નહીં. 'લાળ' શબ્દ અસંસદીય છે. | તા.૧-૩-૦૫ (બીજી બેઠક) શ્રેણી-૩, પુ.૧૧૧, પા.૧૦૬ |
| ૩૭૧. | વડાપ્રધાનને ગેરમાર્ગે દોરવા પ્રવચનો કરો છો. | અહીંયા માત્ર ''વડાપ્રધાનને ગેરમાર્ગે દોરવા માટે પ્રવચનો થાય છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૪-૩-૭૬ શ્રેણી-૧, પું.૫૧, ભા. ૨ , કો.૭૬૦ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૭૨. | વર મરો, કન્યા મરો અને ગોરબાપાનું તરભાણું ભરો | જે બ્રાહ્મણ ધર્મ પાળે છે ત્યાં એ લોકો સગવડીઓ બ્રાહ્મણ ધર્મ પાળે છે અને એમના માટે અમારે ત્યાં મહેસાણામાં કહેવત છે કે ''વર મરો, કન્યા મરો પરંતુ ગોરબાપાનું તરભાણું ભરો'' એમ કહેવું ઈચ્છનીય નથી. | તા.૫-૯-૯૧ શ્રેણી-૨, પુ.નં.૬૮, પા.૮૪૦-૪૧ |
| ૩૭૩. | વર્તમાનપત્રો કો નજર રખતે હુએ. | જ્યારે કોઈ સભ્યશ્રી પ્રવચન કરતા હોય ત્યારે તે સભ્યશ્રી ''વર્તમાનપત્ર કો પહેલે નજર રખતે હુએ બોલતે હૈ'' એમ કહેવું અસંસદીય છે. | તા.૩૦-૧-૮૬ શ્રેણી-૨, પુ.૧૦, કો.૧૨૦૬-૦૭ |
| ૩૭૪. | વલખાં | કેટલાક સભ્યો જ્યુડિશિયલ ઈન્કવાયરી માટે ''વલખાં'' મારે છે એમ આક્ષેપ કરવો અસંસદીય છે. | તા.૩૧-૩-૭૮ શ્રેણી-૧, પુ.૫૯, ભા. ૨, કો.૧૫૨૦ |
| ૩૭૫. | વાણી વિલાસ | (૧) કોઈ પણ સભ્યશ્રી કંઈ પણ પ્રવચન કરતા હોય તો એ પ્રવચનને ''વાણી વિલાસ'' તરીકે ઓળખાવવો એ યોગ્ય નથી. | તા.૨૩-૩-૯૮ શ્રેણી-૩, પુ.૩૧, પા.નં.૨૧૦-૧૧ |
| | | (૨) ચર્ચા દરમ્યાન, ''ભૂતકાળમાં કોંગ્રેસના લોકોએ મારી આદિજાતિ વિસ્તારને શું આપ્યું હતું, તો મને સમજાયું છે કે ખાલી 'વાણી અને વિલાસ' કર્યા છે.'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૨૧-૩-૧૨ શ્રેણી-૩ પુ.નં.૧૬૮, પાના નં.૨૭૬ |
| ૩૭૬. | વાતને ચગાવવી | પ્રશ્નોત્તરી દરમ્યાન કોઈ પ્રશ્ન અંગે વધુ માહિતી મેળવી ગૃહમાં રજૂ કરવાના આશયથી પ્રશ્ન મુલતવી રાખવા માટે સભ્યશ્રીઓ રજૂઆત કરે છે ત્યારે ''વાતને ચગાવવા'' માં આવે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧૦-૩-૮૧ શ્રેણી-૧, પુ.૭૧, ભા.૧, કો.૮૭૭ |

| ૧ | ૨ | ૩ | ૪ |
| --- | --- | --- | --- |
| ૩૭૭. | વામણાપણું | સભ્યશ્રી વાતો કરી પોતાનું ''વામણાપણું'' બતાવે છે એમ કહી શકાય નહીં. | તા.૧૭–૨–૮૨ શ્રેણી–૧, પુ.૭૬, ભા.૨, કો.૯૦૯ |
| ૩૭૮. | વાહિયાત | (૧) સભાગૃહમાં કોઇ સભ્યે પોતાના વક્તવ્ય દરમ્યાન કરેલું અમુક કથન ''વાહિયાત'' છે એવી બીજા સભ્યે ટીકા કરવી એ અસંસદીય છે. | તા.૧૩–૭–૬૭ શ્રેણી–૧, પુ.૧૯, ભા.૨, કો.૨૯૨–૯૩ |
| | – '' – | (૨) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં બીજા પક્ષને ઉદ્દેશીને ''હરિજનો, પછાત જાતિઓ અને અન્ય જાતિઓ માટે સરકાર કંઇ પણ કરી શકતી નથી, કાંઇ કર્યું નથી. એ બધું કહેવું એ બિલકુલ વાહિયાત છે. કેવળ પોકળ છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૩–૩–૭૬ શ્રેણી–૧, પુ.૫૧, ભા.૨, કો.૬૯૦ |
| | – '' – | (૩) સભાગૃહમાં કોઇ સભ્યે પોતાના વક્તવ્ય દરમ્યાન કહેલું કથન ''વાહિયાત છે. તેવી કોઇ બીજા સભ્યે ટીકા કરવી'' તે અસંસદીય છે. | તા.૨૬–૯–૭૯ શ્રેણી–૧, પુ.૬૬, ભા.૨, કો.૭૬૮–૭૧ |
| | – '' – | (૪) સભાગૃહમાં વિરોધપક્ષના નેતાશ્રીની વાતને એ બિલકુલ ''વાહિયાત'' વાત છે એમ કહેવું યોગ્ય નથી. | તા.૧૬–૨–૮૯ શ્રેણી–૨, પુ.નં.૪૩, પા.૧૨૩–૨૪ |
| ૩૭૯. | વિકૃત | સભાગૃહમાં સભ્યશ્રીની રજૂઆતને તેઓ ''વિકૃત'' સ્વરૂપમાં રજૂ કરે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૯–૨–૮૯ શ્રેણી–૨, પુ.૪૨, પા.નં.૧૪૧–૪૨ |
| ૩૮૦. | વિકૃત માનસ | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધ પક્ષના નેતાશ્રીને સંબોધીને આપનું ''વિકૃત માનસ'' કઇ દિશામાં કામ કરી રહ્યું છે તેમ કહેવું અસંસદીય છે. | તા.૨૦–૮–૮૬ શ્રેણી–૨, પુ.૧૮, કો.૧૩૩૭–૩૮ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૮૧. | વિકૃત માનસનું વરવું પ્રદર્શન | સભ્યશ્રીના વક્તવ્યને ''વિકૃત માનસનું વરવું પ્રદર્શન કર્યું છે'' તેમ કહેવું તે બરાબર નથી. | તા.૧૦-૨-૮૮ શ્રેણી-૨, પુ.૩૧, કો.૬૫૩-૫૪ |
| ૩૮૨. | વિદ્રોહ | ગુજરાતમાં ભાજપે ૧૨ મહિનાના શાસનમાં સ્વર્ગ ઉતારી દીધું છે તો પછી ''શંકરસિંહ વાઘેલાને ૫૬ ધારાસભ્યો લઇને 'વિદ્રોહ' કરવાની જરૂર કેમ પડી?'' જે સભ્યશ્રી વિધાનસભા ગૃહમાં હાજર ન હોય તેમણે 'વિદ્રોહ' કર્યો છે એમ કહીને એમનું અપમાન થાય તેવું બોલી શકાય નહીં. | તા.૨૦-૨-૯૬ શ્રેણી-૩, પુ.નં.૧૧, પા.નં.૭૨૭ |
| ૩૮૩. | વિધવા બામણીના ખેતર | શિક્ષણના ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર ચાલે તો તે કોઇ પણ સંજોગોમાં માફ થઇ શકે નહીં. શિક્ષણ ક્ષેત્રને ''વિધવા બામણીના ખેતરની જેમ ફાવે તેમ ચરી લીધું'' છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧૧-૭-૯૦ શ્રેણી-૨, પુ.નં.૫૬, પા.નં.૮૭૨-૭૩ |
| ૩૮૪. | વિરોધપક્ષના લોકો | વિરોધપક્ષના સભ્યશ્રીઓને ''વિરોધ પક્ષના લોકો'' કહીને સંબોધન કરવું યોગ્ય નથી. | તા.૨૦-૧-૮૨ શ્રેણી-૧, પુ.૭૫, ભા.૨, કો.૨૩૬ |
| ૩૮૫. | વેશ્યા જ્યારે પતિવ્રતાની વાત કરે | વિરોધપક્ષના સભ્યશ્રીઓ માટે ''વેશ્યા જ્યારે પતિવ્રતાની વાત કરે'' એમ કહેવું સભ્યશ્રી માટે યોગ્ય નથી. | તા.૩-૭-૯૫ શ્રેણી-૩, પુ.૫, પા.નં.૨૩૩-૩૪ |
| ૩૮૬. | વેશ્યાઓની દલાલી | સભ્યશ્રીએ મંત્રીશ્રીને સંબોધીને કહ્યું કે ''વેશ્યાઓની દલાલી'' કરે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૨૫-૨-૨૦૦૦ શ્રેણી-૩, પુ.૫૬, પા.નં.૭૦૮ |
| ૩૮૭. | વો દિલ્હી દરબાર મેં જાકર ભિખારીયોં કી તરહ વહાં પર હાથ ફૈલાતે હૈ. | એક સભ્યશ્રીએ ચર્ચા દરમ્યાન રાજય માટે પૈસા મેળવવાની બાબતમાં કહ્યું કે ''વો દિલ્હી દરબાર મેં જાકર ભિખારીયોં કી તરહ હાથ ફૈલાતે હૈ.'' આ શબ્દ પ્રયોગ બરાબર નથી. | તા.૩૦-૬-૮૮ શ્રેણી-૨, પુ.૩૬, પા.નં.૨૪૪ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૮૮. | વેપલો | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં, મહિલાઓના શિક્ષણ બાબતે સરકારને ઉદ્દેશીને, ''અત્યારે તો આ લોકોએ વેપલો માંડ્યો છે.'' તેમ કહેવું બરાબર નથી. 'વેપલો' શબ્દ અસંસદીય છે. | તા.૬-૩-૦૭ (પ્રથમ બેઠક) શ્રેણી-૩, પુ.૧૨૭, પા.નં.૩૨ |
| ૩૮૯. | શરમ નથી આવતી. | સમાધાન થયું ત્યારે સમયમર્યાદા નક્કી કરવામાં આવી નહીં અને અત્યારે સમયમર્યાદાની વાત કરનારાઓને, ''શરમ નથી આવતી'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૭-૩-૯૦ શ્રેણી-૨, પુ.નં.૫૩, પા.નં.૧૭૪ |
| ૩૯૦. | શરમની વાત | સભ્યશ્રી મંત્રીશ્રીને ઓળખવા માટે કોશિશ કરતા નથી એ ઘણી ''શરમની વાત'' છે એમ કહેવું અસંસદીય છે. | તા.૨-૮-૭૭ શ્રેણી-૧, પુ.૫૫, ભા.૨, કો.૧૨૩૩ |
| ૩૯૧. | શકોરું | સભ્યશ્રી તેમના વક્તવ્યમાં ''શકોરું'' શબ્દનો ઉપયોગ કરે તે ઇચ્છનીય નથી. | તા.૧૮-૩-૮૭ શ્રેણી-૨, પુ.નં.૨૭, કો.૩૭૦-૭૧ |
| ૩૯૨. | શંભુમેળાની સરકાર ખીચડી સરકાર | જે વખતે રાજયમાં જનતા પાર્ટીનું રાજય હતું, મિશ્ર સરકાર હતી, ''શંભુમેળાની સરકાર હતી, ખીચડી સરકાર'' હતી. આ શબ્દો અન્ય સરકાર માટે વાપરવા યોગ્ય નથી. | તા.૧૨-૭-૮૮ શ્રેણી-૨, પુ.નં.૩૭, પા.નં.૯૬૧-૬૨ |
| ૩૯૩. | શેતાનો બાઇબલને ટાંકવા નીકળ્યા છે. | વિપક્ષના સભ્યશ્રીઓ પ્રવચન કરતા હોય ત્યારે ''શેતાનો બાઇબલને ટાંકવા નીકળ્યા છે'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૨૪-૩-૯૮ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.૩૨, પા.નં.૮૨-૮૩ |
| ૩૯૪. | શેરીઓમાં લડવાવાળા | સભ્યો ''શેરીઓમાં લડવાવાળા'' માણસો છે એમ કહેવું અસંસદીય છે. | તા.૨૦-૮-૮૦ શ્રેણી-૧, પુ.૬૮, ભા.૨, કો.૨૨૨-૨૩ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૯૫. | શોભાના ગાંઠીયા | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સભાગૃહના સભ્યશ્રીઓને ઉદ્દેશીને ''શોભાના ગાંઠીયાની જેમ બેસી અને ખુરશી શોભાયમાન કરવાનું આપણું લક્ષ્ય નથી'' એમ કહેવું એ અસંસદીય છે. | તા.૧૪-૩-૨૦૦૨ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.૮૪, પા.૨૨૨ |
| ૩૯૬. | શોરબકોર | (૧) માનનીય સભ્યશ્રી પોતાનું ધાર્યું કરાવી શકતા ન હોવાને કારણે આ ''શોરબકોર'' થાય છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧૫-૨-૭૮ શ્રેણી-૧, પુ.૫૭, ભા.૨, કો.૨૫૮ |
| | - '' - | (૨) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સામા પક્ષના સભ્યશ્રીઓને ઉદ્દેશીને ''સામા પક્ષના ભાઈઓ જે બે દિવસથી શોરબકોર કરે છે તેને કાબૂમાં લાવી શકાશે''એમ કહેવું અસંસદીય છે. | તા.૧૧-૨-૭૬ શ્રેણી-૧, પુ.૫૦, ભા.૨, કો.૧૯૮-૯૯ |
| ૩૯૭. | સકટનો ભાર જેમ શ્વાન તાણે | વિરોધપક્ષના સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સરકારને ઉદ્દેશીને, ''સકટનો ભાર જેમ શ્વાન તાણે'' 'શ્વાન' સાથે શાસન કરનારાઓની સરખામણી કરવામાં આવી છે તેથી 'સકટનો ભાર જેમ શ્વાન તાણે' એ શબ્દ અસંસદીય છે. | તા.૨૩-૨-૦૪ (બીજી બેઠક) શ્રેણી-૩, પુ.૧૦૩, પા.નં.૩૪૦ |
| ૩૯૮. | સરમુખત્યારશાહી વાળી સરકાર | સભાગૃહમાં સભ્યશ્રીએ ''આ 'સરમુખત્યારશાહીમાં માનવા વાળી' ભારતીય જનતા પાર્ટીની સરકાર નિર્દયતાપૂર્વક એને દબાવી દેવાનો પ્રયત્ન કરે'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૨૮-૨-૧૭ શ્રેણી-૪, પુ.નં.૩૯, પાના નં.૧૨૧ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૯૯. | સત્તાની દલાલી | અઠવાડિયા સુધી બે ટંકનું ભોજન મળતું નથી એને માટેના પરિવર્તનની વાત કરી શકશે ખરા? જેમણે આજ સુધી એક જ કામ કર્યું છે અને ''સત્તાની દલાલી'' સિવાયનું કોઇ કામ કર્યું નથી એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૨૧-૩-૯૦ શ્રેણી-૨, પુ.નં.૫૨, પા.નં. ૪૬૪-૬૫ |
| ૪૦૦. | સદંતર જૂઠ્ઠું બોલે છે. | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સામા પક્ષના સભ્યશ્રીઓને ઉદ્દેશીને ''સદંતર જૂઠ્ઠું બોલે છે.'' એમ કહેવું એ અસંસદીય છે. | તા.૧૪-૩-૨૦૦૨ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.નં.૮૪, પા.નં.૧૯૮-૯૯ |
| ૪૦૧. | સદંતર જૂઠ્ઠું | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં બીજા પક્ષને ઉદ્દેશીને ''પક્ષને સગવડ કરવી છે અને બીજાને અગવડ કરવાની છે. એ જાતનું જે આરોપણ કરવામાં આવ્યું છે એ સદંતર જૂઠ્ઠું છે'' એમ કહેવું અસંસદીય છે. | તા.૩૦-૩-૬૫ શ્રેણી-૧, પુ.૧૩, ભા.૨, પા.નં.૧૩૯૮ |
| ૪૦૨. | સન્નેપાત | સભ્યને શ્વાસ ચડે છે. ''સન્નેપાત'' થાય છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧૬-૧૧-૭૨ શ્રેણી-૧, પુ.૩૮, ભા.૨, કો.૪૦૮ |
| ૪૦૩. | સભ્યનું કેલીબર | સભ્યનું ''કેલીબર'' કેટલું ઉંચું કે નીચું હશે એ અંગે સભાગૃહમાં માપ કાઢી શકાશે એમ કહેવું અસંસદીય છે. | તા.૨૩-૭-૮૫ શ્રેણી-૨, પુ.૭, કો.૮૫૨-૫૩ |
| ૪૦૪. | સભાસદોના ઓઠા નીચે | સભાગૃહમાં ચૂંટાઇને આવ્યા હોય એટલે ''સભાસદોના ઓઠા નીચે'' આતંક મચાવે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૨૬-૭-૮૫ શ્રેણી-૨, પુ.નં.૮, કો. ૫૫૪ |
| ૪૦૫. | સભ્યશ્રીઓના નાક ચડી ગયા. | દલિત પેન્થરોએ સભાગૃહમાં પત્રિકાઓ ફેંકી હતી ત્યારે માનનીય ''સભ્યશ્રીઓના નાક ચડી ગયા હતા'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૩-૩-૭૮ શ્રેણી-૧, પુ.૫૯, ભા.૨, કો.૮૮૯-૯૦ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૪૦૬. | સમય બગાડ્યો | સભ્યશ્રીએ ગૃહની ચર્ચામાં ભાગ લેતાં તેમના પ્રવચનમાં અધ્યક્ષશ્રીને સંબોધીને આ સભાગૃહનો દશ મિનિટનો ''સમય બગાડ્યો'' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૧૯-૨-૯૨ શ્રેણી-૨, પુ.નં.૭૧, પા.નં.૬૧૦ |
| ૪૦૭. | સરકારને કાંઇ બુદ્ધિ છે. | પ્રજાના કામો થતાં નથી એટલે ''સરકારમાં બુદ્ધિ'' નથી એમ કહેવું અસંસદીય છે. | તા.૧૮-૭-૮૫ શ્રેણી-૨, પુ.૬, કો.૯૩૬-૩૭ |
| ૪૦૮. | સસ્તી નેતાગીરી | (૧) વિરોધપક્ષના સભ્યો કોઇ રજૂઆત કરે તો તે ''સસ્તી નેતાગીરી'' માટે કરે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧૦-૨-૮૧ શ્રેણી-૧, પુ.૭૧, ભા.૨, કો.૧૦૯-૧૧૦ |
| | - '' - | (૨) સભ્યશ્રીએ સરકારશ્રીને ઉદ્ધેશીને ''માત્ર સસ્તી નેતાગીરી મેળવવા માટે થઇને..'' એટલે કે કોઇ પણ માનનીય સભ્યશ્રી બોલે છે એ સસ્તી નેતાગીરી મેળવવા માટે થઇને બોલે છે એમ આક્ષેપ કરવો તે વાજબી નથી. | તા.૧૩-૭-૭૨ શ્રેણી-૧, પુ.૩૫, ભા.૨, કો.૫૯૩-૯૪ |
| ૪૦૯. | સસ્તી લોકપ્રિયતા | (૧) સભ્યશ્રીઓ ''સસ્તી લોકપ્રિયતા'' મેળવવા માટે આવા પ્રશ્નો ગૃહની અંદર ઉભા કરે છે એમ કહેવું અસંસદીય છે. | તા.૨૩-૩-૮૧ શ્રેણી-૧, પુ.૭૩, ભા.૨, કો.૬૩૪-૩૫ |
| | - '' - | (૨) મંત્રીશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધપક્ષના સભ્યશ્રીને ઉદ્ધેશીને ''પ્રજાને ઉપયોગી થવાને બદલે સસ્તી લોકપ્રિયતા દ્ધારા અવળા માર્ગે જતા જોવા મળે છે.'' એમ કહેવું અસંસદીય છે. | તા.૩૦-૧૨-૮૨ શ્રેણી-૧, પુ.૮૦, ભા.૨, કો.૨૪૯-૫૦ |
| ૪૧૦. | સમય ઘણો ઓછો આપ્યો છે. | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં અધ્યક્ષશ્રીને ઉદ્ધેશીને ''મને સમય ઘણો ઓછો આપ્યો છે'' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૪-૩-૨૦૦૩ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.૯૪, પા.નં.૨૮૫ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૪૧૧. | સફાળા અને જાગૃત અવસ્થા | સભ્યશ્રીએ મંત્રીશ્રીને ઉદ્દેશીને, ''સવાલ પૂછીએ ત્યારે તેમને ખબર પડે અને પછી 'સફાળા' થઇ અને 'જાગૃત અવસ્થા'માં આવી પૂરક બજેટમાં માગણી મૂકે'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૭–૩–૧૧ શ્રેણી–૩ પુ.નં.૧૫૬, પા.નં.૩૮૩ |
| ૪૧૨. | સત્યથી તદ્દન વેગળા | ચર્ચા દરમ્યાન મંત્રીશ્રીએ વિરોધપક્ષના નેતાશ્રીને ઉદ્દેશીને, ''માહિતી જાણતા હોય એ વ્યક્તિ 'સત્યથી તદ્દન વેગળા' વિષયો પર આજે એમણે વાત મૂકી છે'' તેમ કહેવુ અસંસદીય છે. | તા.૭–૩–૧૧ શ્રેણી–૩, પુ.૧૫૬, પા.નં.૩૮૬ |
| ૪૧૩. | સાઠે બુદ્ધિ નાઠી | ધારાસભ્યશ્રીને સંબોધીને એમ કહેવું કે ''સાઠે બુદ્ધિ નાઠી''છે એ અસંસદીય છે. | તા.૨૩–૨–૮૧ શ્રેણી–૧, પુ.૭૨, ભા.૨, કો.૫૦–૫૧ |
| ૪૧૪. | સામંતશાહી | સભ્યશ્રીએ મંત્રીશ્રીને ઉદ્દેશીને ''એમનો જે વારસો છે એ તો સામંતશાહીનો છે અને સામંતશાહી કુટુંબમાંથી આવ્યા છે'' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૨૮–૧–૮૭ શ્રેણી–૨, પુ.નં.૨૧, કો.૧૨૪–૩૦ |
| ૪૧૫. | સામાન્ય વિવેક બુદ્ધિ નથી. | વિધેયકની કલમોનો જ્યાં સુધી વિચાર કરવામાં આવે નહીં ત્યાં સુધી હું નથી માનતો કે જેનામાં ''સામાન્ય વિવેક બુદ્ધિ હોય'' એ માણસ આ બિલ સ્વીકારી શકે નહીં. સભ્યશ્રીઓ માટે આમ કહેવું વાજબી નથી. | તા.૨૫–૭–૯૦ શ્રેણી–૨, પુ.૫૯, પા.નં.૧૮૧–૮૨ |
| ૪૧૬. | સિંદુર પૂર્યા ન હોય એને કોઇ બહેનના દુઃખનો ખ્યાલ ન આવે. | કોઇ અપરણિત સ્ત્રી સભ્યશ્રીને સંબોધીને એમ કહેવું કે જેણે ''સિંદુર પૂર્યા ન હોય એને કોઇ બહેનના દુઃખનો ખ્યાલ ન આવે'' એ અસંસદીય છે. | તા.૨૩–૩–૮૧ શ્રેણી–૧, પુ.૭૩, ભા.૨, કો.૬૭૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૪૧૭. | સૂફિયાણીઓ શેખીખોર કઢીદાનજીઓ ની વરણી | એકેડેમીના સુકાની પદે સંવેદનશીલ અને સંનિષ્ઠ સાહિત્ય સેવકોને બદલે ''સૂફિયાણી અને શેખીખોર કઢીદાનજીઓની વરણી'' તેમજ કાર્યક્રમના આયોજનમાં હીનતા એમ કહેવું બરાબર નથી. | તા.૨૧-૩-૮૬ શ્રેણી-૨, પુ.૧૬, કો.૩૪ |
| ૪૧૮. | સોદા અને દલાલી | મંત્રીશ્રી વિરોધપક્ષના નેતાશ્રીને સંબોધીને ઉચ્ચારણો કરે કે ''હું જે સરકારને ટેકો આપતો હતો, તે માટે સોદા કરતો હતો અને દલાલી કરતો હતો એ જ સરકાર'' એમ કહેવું મંત્રીશ્રી માટે અસંસદીય છે. | ૭-૩-૨૦૦૦ શ્રેણી-૩, પુ.૫૯, પા.નં.૩૮૧-૮૨ |
| ૪૧૯. | સ્ટંટ | (૧) સભ્યોએ છાપાઓમાં ફોટા છપાય છે એટલા માટે ''સ્ટંટ'' કર્યા છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧૭-૨-૭૬ શ્રેણી-૧, પુ.૫૦, ભા.૨, કો.૬૦૨ |
| | - '' - | (૨) સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં મંત્રીશ્રીને ઉદ્દેશીને ''આ મંત્રીની મોરચાના પ્રધાન મંડળમાં નિમણૂંક થઇ ત્યારે સમગ્ર ગુજરાત રાજયમાં એમણે જે કામગીરી કરી અને જે સ્ટંટ કર્યો..'' 'સ્ટંટ' શબ્દ વાપરી શકાય નહીં, ઇચ્છનીય નથી. | તા.૧૧-૩-૭૬ શ્રેણી-૧, પુ.૫૧, ભા.૨, કો.૧૪૯૧ |
| ૪૨૦. | સ્માર્ટનેસ | માનનીય સભ્યશ્રીનો મુદ્દો એ ''સ્માર્ટનેસનો'' છે એમ કહી માનનીય સભ્યશ્રી પોતે વધારે સ્માર્ટ છે અને બીજા નથી એ વલણ દેખાડે છે એમ આક્ષેપ કરવો એ અસંસદીય છે. | તા.૨૫-૭-૭૭ શ્રેણે-૧, પુ.૫૪, ભા.૧, કો.૭૧૫ |
| ૪૨૧. | સ્વમાન નથી | સભ્યશ્રીને ''સ્વમાન નથી'' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૨૭-૨-૮૬ શ્રેણી-૨, પુ.૧૨, કો.૮૨૧-૨૨ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૪૨૨. | સ્ત્રીહઠ | ચર્ચા દરમ્યાન, વહીવટી તંત્રનો ઉલ્લેખ કરી, સરકાર અને મંત્રીશ્રીને ઉદ્દેશીને, સભ્યશ્રીએ પોતાના પ્રવચન દરમ્યાન, ''રાજહઠ હોય એટલે આપણે પડતું મૂકવું પડે, અહીંયા તો રાજહઠ કરતાં, 'સ્ત્રીહઠ' પણ આવે અને આ બે ભેગા થાય'' તેમ કહેવું તે તથા 'સ્ત્રીહઠ' શબ્દ અસંસદીય છે. | તા.૨૩-૩-૨૦૧૦ (પહેલી બેઠક) શ્રેણી-૩, પુ.૧૫૨, પા.નં.૧૪૦-૧૪૧ |
| ૪૨૩. | ષડયંત્ર | (૧) મંત્રીશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધપક્ષને ઉદ્દેશીને ''કોંગ્રેસે જે ષડયંત્ર કર્યું છે, દલિત આદિવાસી અને બક્ષીપંચના લોકોને અભણ રાખવાના ષડયંત્ર ભાગરૂપ'' એમ કહેવું અસંસદીય છે. બીજા પક્ષે 'ષડયંત્ર' કર્યું છે એમ કહી શકાય નહીં. 'ષડયંત્ર' શબ્દ અસંસદીય છે. | તા.૨૩-૨-૨૦૦૫, શ્રેણી-૩, પુ.૧૧૦, પાના નં.૧૨૪ |
| | | (૨) નાણાવટી અને મહેતા તપાસ પંચના અહેવાલ ભાગ-૧ પરની ચર્ચા દરમ્યાન મંત્રીશ્રીએ, ''આ આખું ષડયંત્ર ગોધરાના આરોપીઓને બચાવવા માટેનું છે, અને ગોધરાના આરોપીઓને બચાવીને મતો ઉઘરાવવાની પ્રક્રિયા બંધ કરો'' તેમ કહેવું તે તેમજ 'ષડયંત્ર' શબ્દ અસંસદીય છે. | તા.૨૯-૯-૦૮, શ્રેણી-૩, પુ.૧૩૮, પા.નં.૬૮૮ |
| ૪૨૪. | હજામત | સભ્યશ્રી તેમના પ્રવચનમાં આટલી બધી ''હજામત'' કર્યા પછી પરિસ્થિતિ એવી ઉભી થાય કે, તપાસનો અર્થ ન રહે એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૨-૯-૮૬ શ્રેણી-૨, પુ.૨૦, કો.૨૪૧ |

| ૧ | ૨ | ૩ | ૪ |
| --- | --- | --- | --- |
| ૪૨૫. | હજામત કરાવવી | સરકારી ખાતામાં કોઇ બાબતનો દસ–પંદર વર્ષ સુધી નિકાલ ન થતો હોય ત્યારે દસ વર્ષ સરકારે શું કર્યું? ''હજામત કરાવી?'' 'વતું કરાવ્યું?' એમ કહેવું એ અસંસદીય છે. | તા.૧૮–૬–૭૦ શ્રેણી–૧, પુ.૨૭, ભા.૧, કો.૧૨૭૬–૭૭ |
| ૪૨૬. | હડકાયાં | કોઇ પણ પક્ષના સભ્યોને સત્તાના ''હડકાયા'' કહેવા અસંસદીય છે. | તા.૨–૩–૭૬ શ્રેણી–૧, પુ.૫૧, ભા.૨, કો.૫૯૯ |
| ૪૨૭. | હરખપદુડા | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં સત્તાધારી પક્ષના સભ્યશ્રીને ઉદ્દેશીને ''હરખપદુડા ના થશો'' તેમ કહેવું એ અસંસદીય છે. | તા.૨૦–૩–૦૨ (બીજી બેઠક) શ્રેણી–૩, પુ.૮૭, ભા.૧, પા.૨૯૩ |
| ૪૨૮. | હલકટ મનોવૃત્તિ | સરકારે ખાતાનો કારભાર ''હલકટ મનોવૃત્તિ''થી ચલાવ્યો છે એવો શબ્દપ્રયોગ કરવો એ અસંસદીય છે. | તા.૧૮–૮–૬૭ શ્રેણી–૧, પુ.૧૯, ભા.૨, કો.૨૭૨૩–૨૪ |
| ૪૨૯. | હલાલ થઇ ગયા | સભાગૃહમાં ચર્ચા દરમ્યાન સભ્યશ્રીએ પોતાના વક્તવ્યમાં ''રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર બદલાઇ તેમાં ૪૫ જેટલા મુદ્દા પડતા મૂકયા છે, આ ૪૫ મુદ્દા એ હલ થઇ ગયા છે કે 'હલાલ થઇ ગયા' છે'' તેમ કહેવું અસંસદીય છે. | તા.૨૭–૨–૧૫ શ્રેણી–૪, પુ.૨૧, પાના નં.૨૭ |
| ૪૩૦. | હવાતિયાં મારે છે. | સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં મુખ્યમંત્રીશ્રીને ઉદ્દેશીને ''હવાતિયાં'' મારે છે તેમ કહેવું એ અસંસદીય છે. | તા.૧૯–૩–૦૨ (પહેલી બેઠક) શ્રેણી–૩, પુ.૮૬, પા.નં.૫૦૪–૦૫ |
| ૪૩૧. | હળાહળ જૂઠ્ઠો | મંત્રીશ્રીનો જવાબ ''હળાહળ જૂઠ્ઠો'' છે એમ કહેવું અસંસદીય છે. | તા.૧૦–૩–૮૧ શ્રેણી–૧, પુ.૭૧, ભા.૧, કો.૮૭૪ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૪૩૨. | હાઉસ કી બાત સિર્ફ પેપરોમેં હી આતી હૈ. | સભ્યશ્રી તેમના વક્તવ્યમાં બીજા સભ્યના વ્યક્તવ્ય બાબતમાં બડી દર્દભરી બાત કરતે હૈ લેકિન નગર કે બહાર આતે હૈ તો પતા ચલતા હૈ કી ''હાઉસ કી બાત સિર્ફ પેપરોમેં હી આતી હૈ'' એમ કહેવું ઇચ્છનીય નથી. | તા.૧૨-૩-૮૭ શ્રેણી-૨, પુ.૨૬, કો.૮૧૯-૨૦ |
| ૪૩૩. | હાથી ચાલ્યો જતો હોય અને ચારે બાજુથી કૂતરાં ભસતાં હોય છે. | વિરોધપક્ષના સભ્યો સરકારશ્રીનો વિરોધ કરે તો ''હાથી ચાલ્યો જતો હોય અને ચારે બાજુથી કૂતરાં ભસતા હોય'' એમ કહી વિરોધપક્ષના સભ્યોને ભસતાં કૂતરાં સાથે સરખાવવા અસંસદીય છે. | તા.૨૦-૭-૮૨ શ્રેણી-૧, પુ.૭૯, ભા.૨, કો.૧૦૫૬ |
| ૪૩૪. | હી ઇઝ ટોકીંગ નોનસેન્સ (તે નોનસેન્સ વાત કરે છે) | સભાગૃહની ચર્ચામાં સભ્યશ્રી કોઇ પણ વાત કે વિધાનને અનુસરીને અન્ય સભ્યશ્રીને ''હી ઇઝ ટોકીંગ નોનસેન્સ'' એમ કહેવું અસંસદીય છે. | તા.૧૩-૨-૯૨ શ્રેણી-૨, પુ.૭૦, પા.નં.૮૩૯-૪૫ |
| ૪૩૫. | હીરો | સભ્યશ્રીને ઉદ્દેશીને ''હીરો'' બનવાની કોશિશ કરી છે એમ કહેવું અસંસદીય છે. | તા.૨૧-૧-૮૬ શ્રેણી-૨, પુ.૯, કો.૭૭૩-૭૪ |
| ૪૩૬. | હિંસક પ્રવૃત્તિ | દેશમાં ''હિંસક પ્રવૃત્તિ'' થવાની છે એમ કહેવું અસંસદીય છે. | તા.૨૩-૯-૮૦ શ્રેણી-૧, પુ.૬૯, ભા.૧, કો.૮૩૫-૩૬ |
| ૪૩૭. | હેરકટિંગ સલૂનનું ઉદ્દઘાટન | ''હેરકટિંગ સલૂન''નું ઉદ્દઘાટન પ્રધાન સિવાય થઇ શકતું નથી, એમ કહેવું ઉચિત નથી. | તા.૧૭-૨-૮૨ શ્રેણી-૧, પુ.૭૬, ભા.૨, કો.૮૨૪ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૪૩૮. | હિટલર, કીલર અને ગોબેલ્સ | વિરોધપક્ષના નેતાશ્રીએ તેમના પ્રવચનમાં મુખ્યમંત્રીશ્રીને ઉદ્દેશીને, ''તમે હિટલર છો, તમારામાં ગોબેલ્સ સમાયેલ છે, તમે કીલર છો.''એમ કહેવું અસંસદીય છે. | તા.૨૮-૫-૦૪ શ્રેણી-૩, પુ.૧૦૫, પા.નં.૧૮૮ |
| ૪૩૯. | હિટલર | મંત્રીશ્રીએ તેમના પ્રવચનમાં વિરોધપક્ષના નેતાશ્રીને ઉદ્દેશીને ''હિટલર ધ ગ્રેટ, હિટલર ધ બોસ કે મેડમ હિટલર, શું આપવું?'' એમ કહેવું અસંસદીય છે. | તા.૨૮-૫-૦૪ શ્રેણી-૩, પુ.૧૦૫, પા.નં.૧૮૮ |

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

ડીઝાઈન તથા મુદ્રણ : સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Hb-332-400-08-2018